પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૪-૨-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક: ૨૮૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

પોતાનો માઈનસ પોઈન્ટ જાણી લેવું જીવનનો સૌથી મોટો પલ્સ પોઈન્ટ છે...

**“ગ્રેઈન એટીએમ”: માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધી અનાજ મળશે**

(વાંચો છેલ્લા પાને)

### રાજકોષીય ખાધ અને વિકાસનું રિઝર્વ બેન્ક ઉપર જબરદસ્ત દબાણ ઉભું થશે ?

# બજારમાંથી રૂ.30 લાખ કરોડ ‘ઉઠાવવા’નો કેન્દ્ર અને રાજ્યોનો મનસુબો રૂપિયાને પાડીને પાદર કરી દેશે

### દેવાના પહાડને કારણે બજારમાં નાણાંની તંગી સર્જાઈ શકે છે અને વ્યાજદરો ઉપર જઈ શકે છેઃ આરબીઆઇ તમામ મોરચે લડી શકે તેમ ન હોવાથી ના છૂટકે રૂપિયાને ગગડવા દેવો પડશે

### રૂપિયો ‘બલિનો બકરો’ બનશે

આર્થિક નિષ્ણાતોના મતે, વ્યાજદરો નીચા રાખવા અને વિકાસદર જાળવી રાખવા માટે આરબીઆઇ એ વિનિમય દરની સ્થિરતા સાથે સમાધાન કરવું પડશે. જ્યાં સુધી વિદેશી રોકાણકારોનો પ્રવાહ ફરીથી ભારતમાં ન આવે ત્યાં સુધી આરબીઆઈએ રૂપિયાને ધીરે-ધીરે નબળો પડવા દેશે તેવી પ્રબળ શક્યતા છે. આ ’ટ્રાઈલેમા’ માં રૂપિયો જ સૌથી સરળ અને ઓછો નુકસાનકારક વિકલ્પ હોવાથી, તેને ‘‘બલિનો બકરો‘‘ બનાવવામાં આવશે તેમ માનવામાં આવે છે.

#### દેવાનો ડુંગરઃ 30 લાખ કરોડ

વર્ષ ૨૦૨૬-૨૭ માં કેન્દ્ર અને રાજ્ય સરકારોનું કુલ દેવું 30 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાનો અંદાજ છે. જેમાં કેન્દ્ર સરકાર ૧૭.૨ લાખ કરોડ રૂપિયાનું નવું દેવું કરશે. આશ્ચર્યની વાત એ છે કે, કુલ દેવામાંથી ૫.૫ લાખ કરોડ રૂપિયા તો માત્ર જૂના દેવાની ચૂકવણી માટે વપરાશે.

#### વિદેશી ભંડોળનો આઉટફ્લો

નીચા વ્યાજદરો અને નબળા અર્નિંગ્સને કારણે વિદેશી રોકાણકારો ભારત છોડી રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી જાન્યુઆરી સુધીમાં શેર અને ડેટ માર્કેટમાંથી ૬૪,૭૫૯ કરોડ રૂપિયા પરત ખેંચાયા છે. જેના કારણે RBI નું વિદેશી મુદ્રા ભંડોળ જૂન ૨૦૨૫ ના ૫૯૫ અબજ ડોલરથી ઘટીને ૫૬૩ અબજ ડોલર થઈ ગયું છે.

#### આરબીઆઈનું ‘ત્રિશંકુ’

અર્થશાસ્ત્રના નિયમ મુજબ કોઈ પણ દેશ એક સાથે ૧) સ્વતંત્ર વ્યાજદર, ૨) મુક્ત મૂડી પ્રવાહ અને ૩) સ્થિર વિનિમય દર જાળવી શકતો નથી. ભારત હાલમાં વિકાસ માટે વ્યાજદરો નીચા રાખવા માંગે છે અને વિદેશી મૂડી પણ ઈચ્છે છે, તેથી તેણે સ્થિર રૂપિયાની જીદ છોડવી પડશે અને રૂપિયાને નબળો પડવા દેવો પડશે.

#### ટેક્સની ધીમી રફતાર

સરકારની આવક ધારણા મુજબ વધી રહી નથી. ૨૦૨૫-૨૬ માટે ટેક્સની આવકમાં ૧૦.૮% નો વધારો અપેક્ષિત હતો, પરંતુ તે માત્ર ૭.૪% રહેવાનો અંદાજ છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ ટેક્સ ગ્રોથનો અંદાજ ૮% જેવો સામાન્ય રાખવામાં આવ્યો છે, જે સરકારને દેવું વધારવા મજબૂર કરે છે.

#### વિદેશી મૂડી પર નિર્ભરતાનું જોખમ

ભારતનું વિદેશી મુદ્રા ભંડોળ વેપારના નફામાંથી નહીં, પરંતુ વિદેશી દેવા અને રોકાણ થી બનેલું છે. ભારત આયાત વધુ કરે છે. તેથી જ્યારે એફઆઈઆઈ નાણાં પાછા ખેંચે છે ત્યારે રૂપિયા પર સીધું જોખમ ઊભું થાય છે. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૫ દરમિયાન આરબીઆઇ એ રૂપિયાને બચાવવા ૪૩.૩ અબજ ડોલર વેચવા પડ્યા હતા.

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. એક તરફ સરકારના જંગી દેવાનો બોજ અને બીજી તરફ વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલું વેચાણ, આ બેવડા ફટકા વચ્ચે રૂપિયો ‘‘બલિનો બકરો‘‘ બને તેવી શકયતા છે. આર્થિક નિષ્ણાતોના મતે, આરબીઆઈ હાલમાં ’ટ્રાઈલેમા’એટલે કે આર્થિક ધર્મસંકટનો સામનો કરી રહી છે, જેના કારણે આગામી સમયમાં રૂપિયો વધુ ગગડી શકે છે. (અનુ. આઠમા પાને)

# ફક્ત ૧૨ મહિનાની અંદર જ એઆઈ દેશ-દુનિયાની શકલ બદલાવી નાખશે

### ભારતીય આઈટી સેક્ટર માટે ‘રેડ એલર્ટઃ ક્રિએટીવિટી વગરના ક્ષેત્રોમાં એઆઈ લાખો નોકરીઓ ખાઈ જશે

### માઈક્રોસોફ્ટ એઆઈની ચેતવણી “૧૨ થી ૧૮ મહિનામાં મોટો બદલાવ”

માઈક્રોસોફ્ટ એઆઈના સીઈઓ મુસ્તફા સુલેમાને ‘ધ ફાઈનાન્શિયલ ટાઈમ્સ’ ને આપેલા ઈન્ટરવ્યુમાં ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે ઓફિસમાં કમ્પ્યુટર પર થતાં કામો જેવા કે વકીલો, એકાઉન્ટન્ટ્સ અને પ્રોજેક્ટ મેનેજરોની કામગીરી આગામી ૧૨ થી ૧૮ મહિનામાં ઓટોમેટ થઈ શકે છે. હાલના એઆઈ મોડલ્સ માનવ પ્રોગ્રામરો કરતાં વધુ સારું કોડિંગ કરી રહ્યા છે. સુલેમાને ભવિષ્યવાણી કરી છે કે જેમ આજે બ્લોગ લખવો કે પોડકાસ્ટ બનાવવું સરળ છે, તેમ ભવિષ્યમાં એઆઈ મોડલ બનાવવું સામાન્ય બની જશે. સંસ્થાઓ પોતાની જરૂરિયાત મુજબ એઆઈ જાતે જ ડિઝાઈન કરી શકશે. આગામી ૨-૩ વર્ષમાં જટિલ વર્કફ્લો મેનેજ કરવા માટે માણસોની ટીમને બદલે ‘એઆઈ એજન્ટ્સ’ કામ કરશે.



### કોર્પોરેટ જગતમાં છટણીનો દોર આવશે

ક્લાઉડ સર્વિસ કંપનીએ ૩આઈ પર ફોકસ કરવા માટે હાલમાં જ ૧,૦૦૦ કર્મચારીઓની છટણી કરી છે. ભારતનું અર્થતંત્ર આઈટી સર્વિસિસ અને આઉટસોર્સિંગ પર મોટો આધાર રાખે છે. જો એઆઈ સ્વતંત્ર રીતે કોડિંગ અને મેનેજમેન્ટ કરી શકશે, તો ભારતના પરંપરાગત આઉટસોર્સિંગ મોડલ પર મોટો ફટકો પડી શકે છે. રોકાણકારોને ડર છે કે ઓટોમેશન લેબર માર્કેટ કરતાં વધુ ઝડપથી વધી રહ્યું છે.

### સોફ્ટવેર એન્જિનિયરિંગ ખતમ થઈ જશે?

વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈએ વધુ ગંભીર ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે સોફ્ટવેર એન્જિનિયરિંગ એક વ્યવસાય તરીકે આગામી ૧૨ મહિનામાં અપ્રસ્તુત બની શકે છે. બે વર્ષ પહેલા એઆઈ એક લાઈનનો કોડ લખવા સંઘર્ષ કરતું હતું, આજે તે આખા પ્રોગ્રામ લખી રહ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, તેમનું એઆઈ મોડલ ‘ક્લોડ’ હવે પોતાના અપડેટ્સ જાતે જ લખી રહ્યું છે. આ દર્શાવે છે કે સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે હવે માણસોની જરૂરિયાત ઘટી રહી છે.

**અબતક, નવી દિલ્હી**

ભારતીય આઈટી ક્ષેત્ર હાલમાં તેના સૌથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ટેકનોલોજી શેરોમાં થયેલા મોટા ઘટાડા પાછળનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધતો ડર છે. રોકાણકારો અને નિષ્ણાતોને ભય છે કે એઆઈ કોર ટેકનોલોજી રોલ્સને બિનજરૂરી બનાવી શકે છે. આ ચિંતાના કેન્દ્રમાં વૈશ્વિક એઆઈ લીડર્સ દ્વારા આપવામાં આવેલી ચેતવણી છે, જે મુજબ આગામી ૧૨ મહિનામાં વ્હાઈટ-કોલર (ઓફિસ વર્ક) નોકરીઓ પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે.

આગામી ૧૨ થી ૧૮ મહિના ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે નિર્ણાયક સાબિત થશે. એક તરફ એઆઈ દ્વારા વ્હાઈટ-કોલર જોબ્સના સફાયાનો ડર છે, તો બીજી તરફ કામકાજના સ્વરૂપમાં પરિવર્તનની શક્યતા છે. ૨૦૨૬ નું વર્ષ નક્કી કરશે કે એઆઈ માણસોનું સ્થાન લેશે કે પછી માણસોને વધુ શકિતશાળી બનાવશે. (અનુ. આઠમા પાને)

# અમેરિકા-યુરોપ સાથેની ટ્રેડ ડીલ ૬૦ ટ્રિલિયન ડોલરથી વિકાસ આસમાને આંબી જશેઃ પિયુષ ગોયલ

### ૨૦૪૭ સુધીમાં ભારતના 30 ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં એઆઈનો મહત્વનો ફાળો તેમજ વિશ્વને એઆઈ અપનાવવામાં ભારતીય કંપનીઓ અને નિષ્ણાંતો પથપ્રદર્શક બનશે

**અબતક, રાજકોટ**

ભારતના આર્થિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા અને વૈશ્વિક બજારમાં ભારતીય ઉત્પાદનોની મજબૂત પકડ બનાવવા માટે કેન્દ્ર સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. ગ્લોબલ બિઝનેસ સમિટમાં સંબોધન કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, અમેરિકા અને યુરોપિયન યુનિયન (ઊઅ) સાથેના વ્યાપારિક સંબંધો અને નવા કરારોને કારણે ભારતીય નિકાસકારો માટે અંદાજે ૫૫ થી ૬૦ ટ્રિલિયન ડોલરનું વિશાળ બજાર ઉપલબ્ધ થયું છે. આ આંકડો ભારતની ભવિષ્યની આર્થિક મહાસત્તા બનવાની ક્ષમતા અને વૈશ્વિક સ્તરે વધતા પ્રભુત્વને દર્શાવે છે. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આંતરરાષ્ટ્રીય કરારો કરતી વખતે ભારતે પોતાના હિતો સાથે કોઈ બાંધછોડ કરી નથી. અમેરિકા સાથેના વ્યાપાર સોદામાં ૯૫% થી વધુ કૃષિ પેદાશોને સુરક્ષિત રાખવામાં આવી છે. ચોખા, ઘઉં, મકાઈ, સોયાબીન, બાજરી, મસાલા અને બટાકા જેવી જીવનજરૂરી ચીજોને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી બહાર રખાઈ છે, જેથી ભારતીય ખેડૂતોના હિતોને કોઈ નુકસાન ન પહોંચે.

ટેકનોલોજીના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) થી નોકરીઓ જશે તેવા ડરને નકારતા મંત્રીએ કહ્યું કે એઆઈ માનવીનું સ્થાન નહીં લે, પરંતુ કામ કરવાની પદ્ધતિમાં હકારાત્મક બદલાવ લાવશે. ડેટા ક્લિનિંગ, સાયબર સિક્યુરિટી અને ડેટા એનાલિસિસ જેવા ક્ષેત્રોમાં નવી રોજગારીની તકો ઊભી થશે. જોકે, તેમણે સાવચેત કર્યા હતા કે એઆઈ દ્વારા મળતા પરિણામોની માનવીય સ્તરે ચકાસણી કરવી હંમેશા અનિવાર્ય રહેશે. ભારતે છેલ્લા કેટલાક સમયમાં બ્રિટન, ઓમાન, ન્યુઝીલેન્ડ અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન સાથે મહત્વના કરારો કર્યા છે. આ કરારની વિશેષતા એ છે કે સ્વિટ્ઝર્લેન્ડ અને નોર્વે જેવા દેશોએ ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરના રોકાણની લેખિત ખાતરી આપી છે. જો આ રોકાણ નિર્ધારિત સમયમાં નહીં થાય, તો ભારત આપેલી છૂટછાટો પાછી ખેંચી શકશે - જે વિશ્વમાં આ પ્રકારનો પ્રથમ કરાર છે.


(અનુ. આઠમા પાને)

### બ્રિક્સનું ગઠબંધન વધુ મજબૂત બનશે

## આગામી સપ્તાહે બ્રાઝિલ સાથેની ટ્રેડ ડીલ ખનીજ, ફાર્મા અને વેપાર માટેના દ્વાર ઉઘાડશે

વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં ભારતની ભૂમિકા સતત વધી રહી છે, ત્યારે બ્રિક્સ (BRICS) - એટલે કે બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા - સાથેનું ગઠબંધન હવે નવા આયામો સર કરી રહ્યું છે. ભારત આ તમામ પ્રભાવશાળી દેશો સાથે સંતુલિત અને મજબૂત રાજદ્વારી સંબંધો ધરાવે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ’ગ્લોબલ સાઉથ’ની તાકાત વધારી રહ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં, આગામી સપ્તાહે બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દ સિલ્વાની ભારત મુલાકાત બ્રિક્સના બે મોટા સ્તંભો વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક જોડાણને વધુ પ્રગાઢ બનાવશે.

રાષ્ટ્રપતિ લુલાની ૧૮ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાનની આ મુલાકાત દરમિયાન ભારત માટે અનેક આર્થિક તકોના દરવાજા ખુલશે બ્રાઝિલમાં રહેલા લિથિયમ જેવા દુર્લભ ખનિજોના ભંડાર ભારતની ટેકનોલોજી અને ઉર્જા ક્ષેત્રની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે. આ અંગે મહત્વના એમઓયુ (MoU) થવાની પૂરેપૂરી શક્યતા છે.



બ્રાઝિલની વિશાળ આરોગ્ય વ્યવસ્થા માટે ભારતની સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ આશીર્વાદરૂપ સાબિત થશે, જેનાથી ભારતીય નિકાસકારોને મોટું બજાર મળશે. સંરક્ષણ અને ઉડ્ડયન ક્ષેત્રે ’મેક ઈન ઈન્ડિયા’ના વિઝન હેઠળ અદાણી ડિફેન્સ અને બ્રાઝિલની એમ્બ્રેર કંપની વચ્ચે વિમાનોના ઉત્પાદન માટેની મહત્વની ભાગીદારીને આખરી ઓપ આપવામાં આવશે.

બંને દેશો વચ્ચે વેપાર અને પર્યટનને વેગ આપવા માટે બ્રાઝિલે ભારતીયો માટે ૧૦ વર્ષના મલ્ટીપલ એન્ટ્રી વિઝાની જાહેરાત કરી છે. આ પગલાથી ભારતીય વ્યાવસાયિકો અને પ્રવાસીઓ માટે બ્રાઝિલના પ્રવાસની પ્રક્રિયા અત્યંત સરળ બનશે, જે દ્વિપક્ષીય સંબંધોમાં નવા પ્રાણ ફૂંકશે.



# અદભૂત ઘટનાઃ બ્લેક પેન્થર અને દીપડો સાથે પાણી પીતા પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થયા

કહેવાય છે કે પ્રકૃતિ ક્યારેય સ્થિર નથી હોતી, તે સતત પોતાનું સ્વરૂપ બદલતી રહે છે. વન્યજીવ જગતમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે શિકારી પ્રાણીઓ એકલા રહેવાનું પસંદ કરે છે, પરંતુ હાલમાં જે દ્રશ્યો સામે આવી રહ્યા છે તે નિષ્ણાતોને પણ વિચારતા કરી દે તેવા છે. કર્ણાટકના ભદ્રા ટાઈગર રિઝર્વમાંથી એક એવો જ રોમાંચક નજારો સામે આવ્યો છે, જ્યાં એક બ્લેક પેન્થર અને દીપડો સાથે બેસીને પાણી પીતા જોવા મળ્યા છે.

વન્યજીવ પ્રેમીઓને સાસણ ગીરની એ પ્રખ્યાત ’જય અને વીરુ’ સિંહની જોડી યાદ હશે, જેમની અતૂટ મિત્રતાએ આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે સિંહના ટોળા નથી હોતા એવું કહેવાય છે, પરંતુ પ્રકૃતિ જે રીતે બદલાઈ રહી છે તેમ હવે સિંહ પણ ટોળામાં અને આવી અતૂટ જોડીઓમાં જોવા મળી રહ્યા છે.સાસણના એ ’જય-વીરુ’ના કિસ્સા બાદ હવે કર્ણાટકમાં આ બ્લેક પેન્થર અને દીપડો - જે ક્યારેય સાથે ન હોય - તેમને એક જ ઘાટે પાણી પીતા જોઈને પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થઈ ગયા છે.

જાણકારોના મતે આ બ્લેક પેન્થર અને તેની માતા છે. જંગલના અટપટા નિયમો વચ્ચે આ દ્રશ્ય ‘‘શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ‘‘નું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.પ્રકૃતિના ખોળે સર્જાયેલો આ અદભૂત નજારો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને લોકો ’સદીની સૌથી દુર્લભ ઘટના’ ગણાવી રહ્યા છે.

### “હરામીઓ” ક્યારે સુધરશે?

# કાશ્મીરમાં ડ્રોન દ્વારા ડ્રગ્સ સપ્લાય કરતા ૨ પાકિસ્તાની ઝડપાયા

### પોલીસે પઠાણકોટના જતિનને પકડ્યો, ત્યારબાદ તેની પૂછપરછમાં કઠુઆના દાનિશ ડોગરાનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પોલીસે પાકિસ્તાન સાથે જોડાયેલા એક ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાનથી ડ્રોન દ્વારા મોકલવામાં આવેલ ૧૫૦ ગ્રામ હેરોઈન સાથે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી (અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ A/C. લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

કોમર્શિયલ લાયક જગ્યા વેચવાની છે
ધારી-તુલસીશ્યામ ડબલ પટ્ટી હાઈવે ઉપર (દુધાળા ધામ)
આશરે એક વીઘો, ૪૦૦ ફુટનો રોડ ફ્રન્ટ,
થ્રી ફેસ કોમર્શિયલ લાઈટ કનેક્શન, પાણીનો બોર,
3300 ફુટનો શેડ, ત્રણ રૂમનું પાકુ મકાન,
માણસોને રહેવા માટેની ઓરડીઓ, ટાઈટલ ક્લિયર.
વેચાણ કિંમત ૬૦ લાખ.
સંપર્ક : મો. ૯૯૨૪૩ ૩૨૦૪૨

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ હળવું કષ્ટદાયક અથવા પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. વાણી-બોલીથી નિકટના સંબંધો બગડી જવાની સંભાવના. નાના તથા કુટિર ઔધોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ અનેક નવી તકો વાળુ તથા લાભદાયક નીવડશે. આ સિવાય, અન્ય ઔધોગિક એકમના જાતક વ્યાપાર-વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર ના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ગૃહિણી તથા મહિલા કર્મી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સારું રહેશે. કેવળ ૨૦ ફેબ્રુઆરી અર્ધ-પ્રતિકુળ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

આ સપ્તાહે, જેટલી આવક થશે તેટલી જ જાવક રહેવાના સંયોગ, આથી, યથા મતિ ખર્ચા કરવા. સર્વિસ બિઝનેસ એવમ કન્સલ્ટિંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ ભારે દોડધામ વાળું એવમ લાભકારી પણ નીવડશે. પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔધોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના અન્ય, ઔધોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ તથા લાભકારી રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૧૫ તથા ૧૭ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

### મિથુન — ક,છ,ઘ

કુટુંબ પરિવારમાં હળવાં મનદુઃખ જણાશે આ સપ્તાહે ધંધા વ્યવસાયમાં અણધાર્યા પણ મોટા લાભ થવાના સંયોગો. રિયાલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. પ્લાસ્ટિક, સ્પોંજ તથા અન્ય ફોર્મ તથા કૃત્રિમ લેધર જેવા મટીરીયલ્સના ઉત્પાદક જાતક તથા વિક્રેતા જાતક માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. જ્યારે, વ્યાપાર-વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું મધ્યમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સરેરાશ નીવડશે. ધાર્મિક ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૧૭ તથા ૧૯ ફેબ્રુઆરી મધ્યમ નીવડશે.

### કર્ક — ડ,હ

અધૂરા કે લટકતા ધંધા વ્યવસાયના કાર્ય પૂર્ણ થઈ જવાના સંયોગ. ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔધોગિક એકમના જાતક તેમજ તેના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડે તેવી પૂર્ણ સંભાવના. સાથે ભાગદોડ કે લાંબા પ્રવાસ થવાના પણ સંયોગ. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમ તથા વાણિજયના એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. ધંધા ઉદ્યોગમાં નવી તક મળવાના સંયોગો. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક તથા બઢતી વાળું નીવડશે. મિત્ર સાથે તણાવ વાળું વાતાવરણ રહેવા સંભવ. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. ૧૮ ફેબ્રુઆરી સરેરાશ રહેશે.

### સિંહ — મ,ટ

આ સપ્તાહે નિરાંત, રાહત તથા શાંતિની અનુભૂતિ સંયોગ એવમ સંભાવના. પોલી ક્લોથ્સ એવમ રેડીમેઈડ ગારમેન્ટ, ફેશન એસેસરીઝ સંબંધિત તમામ ઔધોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. નાના નાના ઔધોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે, સાથોસાથ આ સપ્તાહ દરમિયાન પરિશ્રમ વધી જવાના સંયોગ. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડવાની સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૦ ફેબ્રુઆરી સાધારણ જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહે કોઈ પણ નવા કામકાજ શરૂ ન કરવા, સાથોસાથ અગત્યના નિર્ણયને મુલતવી રાખવા. મરીન રીલેટેડ ઔધોગિક એકમના જાતક એવમ ધંધાના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. કોઈ પણ કદના ઔધોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સંઘર્ષ વાળું નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક તથા નાના તથા ફેરી વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે આથી, કાર્યક્ષેત્ર, નોકરીમાં વિશેષ તકેદારી રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૯ ફેબ્રુઆરી સાવ સામાન્ય નીવડશે.

### તુલા — ર,ત

ઉચ્ચસ્થ બુધ એવમ શનિ પ્રધાન જાતક એવમ સંત, મહંત, કથાકારોએ સપ્તાહે વિશેષ કાળજી રાખવી, અન્યથા, નાની બાબતમાં વાયરલ થવા ના સંયોગ અને સંભાવના. તમામ પ્રકારના એંજીનીયરીંગ એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તમામ કદના ઔધોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતક માટે દોડધામ વાળુ તથા સાનુકુળ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું નીવડશે. કુટુંબીજન કે સગા દ્વારા સાથ સહકાર અકબંધ ને પૂર્વવત જ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. ૧૭ ફેબ્રુઆરી મધ્યમ જણાશે.

### વૃશ્ચિક — ન,ય

ધંધા વ્યવસાય હેતુ લાંબો પ્રવાસ થઈ શકે તેવી પૂરી શક્યતા. વૈધ શેરબજારના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. મશીનરીઝ ઔધોગિક એકમના જાતક સમેત મોટા ઉદ્યોગ-વ્યાપાર- વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ અથવા મધ્યમ નીવડશે. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. ખાનગી સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહે, કુટુંબીજન સાથે થયેલ વિખવાદનો સુખદ અંત આવશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત એવમ વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૦ ફેબ્રુઆરી અર્ધ-સામાન્ય નીવડશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. અગ્નિ તત્વ સંબંધિત ઉદ્યોગ ધંધા કે વ્યવસાયથી કોઈ ને કોઈ લાભ મળવાની પૂર્ણ સંભાવના. કુટિર એવમ નાના ઔધોગિક એકમના જાતક થી લઈને મોટા ઔધોગિક એકમના જાતક સુધીના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા લાભદાયક નીવડશે. રંગ તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું નીવડશે. આ સિવાયના, તમામ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. મેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. ૨૦ તથા ૨૧ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

### મકર — ખ,જ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ તેમજ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. સૌંદર્ય પ્રસાધન એવમ ફેશન, પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ તેમજ તેને સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અણધાર્યા લાભ વાળું જણાશે, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. પરિવાર સાથે સુમેળ અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૭ ફેબ્રુઆરી સાધારણ નીવડશે.

### કુંભ — ગ,શ,ષ

દૂષિત તથા નીચસ્થ મંગળ વાળા જાતકે આ સપ્તાહ દરમિયાન વિશેષ કાળજી લેવી વિશેષ વાહન હંકારવા બાબતે. સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થા તથા ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થા, શાળા, વિદ્યાલય, કોલેજ સાથે જોડાયેલા જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય અથવા આંશિક પ્રતિકૂળ નીવડશે, આ સિવાયના અન્ય, સરકારી કર્મચારી એવમ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ પૂર્ણ રૂપે પ્રતિકૂળ નીવડશે. ઔધોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સગા તથા સ્નેહીજન વચ્ચે હળવો ખટરાગ થઈ શકે તેવી શક્યતા. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૭ ફેબ્રુઆરી મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

તમામ પ્રકારના સર્વિસ બિઝનેસ તથા કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ફાર્મા-કેમિકલ તથા હર્બલ ફાર્મા ના જાતક માટે આ સપ્તાહ આંશિક પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડે તેવી શક્યતા.નાના તથા છૂટક, ફેરી કરતા, જેમાં કઠિન પરિશ્રમ હોય તેવા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભદાયી નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળ પ્રગાઢ બને તેવી શક્યતા. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૮ ફેબ્રુઆરી સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

શબ્દોનું દાન, ભવિષ્યનું નિર્માણ

# પુસ્તકોને કબાટમાંથી આઝાદ કરો, કોઈના જીવનમાં ઉજાસ ભરો: વિશ્વ પુસ્તક દાન દિવસ

## આ દિવસ વેલેન્ટાઈન ડે સાથે આવે છે, જે સાહિત્યની ભેટ વહેંચીને પ્રેમ અને સ્નેહ દર્શાવવાનો એક ઉત્તમ અવસર બને છે: વિદ્યા દાનમ્ પરમં દાનમ્ ગણાય છે, ત્યારે પુસ્તક દાન કરીને જ્ઞાનને વહેંચો

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે ૧૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં વેલેન્ટાઈન ડે ની ઉજવણી થઈ રહી છે, ત્યારે જ્ઞાન જ્ઞાન પ્રેમની વાત સાથે આંતરરાષ્ટ્રીય પુસ્તક દાન દિવસ પણ ઉજવાય રહ્યો છે. વાંચન પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહન આપવા અને બાળકોમાં પુસ્તકોની પહોંચ વધારવા માટે સમર્પિત એક વૈશ્વિક પહેલ છે. વિશ્વના ભારત સહિત સો થી વધુ દેશોમાં આ ઉજવણી થકી લોકોમાં વાંચન પ્રેમ જગાવે છે. આજે પુસ્તક પરબ, થેલી પ્રોજેક્ટની સાથે લોકોને મફત પુસ્તકો વાંચવા અપાય છે. કાર્યક્રમોમાં પણ બુકે નહીં મહેમાનોનું બુકથી સ્વાગત કરવામાં આવે છે, જે એક સારી પહેલ છે. જે પુસ્તકે તમને વિચારતા કર્યા, તે હવે બીજાને શીખવવા તૈયાર છે, તો આ 'પુસ્તક દાન દિવસ' પર જ્ઞાનના દીવડા પ્રગટાવો, પુસ્તકોની આપલે કરો.

શાળા કોલેજમાં પણ વર્ષ પૂર્ણ થાય ત્યારે જુના પુસ્તકો આગલા ધોરણના છાત્રોને અપાય છે. વિવિધ પુસ્તકાલયો અને સ્ટડી સેન્ટરમાં પણ આ સેવા ચાલુ થઈ છે. આ ઉજવણી વિશ્વભરમાં વ્યક્તિઓ, શાળાઓ, પુસ્તકાલયો અને સંગઠનોને એવા બાળકોને પુસ્તકોનું દાન કરવા પ્રેરણા આપે છે જેમને અન્યથા પુસ્તકો રાખવાની કે વાંચવાની તક ન હોય. આ દિવસ એક સરળ પણ શક્તિશાળી વિચાર પર પ્રકાશ પાડે છે. એક પુસ્તક કલ્પના, જ્ઞાન અને તકના દરવાજા ખોલી શકે છે.

પુસ્તકોમાં અનંત શક્તિ રહેલી છે. તે આપણને નવી દુનિયામાં લઈ જઈ શકે છે, નવી વસ્તુઓ શીખવી શકે છે, પ્રેરણા આપી શકે છે, હસાવી શકે છે, રડાવી શકે છે અને આપણને આવશ્યક યાદો પ્રદાન કરી શકે છે. બાળપણમાં, તમારી સૌથી પ્રિય યાદોમાંની કેટલીક તમે સૂતા પહેલા વાંચેલી વાર્તાઓ કે મોટા થતાં વાંચેલા પુસ્તકો હોઈ શકે છે. કિશોરાવસ્થામાં તમે વાંચવાનું ચાલુ રાખ્યું હશે અને પુસ્તકો માટે પ્રેમ મેળવ્યો હશે.ડિજિટલ યુગમાં જ્યાં સ્ક્રીનો ઘણીવાર ધ્યાન પર પ્રભુત્વ ધરાવે છે, ભૌતિક પુસ્તક આપવાની ક્રિયા ખાસ અર્થ ધરાવે છે. તે સમય, કાળજી અને માન્યતાનું પ્રતિનિધિત્વ કરે છે કે વાર્તાઓ યુવાન મનને આકાર આપવાની શક્તિ ધરાવે છે.

વિશ્વના ઘણા પ્રદેશોમાં પુસ્તકોની પહોંચ અસમાન રહે છે, ખાસ કરીને એવા સમુદાયોમાં જ્યાં શૈક્ષણિક સંસાધનો મર્યાદિત છે. બાળકોને, સમુદાય પુસ્તકાલયો, હોસ્પિટલો, આશ્રયસ્થાનો અને શાળાઓને પુસ્તકો આપવા માટે લોકોને પ્રોત્સાહિત કરીને, આંતરરાષ્ટ્રીય પુસ્તક ભેટ દિવસનો હેતુ આ અંતરને દૂર કરવાનો છે. નવા પુસ્તકોનું દાન કરવું હોય, કાળજીપૂર્વક વપરાયેલા પુસ્તકોનું દાન કરવું હોય કે સ્થાનિક પુસ્તક ડ્રાઈવનું આયોજન કરવું હોય, દરેક યોગદાન સાક્ષરતા અને શિક્ષણને પોષવામાં મદદ કરે છે. વાંચન સત્રો, વર્ગખંડમાં વાંચન કાર્યક્રમો અને કૌટુંબિક વાંચન સમયને પણ પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃત્તિઓ વાંચનના મહત્વને માત્ર શૈક્ષણિક કૌશલ્ય તરીકે જ નહીં પરંતુ સર્જનાત્મકતા, સહાનુભૂતિ અને વિવેચનાત્મક વિચારસરણીનું નિર્માણ કરતી આજીવન આદત તરીકે પણ મજબૂત બનાવે છે. માતાપિતા અને શિક્ષકો બાળકોને વિવિધ અનુભવો અને દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરતી વિવિધ વાર્તાઓનો પરિચય કરાવીને આ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




બાળકોને વાંચનનો આનંદ અને જ્ઞાન જે આત્મવિશ્વાસ લાવે છે તે શોધવામાં મદદ કરે છે. આ દિવસ વિશ્વભરના પુસ્તક પ્રેમીઓ દ્વારા ઉજવવામાં આવે છે, જે એવા લોકો સાથે ખાસ કરીને બાળકો સાથે પુસ્તકો પ્રત્યેના તમારા પ્રેમને શેર કરવાનો દિવસ છે, જેમની પાસે કદાચ તમારા જેટલા પુસ્તકો નથી. પુસ્તકો પ્રત્યેનો પ્રેમ અને સાથી માનવો પ્રત્યેનો પ્રેમની જાગૃતિ લવાય છે. વાંચન પ્રેમ માનવ જીવનને અંદરથી સમૃદ્ધ બનાવે છે. પુસ્તક માત્ર કાગળ અને શબ્દોનો સમૂહ નથી, પરંતુ તે જ્ઞાન, સંસ્કાર અને અનુભવનો ખજાનો છે. વાંચનથી વિચારશક્તિ વિકસે છે, કલ્પનાશક્તિ વિસ્તરે છે અને વ્યક્તિત્વમાં આત્મવિશ્વાસ આવે છે. નિયમિત વાંચનની ટેવ માણસને સકારાત્મક દિશામાં આગળ વધારતી અને જીવનમાં યોગ્ય નિર્ણયો લેવામાં મદદરૂપ બને છે. પુસ્તક દાન એ જ્ઞાનનું સૌથી ઉત્તમ દાન માનવામાં આવે છે. જ્યારે આપણે જરૂરિયાતમંદ બાળકો કે વાચકોને પુસ્તકો ભેટ કરીએ છીએ, ત્યારે આપણે માત્ર પુસ્તક નહીં પરંતુ તેમના ભવિષ્ય માટે એક નવી તક આપીએ છીએ. પુસ્તક દાનથી શિક્ષણનો પ્રકાશ ફેલાય છે અને સમાજમાં જાગૃતિ વધે છે. તેથી વાંચન પ્રેમ વિકસાવવો અને પુસ્તક દાન જેવી સદભાવનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું એ સૌની સામાજિક જવાબદારી છે. એક પુસ્તકમાં અનેક સપનાઓ છુપાયેલા હોય છે, શબ્દોનું દાન, સંસ્કારના ભંડાર, પુસ્તક આપો, વિચાર જગાવો. રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશે. પુસ્તક જ્ઞાનનું પરબ છે.શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત.

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું કે જરા પણ પસંદ નથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે, ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે, તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે.ભાવનાત્મક લાભો ઉપરાંત, પુસ્તકો બાળકોને માનસિક અને જ્ઞાનાત્મક લાભો પણ પ્રદાન કરે છે. પુસ્તકો, અન્ય કોઈપણ માધ્યમો કરતાં વધુ બાળકના ભાષા વિકાસ માટે સૌથી મૂળભૂત હોવાનું દર્શાવવામાં આવ્યું છે. જે બાળકોને વાંચવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, તેઓ ઝડપથી મોટુ શબ્દભંડોળ વિકસાવે છે. પુસ્તકો બાળકની વિવેચનાત્મક વિચારસરણી વિકસાવવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૫.૨.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, મહા વદ તેરસ, ઉત્તરાષાઢા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ) :** ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ (મ,ટ) :** તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, દિવસ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત) :** તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદ માં પસાર કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર (ખ,જ) :** તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ) :** ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવકનો મેળ કરવો જરૂરી, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## સોનુ ખોવાવાની ,ચોરાવાની તથા અન્ય ફ્રોડ થવાની ઘટનાઓ બને



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ આ કોલમમાં લખ્યા મુજબ જેમ જેમ આપણે ૨૦૨૬માં આગળ વધતા જઈએ છીએ તેમ તેમ એઆઈના કારણે શેરબજારથી લઈને તમામ અર્થવ્યવસ્થા પર મોટી અસર જોવા મળી રહી છે તો સરકાર પણ એઆઈ સર્જિત તસવીરો અને વિડિઓ પર નકેલ કસી રહી છે અને બુધ જે અર્થવ્યવસ્થા, મુદ્રા અને તેની પદ્ધતિઓ દર્શાવે છે તે મોટા ઉલટફેર કરવાની તૈયારીમાં છે તો ધાતુઓ પણ પોતાનો ચળકાટ બતાવી રહી છે એ બધા વચ્ચે વક્રી ગુરુમાં સોનુ ખોવાવાની અને ચોરાવાની તથા અન્ય ફ્રોડ થવાની ઘટનાઓ પણ વધી રહી છે જ્યારે અગાઉ અત્રે લખ્યા મુજબ અકસ્માતોની શૃંખલા જારી છે તો ટાયર ફાટવાની ઘટના અને બાંધકામ બાબતે સાવચેત રહેવા જેવો સમય છે બીજી તરફ દરિયામાં હલચલ અને ચાંચિયાગીરીના અધ્યાય પણ જોવા મળશે. આપણે હાલ આકાશિક રેકોર્ડ પર ચર્ચા કરી રહ્યા છીએ. આકાશિક રેકોર્ડએ આપણી જન્મોજન્મની બ્લુ પ્રિન્ટ છે જે તમારા જીવનધ્યેયથી લઈને ઋણાનુબંધન બધું જ દર્શાવે છે અને ભૂતકાળમાં કરેલી ભૂલ આપણે ફરી રિપીટ ના કરીએ તે માટે સાવધ પણ કરે છે. મારા વર્ષોના આકાશિક રેકોર્ડના અનુભવમાં મેં જોયું છે કે જો યોગ્ય સમજણથી આકાશિક રેકોર્ડમાં આગળ વધવામાં આવે તો સુંદર પરિણામ અને સફળતા પ્રાપ્ત કરી શકાય છે.!

## અબતક પંચાગ

**તા. ૧૫-૨ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ તેરશ મહાશિવરાત્રી
**નક્ષત્ર** ઉત્તરાષાઢા
**યોગ** વ્યતિપાત **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૨૦ **સુર્યાસ્ત:** ૬.૪૩
**ચંદ્ર રાશી** ધન શનીવારે રાત્રે ૧૨.૪૧ થી મકર
**રાશિ અક્ષર** ખ.જ.
**દિશાશૂળ** પશ્ચિમ દશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૪-૦૨-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ કાઠી રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૨-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાળ - ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.જય જોશી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ ઈશા ફાઉન્ડેશન મહાશિવરાત્રી (લાઈવ)

**તારીખ ૧૬-૦૨-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### ન્યાયાલયોમાં કેસોના ભારણથી

# વૈકલ્પીક વિવાદ નિરાકરણ પદ્ધતિ સમય-ખર્ચની બચત સાથે પક્ષકારોને ઝડપી-સુગમ ન્યાય અપાવે



તસવીરઃ શૈલેષ વાડોલિયા

## નવો કાયદો અમલમાં આવ્યા બાદ સૌરાષ્ટ્રમાં પ્રથમ વિશાળ કાર્યશાળા યોજાઈ, હિસાબ નિષ્ણાતો, કંપની સચિવો અને બેંકિંગ ક્ષેત્રના પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા




## ગુજરાત અને દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિની હાજરીમાં લવાદ, મદયસ્થી, સમાધાન વિષયક વિચાર ગોષ્ઠિ યોજાઈ







**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે વૈકલ્પિક વિવાદ નિરાકરણ પદ્ધતિ અંગે રાષ્ટ્રીય કક્ષાની કાર્યશાળા યોજાઈ હતી. દેશના ન્યાયાલયોમાં વધતા કેસોના ભાર વચ્ચે સમાધાનકારી માર્ગે વિવાદોના ઉકેલ માટે આ પદ્ધતિ વધુ અસરકારક બની રહી છે. વર્ષ ૨૦૨૩માં કેન્દ્ર સરકાર દ્વારા સંબંધિત કાયદો અમલમાં મૂકાયા બાદ સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આ પ્રકારની વિશાળ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત અને દિલ્હીના ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયમૂર્તિઓ, રાષ્ટ્રીય વકીલ પરિષદના આગેવાનો અને કાનૂની ક્ષેત્રના નિષ્ણાતોએ ઉપસ્થિત રહી વિચારવિમર્શ કર્યો હતો. કાર્યશાળામાં લવાદ, મધ્યસ્થિ અને સમાધાન જેવી પદ્ધતિઓ દ્વારા ન્યાયાલય બહાર વિવાદો ઉકેલવાની પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં મુંબઈ આંતરરાષ્ટ્રીય લવાદ કેન્દ્ર નિર્મા યુનિવર્સિટી અને ચેન્નઈ સ્થિત સીમો સંસ્થા સહિત વિવિધ સંસ્થાઓ સહભાગી બની હતી. ઉપરાંત હિસાબ નિષ્ણાતો, કંપની સચિવો અને બેંકિંગ ક્ષેત્રના પ્રતિનિધિઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વિચારગોષ્ઠિમાં નિષ્ણાતોએ જણાવ્યું કે વૈકલ્પિક વિવાદ નિરાકરણ પદ્ધતિ સમય અને ખર્ચ બંનેમાં બચત કરે છે અને પક્ષકારોને ઝડપી તથા સુગમ ન્યાય આપે છે. મધ્યસ્થિ, લવાદ અને સમાધાન દ્વારા બંને પક્ષોની સહમતિથી સકારાત્મક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

નિષ્ણાતોએ ભારપૂર્વક જણાવ્યું કે આવી પદ્ધતિને પ્રોત્સાહન આપવાથી ન્યાયાલયોમાં પડતા ભારમાં નોંધપાત્ર ઘટાડો થશે. વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે ઊભા થતા વિવાદોના ઉકેલમાં પણ સરળતા આવશે.કાર્યક્રમ દરમિયાન ભવિષ્યમાં રાજકોટને વૈકલ્પિક વિવાદ નિરાકરણનું મુખ્ય કેન્દ્ર બનાવવા માટે સતત પ્રયાસો કરવાની દિશામાં ચર્ચા કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય કાર્યશાળાએ કાનૂની ક્ષેત્રમાં નવી દિશા દર્શાવી અને સમાધાનકારી પ્રણાલીને વધુ મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થયું છે.

### ભવિષ્યમાં રાજકોટને સમાધાન કેન્દ્ર બનાવવાનો સંકલ્પઃ ડો.કમલેશ જોષીપુરા



આ પ્રસંગે રાજકોટ લીગલ રિસર્ચ ફાઉન્ડેશન અધ્યક્ષ પ્રોફેસર ડો. કમલેશ જોષીપુરાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આ પ્રકારની રાષ્ટ્રીય કક્ષાની કાર્યશાળા યોજાઈ છે, જે કાનૂની ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ઘટના છે. તેમણે ઉમેર્યું કે કેન્દ્ર સરકારના નવા કાયદા બાદ ગુજરાતમાં આ પહેલો મોટો કાર્યક્રમ છે, જે ભવિષ્યમાં રાજકોટને વૈકલ્પિક વિવાદ નિરાકરણ ક્ષેત્રે અગ્રણીત્વ અપાવશે.ભવિષ્યમાં રાજકોટને સમાધાન કેન્દ્ર બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.






### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રચ્યો નવો ઈતિહાસ

# ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ ટૂર્ના.માં પ્રથમવાર બ્રોન્ઝ મેડલ જીત્યો

## કોટા યુનિવર્સિટીના ૧૫૧ રનના લક્ષ્યના જવાબમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ શાનદાર બેટિંગ કરીને ૨૦મી ઓવરમાં ૧૫૨ રનનો ટાર્ગેટ પૂર્ણ કર્યો




**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ક્રિકેટ ભાઈઓ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ક્રિકેટ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ઓલ ઈન્ડિયામાં ત્રીજો ક્રમ મેળવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. યુનિવર્સિટી માટે આ સિદ્ધિ પ્રથમવાર પ્રાપ્ત થતા એક નવો ઈતિહાસ રચાયો છે.

સ્પર્ધાના અંતિમ દિવસે ટીમે ગયા વર્ષની ઓલ ઈન્ડિયા ચેમ્પિયન કોટા યુનિવર્સિટી સામે મહત્વપૂર્ણ મુકાબલો રમ્યો હતો. પ્રથમ ઈનિંગમાં કોટા યુનિવર્સિટીએ ૧૫૧ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જવાબમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીઓએ શાનદાર બેટિંગ કરીને ૨૦મી ઓવરમાં ૧૫૨ રનનો ટાર્ગેટ પૂર્ણ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો

મેચમાં દીક્ષિત વેકરીયાએ ઉત્તમ પ્રદર્શન કરીને ટીમને જીત અપાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમણે ૫૧ બોલમાં ૭૧ રનની શાનદાર ઈનિંગ રમી ટીમને જીત સુધી પહોંચાડીને મેન ઓફ ધ મેચ એવોર્ડ પ્રાપ્ત કર્યો હતો.

ઓલ ઈન્ડિયામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરવા બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર ડો. મનીષ ધામેચા, શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા તથા યુનિવર્સિટીના તમામ અધિકારીઓ, સ્ટાફ અને ખેલાડીઓએ ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.આ પ્રસંગે ડો. જયદીપસિંહ ચૌહાણ, ડો. એચ.આર. ભાલીયા, ડો. ભાવેશ રાબા, ટીમના કોચ અને મેનેજર આસિફભાઈ તથા સંજયભાઈ સહિત તમામે ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અને ભવિષ્યમાં વધુ ઉત્તમ પ્રદર્શન માટે પ્રેરણા આપી.સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આ ઐતિહાસિક સિદ્ધિ સમગ્ર યુનિવર્સિટી અને રાજ્ય માટે ગૌરવની બાબત બની છે.

# ‘સેમ બહાદૂર’ મુવી શો પૂર્વ શહીદોને પૂષ્પાંજલી અર્પણ

## કોર્પોરેશન દ્વારા ચાણક્ય લાઈબ્રેરી ખાતે યોજાયો મુવી શો




**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત વોર્ડ નં.-૬ સ્થિત ચાણક્ય પુસ્તકાલય, ખાતે આજે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતુ.

ભારતમાં ૧૪ ફેબ્રુઆરીને બ્લેકડે (કાળો દિવસ) તરીકે મનાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં આ જ દિવસે જમ્મુ-કાશ્મીરના પુલવામા ખાતે થયેલા આતંકવાદી હુમલામાં ૪૦ બહાદુર જવાનો શહીદ થયા હતા. આ શહીદોની યાદમાં તથા તેમના અદમ્ય સાહસ અને રાષ્ટ્રપ્રેમને નમન કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહીદોને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે દેશભક્તિની ભાવના મજબૂત બને તથા નાગરિકોમાંરાષ્ટ્રસેવાની પ્રેરણા પ્રગટે તે હેતુસર પ્રેરણાદાયી હિન્દી ફિલ્મ સેમ બહાદુર નો

(અનુ. આઠમા પાને)

# વૈવિધ્ય અને એકતાનો સંગમ બન્યો મારવાડી યુનિવર્સિટીનો સ્નાતકોત્સવ

## ૨૯ દેશોના ૩૨૫થી વધુ વિદ્યાર્થીઓએ મેળવી ડિગ્રીઃ ગુજરાતના ધારાસભ્ય પ્રકાશ વરમોરાની ઉપસ્થિતિમાં યોજાયો સમારોહઃ ૮ વિભાગ અને ૩૬ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ સ્નાતક બન્યા







**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટીમાં ૨૦૨૬ની આંતરરાષ્ટ્રીય બેચનો ભવ્ય સ્નાતક સમારોહ ઉત્સાહ અને ગૌરવભેર યોજાયો હતો. વિશ્વના ૫૪ દેશોમાંથી ૨૯ દેશોના ૩૨૫થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ પોતાની શૈક્ષણિક યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી ડિગ્રી પ્રાપ્ત કરી હતી. સમગ્ર કેમ્પસમાં આનંદ, ગર્વ અને વૈશ્વિક એકતાનો માહોલ છવાયો હતો.



સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાતના ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે મારવાડી યુનિવર્સિટી માત્ર એક શિક્ષણ સંસ્થા નથી, પરંતુ વિશ્વના વિવિધ દેશોના યુવાનોને એકત્ર લાવી વૈશ્વિક મિત્રતા અને વિકાસને પ્રોત્સાહન આપતું કેન્દ્ર છે. તેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પોતાના દેશ અને સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા પ્રેરણા આપી હતી.

કલાસ ઓફ ૨૦૨૬માં દક્ષિણ સુદાન, નાઈજેરિયા, તાન્ઝાનિયા, ઝિમ્બાબ્વે, લાઈબેરિયા, મ્યાનમાર, મોઝામ્બિક, યુગાંડા, ઝામ્બિયા, રવાન્ડા, માલાવી અને ઈસ્વાતિની સહિતના દેશોના વિદ્યાર્થીઓનો નોંધપાત્ર સમાવેશ થયો હતો. વિવિધ સંસ્કૃતિ, ભાષા અને પરંપરાઓ ધરાવતા વિદ્યાર્થીઓએ



રાજકોટની ધરતી પર એકસાથે અભ્યાસ કરીને વૈશ્વિક એકતાનો અનોખો સંદેશ આપ્યો હતો.

આ વર્ષે ૬૦થી વધુ અભ્યાસક્રમોમાંથી ૩૬ અલગ-અલગ કોર્સમાં અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ ૮ ફેકલ્ટી અને વિભાગોમાંથી સ્નાતક થયા હતા. ફાર્મસી, સિવિલ એન્જિનિયરિંગ, વ્યવસાય વ્યવસ્થાપન, કમ્પ્યુટર અને માહિતી પ્રૌદ્યોગિકી, માઈક્રોબાયોલોજી, કેમિસ્ટ્રી, ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ એન્જિનિયરિંગ, કાયદા અને ફિઝિયોથેરાપી જેવા ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી હતી. આધુનિક પ્રયોગશાળાઓ, અનુભવી પ્રાધ્યાપકો અને પ્રાયોગિક અભ્યાસક્રમોએ વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે સક્ષ્જ બનાવ્યા છે.

સમારોહ દરમિયાન ડિગ્રી વિતરણની ક્ષણ વિદ્યાર્થીઓ માટે

(અનુ. આઠમા પાને)

# મન મેરા મંદિર, શિવ મેરી પૂજા, શિવ સે બડા નહિ કોઈ દૂજા







## મહાશિવરાત્રીના મેળામાં ભક્તિ અને ટેકનોલોજીનો અદભુત સંગમ: ભવનાથ મંદિર ખાતે લેસર શો નું આકર્ષણ: શ્રદ્ધાળુઓએ દિવ્યતાના દર્શન કર્યા: ત્રીજા દિવસે માનવ મહેરામણ ઘુઘવાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં ટેકનોલોજીનો પણ નવો આયામ જોવા મળી રહ્યો છે, મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર ખાતે પ્રથમ વખત ભકિત અને

# ભવનાથના મેળામાં ભવો-ભવનું ભાથું બાંધતા ભાવિકો

ટેકનોલોજીના સંગમરૂપ લેસર શોએ શ્રદ્ધાળુઓમાં અદકેરૂ નવા આયામો ઉમેરાયા છે, જે શ્રદ્ધાળુઓને ભકિતમય નવી







આકર્ષણ જમાવ્યું છે.

મહાશિવરાત્રીના મેળા દરમિયાન લાખો ભાવિકો ભગવાન ભવનાથ મહાદેવના ભાવપૂર્વક દર્શન કરે છે, પરંતુ આ વર્ષે રાજય સરકારના પ્રયાસોથી મહાશિવરાત્રીના મેળાની



ભવ્યતા અને દિવ્યતા વધી છે, તેમાં ભાવિકોલક્ષી

અનુભૂતિ કરાવે છે.

ભવનાથ મંદિર ખાતે લેસર શો દ્વારા આધ્યાત્મિકતાને ઉજાગર કરતા ભવ્ય અને રંગબેરંગી 'જય ગિરનારી', 'ૐ નમઃ શિવાય', 'ૐ' ઉપરાંત તાંડવ નૃત્ય કરતા ભગવાન શિવજી, ત્રિશૂળ, ડમરૂ, શંખ વગેરેની પ્રકાશની ગતિશીલતા

ભકિતભાવ પ્રગટાવે છે. આ લેસર શોની એવી રીતે ગોઠવણ થઈ છે કે, ભવનાથ મંદિરની પાછળ જુના અખાડાનું જ શિવલિંગ આકાર

સાથે ભવન બનેલું છે, તેના પર આ લેસર શો દ્રષ્ટિગોચર થાય છે. જે ભવનાથ મંદિરને વધુ દિવ્યતા પણ બક્ષે છે.

ટેકનોલોજીના માધ્યમથી થતા આ લેસરમાં **Gobo - Go Between Optics** લાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના સાથેની પ્રતિકૃતિઓ શ્રદ્ધાળુઓના હૈયે અનેરો થકી શિવજીના જુદા જુદા રૂપો,



ત્રિશૂળ સહિતની પ્રતિકૃતિઓ દર્શાવવામાં આવી રહી છે.

**શ્રદ્ધાળુઓ માટે તમામ પાયાની સુવિધાઓ સુનિશ્ચિત તંત્ર ખડેપગે**

ભવનાથના શિવરાત્રી મેળામાં સ્વચ્છતા જાળવવા માટે મનપા દ્વારા ૧૧ સેનેટરી ઈન્સ્પેક્ટર અને ૨૧૦ સફાઈ કામદારો કાર્યરત છે. અન્નક્ષેત્રો અને આશ્રમોમાંથી કચરો એકત્ર કરવા ૧૫ પીકઅપ વાહન, ૬ ડમ્પર, ટ્રેક્ટર અને જેસીબી જેવા સાધનો દ્વારા દિવસમાં બે વાર કચરો ડમ્પિંગ સાઈડ પર પહોંચાડવામાં આવે છે. રવેડીના રૂટને ૮ ઝોનમાં વહેંચીને સફાઈ અને માર્ગો ધોવાની કામગીરી હાથ ધરાઈ છે. શ્રદ્ધાળુઓ માટે ૨૫ પાર્કિંગ સ્થળો પર શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. ભવનાથ વિસ્તારમાં ૧૧ કાયમી શૌચાલયો ઉપરાંત મોબાઈલ ટોયલેટ પણ મૂકવામાં આવ્યા છે, જેની ૨૪ કલાક સફાઈ કરવામાં આવે છે.

**યાત્રિકોના પરિવહનને વધુ સરળ બનાવવા એસ. ટી. નિગમ દ્વારા કુલ ૧,૦૦૦ બસોનું સંચાલન**

જૂનાગઢમાં મહાશિવરાત્રીના પવિત્ર પર્વ નિમિત્તે યોજાઈ રહેલા 'મીની કુંભ' મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સલામત અને સુલભ મુસાફરી માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સુયોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ખૂણે-ખૂણેથી આવતા યાત્રિકોને પરિવહનમાં કોઈ અગવડ ન પડે તે માટે આ વર્ષે કુલ ૧,૦૦૦ બસોનું સંચાલન કરવામાં આવશે.




## કાલે શાહી રવાડી બાદ શિવરાત્રીના મેળાની પૂર્ણાહૂતિ

**આ પૂર્વે ભવનાથ ક્ષેત્રમાં આવેલ અગ્નિ અખાડા, આહવાન અખાડા, જૂના અખાડા, કિન્નર અખાડા સહિતના વિવિધ અખાડાના હજારો સંતો, મહંતોની એક શાહી રવાડી જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં નીકળશે. ત્યારે આ શાહી રવાડીમાં ઉપસ્થિત નાગા સાધુઓ લાઠીદાવ, તલવાર દાવ, ભાલા દાવ અને વિવિધ અંગ કસરતો કરશે. જેના દર્શન કરવા ભાવિક ભક્તજનો બપોરના ૪ વાગ્યાથી રવેડીના માર્ગ ઉપર બેસી જશે. અને રાત્રિના ૧૨ વાગ્યે આ રવેડી ભવનાથ ક્ષેત્રમાં ફરી ભવનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચશે. અને રવેડીમાં ઉપસ્થિત સંતો, મહંતો ભવનાથ મંદિરમાં આવેલ મૃગીકુંડમાં શાહી સ્નાન કરશે. બાદમાં ભવનાથ દાદાની મહા આરતી યોજાશે અને ભવનાથનો શિવરાત્રી મેળો આ સાથે સંપન્ન થશે. રાત્રિના નીકળનારી શાહી રવાડીમાં માતા ગાયત્રી, ભગવાન દત્તાત્રેય અને ભગવાન ગણેશની પાલખી જોડાશે. આ સાથે બેન્ડ વાજા, ઢોલ નગારા અને સંતો મહંતોના રથ ઘર્મની ધજાઓ લઈને નીકળશે. ત્યારે સમગ્ર ભવનાથ ક્ષેત્ર જય જય ભોલેનાથ, હર હર મહાદેવ સાથે ગુંજી ઉઠશે. સમગ્ર રૂટ ઉપર ભગવાનની પાલખી અને સાધુ સંતો ઉપર કરવામાંર્ષા કરવામાં આવશે અને ભાવિકો આ શાહી રવાડી તથા સાધુ-સંતો ના દર્શન કરી ધન્યતા અનુભવશે.**

## ઈટાલીથી આવેલી 'ભૂરી' એ મનભરી મેળો માણ્યો





**ઈટાલીથી આવેલ એક બાવીસ વર્ષીય સુંદર યુવતી ''ભૂરી'' ગઈકાલે આખો દિવસ મેળામાં ચર્ચાનો વિષય બની હતી. અને સોશિયલ મીડિયામાં આ ભુરીએ ભારે જમાવટ કરી હતી. આ સાથે આ ભૂરી ગઈકાલે આકર્ષણનું કેન્દ્ર બની હતી અને ભૂરી જ્યાં જતી હતી ત્યાં લોકોના ટોળે ટોળા તેમની પાછળ પાછળ જતા હતા. બીજી બાજુ લોકો દ્વારા તેમની રીલ્સ અને સોશિયલ મીડિયા ઉપર તેના ફોટાઓ ઘડાઘડ વાયરલ થઈ રહ્યા હતા, જેને લઈને ભૂરીએ મેળામાં આવેલા યુવકોને ઘેલા કર્યા હતા.**

## ત્રણ દિવસમાં ૫,૭૧૧ લોકો લીધો આરોગ્ય સેવાનો લાભ



મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની આરોગ્યની સુવિધા માટે સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અને ત્રણ દિવસમાં ૫,૭૧૧ જેટલા લોકોએ આરોગ્ય સેવાનો લાભ લીધો છે. પરંપરાગત મહાશિવરાત્રી મેળાને ચાલુ વર્ષે 'મિની કુંભ' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા અને મનપા કમિશનર તેજસ પરમારના સીધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા ભવનાથ ક્ષેત્ર અને શહેરમાં વિવિધ સ્થળોએ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે 30 થી વધુ મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.



# કાલે મહાશિવરાત્રી: ભોળાનાથની ભક્તિના રંગે રંગાશે શિવભક્તો

## પ્રથમ જ્યોતિર્લિંગ ખાતે વહેલી સવારે ખુલશે દ્વાર, મહાઆરતી અને પાલખી યાત્રા મુખ્ય આકર્ષણ મહામૃત્યુંજય જાપ અને ચાર પ્રહરની વિશેષ પૂજા



**અબતક, રાજકોટ**

કાલે મહાશિવરાત્રિના પાવન અવસરે સમગ્ર સૌરાષ્ટ્રભરના શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદ સાથે ગુંજી ઉઠશે. સૌરાષ્ટ્રની પાવન ધરતી પર ભગવાન ભોળાનાથની આરાધનાનો સૌથી મોટો પર્વ ઉજવવા માટે લાખો ભક્તોમાં અદભૂત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સોમનાથ, ઘેલા સોમનાથ સહિત સૌરાષ્ટ્રના દરેક નાના-મોટા શિવાલયોમાં વિશેષ પૂજા-અર્ચના, મહાઆરતી, ચાર પ્રહરની પૂજા અને સામાજિક-ધાર્મિક કાર્યક્રમોની તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

પ્રભાસ પાટણ ખાતે આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રિ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા વહેલી સવારે મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા મૂકવામાં આવશે. સમગ્ર દિવસ દરમિયાન ભક્તો માટે વિશેષ દર્શન અને પૂજાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દિવસ વિશેષ હોવાથી શિવરાત્રિની ખાસ ચાર પ્રહરની પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભક્તો મહાદેવની વિશેષ આરાધના કરશે. મંદિર પરિસરમાં અવિરત મહામૃત્યુંજય જાપ ચાલશે. સાંજે સોમનાથ મહાદેવની ભવ્ય પાલખી યાત્રા નીકળશે અને રાત્રિના સમયે મહાઆરતીનું આયોજન થશે.

જસદણ નજીક આવેલા સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મંદિરે પણ મહાશિવરાત્રિ નિમિત્તે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારથી જ અહીં હજારો શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શન માટે ઉમટી પડશે. મંદિરમાં વિશેષ શણગાર અને ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે. મેળામાં ગ્રામીણ સંસ્કૃતિની ઝલક જોવા મળશે. આસપાસના વિસ્તારોમાંથી પદયાત્રા કરીને આવતા ભક્તો માટે વિશેષ ભોજન અને પ્રસાદની વ્યવસ્થા વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે.માત્ર મુખ્ય મંદિરો જ નહીં, પરંતુ રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને અમરેલી સહિતના સમગ્ર સૌરાષ્ટ્રના શિવાલયોમાં ભક્તિમય માહોલ જોવા મળશે. જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં ભવનાથ મેળાનો માહોલ પણ શિવમય બની ગયો છે.

રાજકોટના પંચનાથ મહાદેવ, રામનાથ મહાદેવ અને જામનગરના નાગેશ્વર મહાદેવમાં વિશેષ પૂજા અને અભિષેક કરવામાં આવશે. આ પાવન અવસરે પરંપરાગત રીતે ઠેર-ઠેર શિવજીના પ્રિય એવા ભાંગના પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવશે

**ઉપવાસ, જાપ અને ભજન અને મંદિરોમાં ફૂલ શણગાર અને દિવ્ય રોશનીથી ઝળહળશે પરિસર**

# મનહર પ્લોટમાં આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

## ન્યૂઝપેપરના ફેરિયાએ ઘરના હૂંકમાં ચૂંદડી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના મનોહર પ્લોટ શેરી નંબર ૬ માં રહેતા ૪૫ વર્ષીય જીતેન્દ્રભાઈ માણેકલાલ પતરીયાએ વહેલી સવારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મળતી માહિતી મુજબ, જીતેન્દ્રભાઈએ આજે વહેલી સવારે ઘરના હૂંકમાં ચૂંદડી બાંધી આત્યંતિક પગલું ભર્યું હતું. બનાવની જાણ થતાં જ પરિવારજનો તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પરિવારએ જણાવ્યું હતું કે મૃતક જીતેન્દ્રભાઈ છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યા હતા. આર્થિક ભીંસને કારણે તેઓ માનસિક ચિંતામાં રહેતા હોય, અંતે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

મૃતક વહેલી સવારે ૩ થી ૪ વાગ્યાના સમયગાળામાં ન્યૂઝપેપર ફેરિયાનું કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સૌથી વધુ કરુણતા એ છે કે ગઈકાલે જ જીતેન્દ્રભાઈના લગ્નની ૨૦મી વર્ષગાંઠ હતી. ખુશીના પ્રસંગના બીજા જ દિવસે પિતાના મોતના સમાચારથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા અને તેમને સંતાનમાં બે દીકરીઓ છે. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી, આપઘાત પાછળના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# મવડીમાં કારમાંથી ગણેશજીની મૂર્તિ હટાવવાના મામલે બે યુવાન પર હુમલો

## ૨૦૦૦માં ભાડે આપેલી સ્કોર્પિયોમાં રાખેલી મૂર્તિ ખસેડવા બાબતે ઝઘડો થતાં ત્રણ શખ્સોએ મારમાર્યો

**અબતક, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા યુવકે ભાડે આપેલી કારમાં રાખેલી ગણપતિ બાપ્પાની મૂર્તિ અને માતાજીની ચૂંદણી હટાવવા બાબતે વિવાદ થતાં સમાધાન કરવાના બહાને બોલાવી અરબાઝ અને અરમાન નામના શખ્સોએ બે મિત્રો પર છરી અને સળિયા વડે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ, મવડીના માધવ પાર્ક, જડેશ્વર સોસાયટીમાં રહેતા અને ટૂર એન્ડ ટ્રાવેલ્સનું કામ કરતા એલિસ હસમુખભાઈ મારવિયા (ઉ.વ. ૨૩) એ થોડા દિવસો પહેલા અરબાઝ નામના શખ્સને પોતાની સ્કોર્પિયો ગાડી રૂ. ૨૦૦૦ના ભાડે આપી હતી. આ ગાડીમાં એલિસે ગણપતિ બાપ્પાની મૂર્તિ અને માતાજીની ચૂંદણી રાખેલી હતી, જેને અરબાઝે હટાવીને સાઈડમાં મૂકી દીધી હતી.

પોતાની આસ્થાના પ્રતીકો સાથે છેડછાડ થતા એલિસ અને અરબાઝ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોકે, તે સમયે અરબાઝે માફી માંગી લેતા મામલો થાળે પડ્યો હોય તેમ લાગતું હતું. ગઈકાલે અરબાઝે એલિસને ફોન કરી જૂની વાતો ભૂલીને સમાધાન કરવા માટે વાવડી રોડ પર મટુકી હોટલ સામે આવેલી દ્વારકાધીશ હોટલે બોલાવ્યો હતો. એલિસ તેના મિત્ર અભિષેક દિલીપભાઈ (ઉ.વ. ૨૨) સાથે ત્યાં પહોંચ્યો ત્યારે અરબાઝ, અરમાન અને અન્ય શખ્શોએ સમાધાન કરવાને બદલે આરોપીઓએ અચાનક છરી અને સળિયા વડે બંને મિત્રો પર હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા એલિસ અને અભિષેકને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. આ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા જાણ કરાતા સ્થાનિક પોલીસે ગુનો નોંધી આરોપી અરબાઝ અને અરમાન સહિતના શખ્સોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પીત્ઝા શોપના મેનેજરના ૧૬,૦૦૦ સેરવી લેનાર રીક્ષા ગેંગ ઝડપાઈ

## ધંધામાં મંદી આવતા, રીક્ષાચાલક અને તેના પુત્ર-પુત્રવધએ મુસાફરને ખંખેરવાનું શરૂ કર્યું

**અબતક, રાજકોટ**

કેકેવી ચોક પાસેથી પીત્ઝા શોપના મેનેજરને રિક્ષામાં મુસાફર તરીકે બેસાડીએ ઉલટી ઉબકાના બહાના કરી તેની પાસેથી રૂપિયા ૧૬,૦૦૦ ની રોકડ સેરવી લીધી હતી. જે અંગે ગુનો નોંધાયા બાદ ગાંધીગ્રામ પોલીસે ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતા રીક્ષા ચાલક અને ગુનામાં તેની સાથે રહેલા તેના પુત્ર અને પુત્રવધુને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧૫,૦૦૦ રોકડ અને રીક્ષા સહિત ૬૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ધંધામાં મંદિ હોવાથી આર્થિક ખેંચ દૂર કરવા માટે રિક્ષામાં મુસાફરને બેસાડી ખંખેરી લેવાનું પ્લાન બનાવ્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ, અયોધ્યા ચોક પાસે રીયા એવન્યુ એપાર્ટમેન્ટમાં રહેતા મહેશભાઇ ધરતી(ઉ.વ. ૪૨) એક પીત્ઝા શોપમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ગઈ તા.૧૧ ના રોજ કેકેવી ચોકમાં આવેલી શોપથી ઘરે જવા માટે રિક્ષામાં બેઠા હતાં. જેમાં અગાઉથી એક મહિલા અને પુરૂષ મુસાફર તરીકે બેઠા હતાં. રસ્તામાં પુરૂષ મુસાફરે ઉલ્ટી અને ઉબકાના નાટક કરતા રિક્ષાચાલકે મહેશભાઈને રામાપીર ચોકડી પાસે ભાડુ લીધા વગર ઉતારી દીધા હતાં. બાદમાં તેમને શંકા જતા ખિસ્સામાં જોતા રૂ.૧૬ હજારની રોકડ સેરવી લીધાની જાણ થઈ હતી. જેથી તેમણે આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

ચોરીના આ બનાવને લઈ ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણીની રાહબરી હેઠળ પી.એસ.આઈ વી.ડી. રાવલીયા તથા તેમની ટીમ તપાસ શરૂ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર પાસેથી રીક્ષા ગેંગને ઝડપી લીધી હતી.ઝડપાયેલ આરોપીઓમાં દિનેશભાઈ હીરાભાઈ કુંવરિયા (ઉ.વ. ૬૦ રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર નંબર ૫૬૦, જામનગર રોડ) તેનો પુત્ર કિશન દિનેશભાઈ કુંવરિયા (ઉ.વ. ૩૫ રહે. રૈયાધાર રાધેશ્યામ ગૌશાળા ગેટ પાસે) અને પુત્રવધુ કાંતાબેન કિશનભાઈ કુવરિયા (ઉ.વ. ૩૨) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપી પાસેથી રોકડ રૂ. ૧૫,૦૦૦ અને રીક્ષા સહિત રૂ. ૬૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે જણાવ્યું હતું કે, આરોપી દિનેશ કુંવરિયા રીક્ષા ચાલક હોય પરંતુ હાલમાં ધંધો બરોબર ચાલતો ન હોવાથી તેણે રીક્ષામાં મુસાફરને બેસાડી તેની પાસેથી રોકડ તફડાવી લેવાનું નક્કી કર્યું હતું અને આ માટે તેણે પુત્ર કિશન અને પુત્રવધુ કાન્તાને પણ સાથે રાખી ત્રણેય મળી મુસાફરને ખંખેરવાનો પ્લાન બનાવ્યો હતો. પહેલા જ શિકારમાં પોલીસ ઝડટે ચડી ગયા હતા. આરોપી દિનેશ કુંવરીયા સામે અગાઉ રાજકોટ એ ડિવિઝન પોલીસ સ્ટેશન અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દારૂ અને મારામારીના ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે. રીક્ષા ગેંગને ઝડપી લેવાની આ કામગીરીમાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસ.આર. મેઘાણી, પીએસઆઈ વી.ડી. રાવલિયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, ભૌવદિસિંહ ગોહિલ, રોહિતદાન ગઢવી, શબ્બીરખાન મલેક, કોન્સ્ટેબલ રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઈ ગઢવી, જયદેવસિંહ પરમાર, પ્રશાંતભાઈ ગજેરા અને મહિલા કોન્સ્ટેબલ રીનાબેન પરમાર સાથે રહ્યા હતા.

# આર્યનગરમાં સેન્ટ્રીંગ કામ વેળાએ ત્રીજા માળેથી પટકાતા પ્રૌઢનું મોત

## વીજતારને અડી જતા વીજ શોકથી લાગતા દાઝી જતા આધેડે સારવારમાં દમ તોડયો

**અબતક, રાજકોટ**

શહેરના સામાકાંઠે પેડક રોડ પર આવેલા આર્યનગર વિસ્તારમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગત ૧૨ ફેબ્રુઆરીના રોજ પોતાના ઘરે સેન્ટ્રીંગ કામ દરમિયાન વીજ લાઈનના જીવંત તારને અડકી જતાં ત્રીજા માળેથી નીચે પટકાયેલા પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

આ બનાવથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, પેડક રોડ, આર્યનગર શેરી નં. ૧૨ માં રહેતા જગદીશભાઈ જીવણભાઈ ગોરવાડિયા (ઉ.વ. ૫૨) ગત ૧૨ ફેબ્રુઆરીએ બપોરના સમયે પોતાના ઘરે ત્રીજા માળે છતનું સેન્ટ્રીંગ કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અકસ્માતે તેમનો હાથ નજીકથી પસાર થતા વીજ લાઈનના તારને અડકી ગયો હતો. જોરદાર વીજ કરંટ લાગવાને કારણે જગદીશભાઈ સંતુલન ગુમાવી બેઠા હતા અને સીધા ત્રીજા માળેથી નીચે પટકાયા હતા. વીજ કરંટને કારણે જગદીશભાઈને છાતી અને પેટના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા અને નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વિદ્યાનગર રોડ પરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બે દિવસની સારવાર બાદ આજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક જગદીશભાઈ પાનની કેબીન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ એક ભાઈ અને ત્રણ બહેનોમાં વચેટ હતા. તેમના નિધનથી બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.ઘટના અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી-ડિવિઝન પોલીસને જાણ કરી છે. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડીને વધુ તપાસ અને નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# નાણાવટી આવાસમાં યુવતીને ભગાડી જવાનો ખાર રાખી કારમાં આગ ચાંપી

## યુવાનનો પુત્ર આરોપીની બહેનને ભગાડી ગયાનો ખાર રાખી કૃત્ય આચર્યું

**અબતક, રાજકોટ**

શહેરના નાણાવટી ચોક પાસે આવેલી આવાસ યોજના ક્વાર્ટરમાં પાર્કિંગમાં પડેલી કારને અહીં જ રહેતા શખસે આગ ચાપી દીધી હતી. આ શખસે અગાઉ જ કાર સળગાવી દેવાની ધમકી આપી હતી જે સાબિત કરી બતાવી. કાર માલિક યુવાનનો પુત્ર આરોપીની બહેનને ભગાડી ગયો હોય જે બાબતનો ખાર રાખી આ કૃત્ય આચર્યું હતું. જે અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. બનાવ અંગે શહેરના વિજયપ્લોટ શેરી નં.૧૦ હીંગળાજ જવેલર્સ સામેચીરાગભાઈ બોદુભાઈ ઘોરી દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં નાણાવટી ચોક આરએમસી ક્વાર્ટર રહેતો આરોપી તરીકે વિમલભાઈ ઉર્ફે ભાયો સતિષભાઈ અગ્રાવત નું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મજુરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પંદરેક દિવસ પહેલા તેનો ભત્રીજો રાજ ચૌહાણ (રહે.આર.એમ.સી ક્વાર્ટર, નાણાવટી ચોક) યુવાનની બ્રેઝા કાર નંબર- જીજે -૦૩-પીડી-૦૧૬૫ વાળી હંકારવા માટે લઈ ગયેલો હતો. બાદમા આજરોજ વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં યુવાન ઘરે હતો ત્યારે મારા ભત્રીજા રાજ ચૌહાણનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, અમારા પાડોશી વીલાસબેન સુરેશભાઈ વાલાણી ઘરે જાણ કરવા આવેલા કે, તમારી ગાડી આપણા ક્વાર્ટરમાં રહેતા વિમલ ઉર્ફે ભાયો સતીષભાઈ અગ્રાવતે સળગાવી નાખી છે અમે રાત્રીના બે વાગ્યાના અરસમા લગ્નપ્રસંગમાથી ઘરે આવ્યા હતા અને કાર આર.એમ. સી ક્વાર્ટરના નીચે પાર્કીંગમા રાખી હતી. ભત્રીજાએ આ વાત કર્યા બાદ યુવાન તાત્કાલીક નાણાવટી ચોક આર.એમ.સી ક્વાર્ટર ખાતે ગયો હતો અને ત્યા જઈને જોતા આગ ફાયર વિભાગે બુજાવી નાખી હતી. ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, બનવાનું કારણ એ છે કે, આજથી એકાદ માસ પહેલા તેનો દિકરો સાહીદ વિમલ સતીષભાઈ અગ્રાવતની બહેન મનીષાને ભગાડીને લઈ ગયો હોય, જે બાબતનો ખાર રાખીને ગત તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ યુવાન ઘરે હતો ત્યારે વીમલે તેના વોટસએપ કોલ કરીને કહ્યું હતું કે, મારી સાથે જુના કેસમા સમાધાન કરી લે નહીં તો તને છરીના ઘોદા મારી દઈશ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપીને ગાડી સળગાવી નાખવાની વાત કરી હતી. બાદમાં તેણે કારમાં આગ લગાડી પોતાની ધમકીને સાબિત કરી બતાવી હતી. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ઝાડ કાપવા મુદ્દે માતા-પુત્રે મહિલા પર કર્યો હુમલો

## નવાગામે વાડીમાં પશુ માટે ઝાડ કાપવા બાબતે પડોશીએ મહિલાને પથ્થરના ઘા ઝીંકી માર માર્યો

**અબતક, રાજકોટ**

શહેરના બામણબોર નવાગામ વિસ્તારમાં પડોશીઓ વચ્ચે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. વાડીમાં પશુ માટે ઝાડ કાપવા જેવી સામાન્ય બાબતમાં પડોશમાં રહેતા મા-દીકરાએ એક મહિલા પર પથ્થર વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બામણબોર નવાગામમાં રહેતા રીનાબેન રસિકભાઈ શેખ (ઉં.વ. ૩૮) પોતાના ઘર પાસે હતા, ત્યારે વાડીમાં માલઢોર માટે ઝાડવા કાપવા બાબતે પડોશમાં રહેતા અજયભાઈ અને તેમના માતા લાભુબેન સાથે તકરાર થઈ હતી. પડોશીએ ઝાડવા કાપવાની ના પાડતા બોલાચાલી શરૂ થઈ હતી, જે બાદ ઉશ્કેરાયેલા અજયભાઈ અને લાભુબેને રીનાબેન સાથે ઝઘડો કરી તેમના પર પથ્થર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં રીનાબેનને શરીરે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ઈજાગ્રસ્ત રીનાબેનના પતિ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બનાવની જાણ થતા પોલીસે હોસ્પિટલ પહોંચી રીનાબેનનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે અને હુમલાખોર મા-દીકરા સામે કાયદેસરની કાર્યવાહી કરવા તપાસ તેજ કરી છે.

# હોસ્પિટલ ચોક નજીક અજાણ્યા બાઈક ચાલકે નર્સિંગની છાત્રાને અડફેટે લીધી

## રસ્તો ક્રોસ કરી રહેલી યુવતીને પુરપાટ ઝડપે આવતા ટુ વ્હીલર ચાલક અકસ્માત સર્જી નાસી છુટ્યો

**અબતક, રાજકોટ**

શહેરના જયુબલી ચોક થી હોસ્પિટલ ચોક તરફ જતા પ્લેટિનિયમ હોટલ સામે સર્વિસ રોડ ઉપર પગપાળા જતી નર્સિંગની ગર્લ્સને અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે લઈ ગંભીર ઈજા પહોંચાડ્યા અંગેની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વધુ વિગત મુજબ શહેરના જવાહર રોડ હોસ્પિટલ ચોક નજીક ચણાના હોસ્પિટલ ની બાજુમાં ન્યુ મેડિકલ ગર્લ્સ હોસ્ટેલમાં રહી નર્સિંગ નો અભ્યાસ કરતી બીનલબેન દિલીપભાઈ દલખાણીયા નામની ૨૩ વર્ષીય વિદ્યાર્થીની પ્લેટિનિયમ હોટલ બાજુથી ચાલીને હોસ્ટેલ તરફ જઈ રહી હતી ત્યારે સર્વિસ રોડ ક્રોસ કરતી વેળાએ જુબેલી ચોક તરફથી ફૂટપાટ ઝડપે આવતા બાય કે પીનલબેન પટેલ ને ઠોકરે લઈ અજાણ્યો બાઈક ચાલક નાસથી છૂટીયો હતો આ અકસ્માતમાં ગંભીર રીતે ખવાયેલ બીનલબેન દલખાણીયા ને મોઢા અને જડબાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી છે. આ બનાવની જાણ એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફને થતા દોડી જય અજાણ્યા બાઈક ચાલક સામે ગુનો નોંધે પીએસઆઈ એમ આર મકવાણા સહિતના સ્ટાફ દ્વારા ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે


**સીવીલ કોર્ટ નોટીસ**

**રાજકોટના મે. 8TH એડીશનલ સીનીયર સીવીલ જજ**
**શ્રી I. M. SHAIKH સાહેબની કોર્ટમાં,**
**દિવાની પર. અરજી નં. ૨૫૪/૨૦૨૬**

અરજદાર શ્રી ચંદ્રેશ શાંતીલાલ વીરાણી એ ગુજરનાર કુંદનબાળા (કુંદનબેન) શાંતીલાલ વીરાણીની માલીકીની મીલ્કત જે રાજકોટ શહેરમાં રામકૃષ્ણ શેરી નં. ૧, ૨ માં **'શિખર એપાર્ટમેન્ટ'** ના નામથી ઓળખાતી બિલ્ડીંગ માંહેથી **ફર્સ્ટ ફલોર** ઉપર ફલેટ આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૫ સીટી સર્વે નં. ૨૪૫૧ છે. જેમાં ગુજરનારનો ૧/૨ અવિભાજય હિસ્સો આવેલ છે આ ૧/૨ અવિભાજય હિસ્સાની મીલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના એડવોકેટ શ્રી દીલીપભાઈ મીઠાણી, ગૌરાંગ એચ. મહેતા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે, તે સંબંધે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૧૭/૩/૨૦૨૬ના સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ : ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપેલ છે.

તૈયાર કરનાર
(પી. એમ. અમદાવાદી)
આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

હુકમથી
(એન. આર. વ્યાસ)
રજીસ્ટ્રાર
પ્રિન્સિપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ


# ચેક રિટર્નના કેસમાં ઓઈલ મિલરનો નિર્દોષ છુટકારો

## ઉલટ તપાસમાં ફરીયાદી રૂ.૧૨ લાખ ધારણ કરવા કે તે રકમનો કોઈ સોર્સ હોવાનું પુરવાર કરી શક્યા નહીં

**અબતક, રાજકોટ**

ખાનગી નોકરિયાત પાસેથી લીધેલા નાણા પરત પેટે આપેલા ચાર ચેક રિટર્ન અંગેના કેસમાં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે ઓઈલ મિલના માલિકને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવેલ છે.

વધુ વિગત મુજબ શહેરના મવડી મેઈન રોડ પર રહેતા અને ગોપાલ ઓઈલના નામે ધંધો કરતા રોહીત મનજીભાઈ પોકર સામે પુનીત નગર પાસે રામેશ્વર પાર્કમા રહેતા અને સપના ફોર્જીંગમાં નોકરી કરતા ગિરીશ છગનભાઈ પાંચાણીપાસેથી રોહિતભાઈએ ધંધાના વિકાસ માટે રૂા.૧૨ લાખ લીધા હતા, રકમ પરત કરવા ઈસ્યુ કર્યા હતા. જે ચેક બેંકમાં રજુ કરતા ચેક પરત ફરતા આરોપી સામે કોર્ટ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદી તરફે કેસ મજબુત પુરાવાથી પુરવાર કરેલ સાથે મહતમ સજા અને દંડ કરવા કરેલ રજુઆત કરાઈ હતી જે સામે આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ કે, ફરીયાદી પોતે જ સપના ફોર્જિંગમા મેતાજી તરીકે નોકરી કરે છે અને તેના માલીક મુકેશભાઈ હીરાણી શ્રી સપના એન્ટરપ્રાઈઝના નામે ધીરધારનું લાઈસન્સ ધરાવતા તે વખતે આરોપીના ભાઈ દ્વારા લીધેલ રકમ રૂા.૫ લાખ વાઉચરોમાં સહી કરાવી સિક્યુરિટી પેટે પરીવારના ચાર ચેકો લીધેલ, જે વ્યવહાર ૨૦૧૭માં પુર્ણ થઈ ગયેલ હોય જે ચાર ચેકોનો મોટી રકમના આંકડાઓ ભરી રિટર્ન કરાવી દુરઉપયોગ કરવામાં આવેલ છે. ફરીયાદી રૂા.૧૨ લાખ ધારણ કરવા કે તે રકમનો કોઈ સોર્સ હોવાનું પુરવાર કરી શક્યા નથી, તેવી હકીકતો અને રેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા આરોપી ગોપાલ ઓઈલના માલિક રોહીત મનજીભાઈ પોકરને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ ફરમાવવામાં આવેલ. આ કેસમાં આરોપી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા તથા મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.


**પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન**

**બાયો-ટોયલેટ લેબની સ્થાપના તથા સંચાલન અને જાળવણી**

**ટેન્ડર નોટિસ નં. M-2026-4-BT-LAB-OKHA તા. 10.02.2026 (i) કામનું નામ -** ઓખા કોચિંગ ડેપો ખાતે સાધન-સામગ્રી અને એસેસરીઝનો પુરવઠો, સ્થાપના અને કમિશનિંગ તથા બાયો-ટોયલેટ લેબની સ્થાપના અને 02 વર્ષ માટે લેબના સંચાલન અને જાળવણીનું કાર્ય. **(ii) અંદાજિત કિંમત:** ₹ 2884148.83 **(iii) ઈએમડી:** ₹ 57700/- **(iv) ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 05.03.2026 ના રોજ 15.00 કલાક સુધી અને 05.03.2026 ના રોજ 15.30 કલાકે ટેન્ડર ખોલાશે. **(v) ઓફિસનું સરનામું** જ્યાંથી: ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે અને નોટિસ બોર્ડનું સ્થાન ડિવિઝનલ રેલવે મેનેજર પશ્ચિમ રેલવે, રાજકોટ-360001 **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in

RJT 201

અમને લાઈક કરો: facebook.com/WesternRly






# પશ્ચિમ રેલવે ૩ જોડી બિનઆરક્ષિત વિશિષ્ટ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૫૧૩ | રાજકોટ – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૬:૫૫ કલાકે રોજ | ૧૦:૫૫ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૧૪ | વેરાવળ – રાજકોટ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૫:૨૦ કલાકે રોજ | ૨૦:૦૦ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: ભક્તિ નગર, ગોંડલ, વિરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૫૮૨ | ભાવનગર – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૪:૫૦ કલાકે રોજ | ૨૧:૩૫ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૮૧ | વેરાવળ – ભાવનગર | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૬:૫૦ કલાકે રોજ | ૧૪:૦૦ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: ભાવનગર પરા, સિહોર, ધોળા, ઢસા, લાઠી, કુંકાવાવ, જેતપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૫૯૧ | વેરાવળ – જૂનાગઢ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૯:૧૫ કલાકે રોજ | ૧૩:૦૦ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૯૨ | જૂનાગઢ – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૩:૨૫ કલાકે રોજ | ૧૭:૦૫ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: સાવણી, તાલાલા, ચિત્રાવડ, સાસણ ગીર, કાનસીયા નેસ, સતાધાર, વિસાવદર, જૂનીચાવંડ, બીલખા અને તોરણીયા સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |

વિરામોના સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર બિનઆરક્ષિત વિશિષ્ટ ટ્રેનો તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તંત્રી લેખ

# વિધાનસભા સંકુલમાં ગુજરાતની કલાનો અનુપમ વૈભવ

ગરવી ગુર્જરીની પ્રોત્સાહક પહેલે કલા-કારીગરોને ગૌરવમય મંચ પ્રદાન કર્યું છે.ગુજરાત વિધાનસભા સંકુલ બન્યું રાજ્યના સમૃદ્ધ કલા વારસાનો અરીસો બન્યું છે.બજેટ સત્ર શરૂ થતાં પહેલા વિધાનસભા પર છવાયો પરંપરાગત અને સાંસ્કૃતિક કલા-કારીગરીનો રંગ દેખાયો છે.વિધાનસભા સંકુલમાં અમદાવાદી માતાની પછેડી, કચ્છી મડ મિરર વર્ક તથા આદિવાસી વારલી કલાની કલાકૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.પ્રજાનું પ્રતિનિધિત્વ કરતી વિધાનસભા હવે કલાનું પ્રતિનિધિત્વ પણ કરી રહી છે. રાજ્યની પરંપરાગત કલા-કારીગરીને પ્રજાના પ્રતિબિંબ સમાન વિધાનસભા સંકુલમાં સ્થાન આપી એક નવતર પગલું ભરવામાં આવ્યું છે અને આ પગલું સમગ્ર રાજ્યની પરંપરાગત કલા સંસ્કૃતિ તથા તેની સાથે જોડાયેલા હજારો કલા-કારીગરોને તેમના કૌશલને પરંપરાગત રીતે આગળ વધારવા માટે પ્રેરણાબળ પૂરૂં પાડશે.

ગુજરાત વિધાનસભા સંકુલ માત્ર શાસનનું કેન્દ્ર નથી રહ્યું, પણ રાજ્યની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો જીવંત અરીસો બની ગયું છે. આ પહેલ હેઠળ વિધાનસભા સંકુલના વિવિધ વિસ્તારોમાં ગુજરાતની ભાતીગળ અને લોકવારસાની ઝાંખી કરાવતી અનોખી લોકકલાકૃતિઓ કંડારવામાં આવી છે, જે રાજ્યની કલા-કારીગરીની વૈવિધ્યતા અને વૈભવને પ્રતિબિંબિત કરે છે.

કુશળતાના આધારે ત્રણ કળાઓની પસંદગી કરવામાં આવી છે.

ગુજરાત વિધાનસભા સંકુલમાં ગુજરાતનું પરંપરાગત મડ મિરર વર્ક,છોટા ઉદેપુરની વારલી આર્ટ તથા અમદાવાદની માતાની પછેડી (પરંપરાગત કલમકારી કળા)નો સમાવેશ થાય છે. આ ત્રણેય લોકકલાકૃતિઓ આજે વિધાનસભા સંકુલના ભીંતો અને વિસ્તારોને શોભા આપી રહી છે અને રાજ્યની સાંસ્કૃતિક ઓળખને ઉજાગર કરી રહી છે.

વારલી કલા દ્વારા પ્રાચીન રાજસભાથી આધુનિક વિધાનસભા સુધીની યાત્રા ભીંતો પર કંડારાઈ છે.

પ્રાચીન હસ્તકલા આજે વિધાનસભા જેવા ગૌરવપૂર્ણ સંકુલમાં જીવંત બની રાજ્યના સાંસ્કૃતિક વારસાને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ગરવી ગુર્જરીનો આ પ્રયત્ન રાજ્યની કલા-કારીગરીને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો છે.


# ભસ્મ અને ભક્તિનો સંગમઃ મહાશિવરાત્રીમાં અઘોરીની ઘોર સાધના

## સ્મશાનની નિશ્ચલતા, શિવતત્ત્વની ઊંડાણમાં અઘોરીઓની તપસ્યા

**અબતક, રાજકોટ**

ભારતની આધ્યાત્મિક પરંપરામાં મહાશિવરાત્રીનું વિશિષ્ટ સ્થાન છે. આ પવિત્ર રાત્રિ માત્ર ઉપવાસ અને જાગરણ પૂરતી સીમિત નથી, પરંતુ આત્મજાગૃતિ, ત્યાગ અને તત્વચિંતનની ઊંડાણભરી સાધનાનો અવસર છે. ખાસ કરીને અઘોરી સંપ્રદાય માટે આ રાત્રિ અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

અઘોરીઓ પરંપરાગત રીતે ભયંકર દેખાય છે, પરંતુ તેમની તત્વદષ્ટિ કરુણાના જીવંત દીપક જેવી છે.



શ્મશાનની ધરાતી પર ભસ્મ જેવું પ્રતિક માનવામાં આવે છે, તે તેઓ માટે માયાના આડંબરને ભસ્મ કરીને જીવનના સત્યને અનુભવવાનો માર્ગ છે. દુઃખ, રોગ, ભૂખ અને એકાંત - આ ચારેય પરિસ્થિતિઓ સાથે સંવાદ સાધીને અઘોરીઓ માનવતાનો અખંડ પાઠ ભણે છે. એમનું હૃદય પથ્થરનું નહીં, પરંતુ સહજ, મૌન અને અનંત કરુણાથી ભરેલું સમુદ્ર છે.

અઘોરીઓ માનતા છે કે સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ અશુદ્ધ કે તિરસ્કારયોગ્ય નથી. જીવન અને મરણ, સુખ અને દુઃખ, શુભ અને અશુભ - સર્વે દ્વંદ્વોથી પર જઈને અદ્વૈત તત્વનો અનુભવું એ જ તેમનું મુખ્ય લક્ષ્ય છે. મહાશિવરાત્રીની રાત્રે તેઓ ખાસ તપ, જપ અને ધ્યાનમાં લીન રહે છે.

શ્મશાન ભૂમિ, જે સામાન્ય માનવી માટે ભયનું પ્રતિક છે, તે અઘોરી માટે વૈરાગ્ય અને સત્યનો પ્રતીકસ્થળ છે. અઘોરીઓ ભગવાન શિવના ભૈરવ સ્વરૂપની આરાધના કરે છે અને જીવનના અસ્થાયિત્વનું ચિંતન કરે છે. તેમના માટે ભસ્મ માત્ર રાખ નથી, પરંતુ અહંકારના દહન અને આત્મબળનો પ્રતીક છે. તેઓ શિવના આ વૈરાગ્યમય સ્વરૂપને અનુસરીને સંસારના બંધનો તોડી મુક્તિ તરફ આગળ વધે છે.

તૈત્તિરીય આરણ્યકમાં કહેવામાં આવ્યું છેઃ

અહીં 'અઘોર' ભયથી પર, દ્વંદ્વથી પર, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ શિવને દર્શાવે છે.

મહાશિવરાત્રીની આ દિવ્ય નિશા અઘોરીઓ માટે માત્ર તહેવાર નહીં, પરંતુ આત્મશકિતનો પુનર્જાગરણ ક્ષણ છે. જેમ ચંદ્ર કળાએ પૂર્ણિમાએ પૂર્ણતા પામે છે, તેમ અઘોરી સાધક તપ, જપ અને ધ્યાન દ્વારા પોતાના અહંકારને ભસ્મ કરી આત્મબળથી પરિપૂર્ણ બને છે. શમશાનની નિશ્ચલતા વચ્ચે તેઓ જીવન અને મરણના ભેદને વિસર્જિત કરી શિવો=હમ્ના અનુભવ સુધી પહોંચે છે.

આ રીતે, મહાશિવરાત્રી અને અઘોરી પરંપરા માત્ર ધાર્મિક વિધિ સુધી સીમિત નથી, પરંતુ તત્વજ્ઞાન અને સાધનાના અગાધ સ્તર સુધી વિસ્તરેલી છે. ભકિત, શ્રદ્ધા અને આત્મજાગૃતિનો આ અદ્વૈત સમન્વય જ મહાશિવરાત્રીની મહિમાને ઉજાગર કરે છે.

**લેખિકાઃ સાદ્વી જી "હ્રીં" ચિંતના શ્રીજી**

# મહાશિવરાત્રી પર્વની દેશ બાંધવોને સાંસદ રામભાઈ મોકરીયાએ પાઠવી શુભેચ્છા

## શિવ આરાધનાના ફળરુપે ભારતને વિશ્વ ગુરુ બને તેવી કામનાનો શિવભકતોને અનુરોધ

**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રી પર્વની દેશ બાંધવોને શુભેચ્છા પાઠવી રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ કામના કરી છે કે શિવ આરાધનાના ફળરુપે ભારત વિશ્વ ગુરુ બની રહે તેવી સૌએ ભોળાનાથને પ્રાર્થના કરવી.

મહાશિવરાત્રી એ હિંદુ ધર્મના લોકોનો ભગવાન શિવજી પ્રત્યેની અસીમ શ્રદ્ધા ધરાવતો અનેરો તહેવાર છે. આ તહેવાર ચાલુ વર્ષના તા.૧૫મી ફેબ્રુઆરી અને રવિવારના રોજ આવે છે. શનિ દોષ હોવાના કારણે તેનું મહત્વ અનેક ગણું વધી જાય છે.



પુરાણો મુજબ શિવરાત્રીના દિવસે દ્વાપર યુગનો પ્રારંભ થયો હતો. પ્રથમ જ્યોતિર્લીંગ પણ આ દિવસે જ પ્રગટ થયું હતું. આ દિવસ એ આખા વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને શ્રેષ્ઠ રાત્રી ગણાતી હોવાથી તેનું નામ મહા શિવરાત્રી રાખવામાં આવેલ છે. જીવ અને શિવ નો યોગ સાધતિ રાત્રી એટલે મહાશિવરાત્રી.

આ દિવસે આપણે સૌ ભગાવન શિવની આરાધાના કરીએ અને શિવ અને શક્તિ ની આરાધાના દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત અને તેને વિશ્વગુરુ બનાવાવાના સપનાને સાકાર કરવાની ભગવાન શિવજીને પ્રાર્થના કરીએ તેવી લાગણી દર્શાવી સાંસદ રામભાઈ મોકરીયાએ શિવરાત્રીની શુભેચ્છા પાઠવી છે.

# હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાનનો માતૃ-પિતૃ વંદના અને સંસ્કાર જાગૃતિ અભિયાન પર ભાર



તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાનના સભ્યોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

હિન્દુ આધ્યાત્મિક સેવા સંસ્થાન રાજકોટ મહાનગરની અગત્યની બેઠક આજે રાજકોટ ખાતે યોજાઈ હતી. બેઠકમાં સંસ્થાનના ગુજરાત પ્રાંત અધ્યક્ષ તુલસીજી ટેકવાણી અને સહ સચિવ સુનીલજી જૈન ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આગામી વર્ષ માટેની જવાબદારીઓની ઘોષણા સાથે માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક દરમિયાન સંસ્થાનના કાર્યવિસ્તાર, આવનારા કાર્યક્રમો અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ૧૪મી ફેબ્રુઆરીના રોજ રાજ્યભરની શાળા-કોલેજોમાં 'માતૃ-પિતૃ વંદના' કાર્યક્રમો આયોજન કરવા માટે અપીલ કરવામાં આવી હતી. સંસ્થાનના આગેવાનોનું માનવું છે કે માતા-પિતા પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ ભારતીય સંસ્કૃતિનો અભિન્ન અંગ છે અને યુવા પેઢીમાં સંસ્કાર જાળવવા આવા કાર્યક્રમો જરૂરી છે.

સંસ્થાન સમગ્ર ભારતમાં કાર્યરત છે અને હિન્દુ મંદિરો, મઠો તથા ધાર્મિક સંસ્થાઓને એક મંચ પર લાવવાનું કાર્ય કરે છે. વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે સંસ્થાન વિવિધ સેવાકાર્યો સાથે જોડાયેલ છે. આંખની હોસ્પિટલ અને સારવાર કેન્દ્ર, નિઃશુલ્ક ભોજન સેવા, નિઃશુલ્ક નિવાસ-છાત્રાલય, શાળા-કોલેજ, પર્યાવરણ સંરક્ષણ, યોગ કેન્દ્ર, સંસ્કાર કેન્દ્ર અને સંસ્કૃત પાઠશાળા જેવા અનેક પ્રકલ્પો દ્વારા સમાજસેવા કરવામાં આવે છે.

અબ તકની શુભેચ્છા મુલાકાતમાં તેમણે વધુમાં ઉમેર્યું હતું કે સંસ્થાન માત્ર ધાર્મિક કાર્યક્રમો પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમાજજીવનના દરેક ક્ષેત્રમાં સેવાભાવી કાર્ય દ્વારા પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. પર્યાવરણ સંરક્ષણ, નારી સન્માન, રાષ્ટ્રભક્તિ જાગરણ, માનવીય મૂલ્યોનું જતન અને ગૌસેવા જેવા વિષયો પર સંસ્થાન સતત જાગૃતિ અભિયાન ચલાવે છે.

# શિવરાત્રીના પાવન અવસરે ચમત્કારિક મહાદેવ મંદિરે થશે શિવ પૂજન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં શિવરાત્રીના પાવન પર્વની આસ્થાભેર ઉજવણીનો માહોલ ઉભો થયો છે, ત્યારે રાજકોટના જાણીતા ચમત્કારિક મહાદેવ મંદિરે પણ શિવરાત્રી પાવન પર્વની ઉજવણી અંતર્ગત શિવ પૂજન સહિતના કાર્યકર્મોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના એ,જી ચોક ખાતે આવેલ ચમત્કારિક મહાદેવ મંદિરે શિવરાત્રી નિમિત્તે રવિવાર તારીખ ૧૫ફેબ્રુઆરીએ સવારે ૫/૪૫ વાગે બપોરે ૧૨ વાગે સાંજે ૬/૩૦વાગે અને રાત્રે ૧૨ વાગે મહા આરતી થશે બપોરે ૧૨વાગે ફરાળ પ્રસાદ અને સાંજે ૭વાગે ચાર પ્રકારના રુદ્રાભિષેક મહાપૂજા આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમ માટે ધર્મેન્દ્રભાઈ ભગત પ્રમુખ ,ગીરીરાજસિંહ રાઠોડ, નીરૂભા વાઘેલા અને ચમત્કારિક મહાદેવ મહોત્સવ કમિટીના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમના બેડમિન્ટનના ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ સિલ્વર મેડલ મેળવ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ ૨૬માં વ્યારા તાપી ખાતે રાજયકક્ષાની બેડમિન્ટન ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું ,આ ટુર્નામેન્ટમાં વીર સાવરકર સ્ટેડિયમના ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ બે સિલ્વર મેડલ મેળવી સૌરાષ્ટ્રને ગૌરવ અપાવ્યું હતું.

વીર સાવરકર સ્ટેડિયમના બેડમિન્ટનના ખેલાડીઓ ના સુંદર પ્રદર્શન કરનાર વી વી પટેલ ( કાકા) ૬૦ ડબલ માં સિલ્વર મેડલ, પ્રીતિબેન લાલચંદાણી ૬૦ પ્લસ મિક્સ ડબલ સિલ્વર મેડલ, દોલતસિંહ ડોડીયા ૬૦ પ્લસ મેન સિંગલ સિલ્વર મેડલ, પૂજાબેન ધોરૂ૪૦ પ્લસ સિલ્વર મેડલ, સાવલિયા આઈ હોસ્પિટલમાં ગુજરાતમાં પ્રથમ ઈન્ટ્રા કુલર લેન્સ નું કરાયું સફળ આરોપણ

ગોડવાડ ફુલાભારતી નવયુગ મંડળના ઉપક્રમે

# રૈયાના રાજરાજેશ્વર મહાદેવ મંદિરે કાલે ઉજવાશે શિવરાત્રી મહોત્સવ

## અબતકની મુલાકાતમાં ફુલાભારતી નવયુગ મંડળના આગેવાનોએ મહાસંમેલન અને મહાશિવરાત્રી મહોત્સવની આપી વિગતો



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં શિવરાત્રી ના ધર્મમ્ય માહોલ વચ્ચે આવતીકાલે ૧૫ ફેબ્રુઆરી રવિવારે ગોડવાડ ફુલાભારતી નવયુગ મંડળ દ્વારા રૈયા ગામે રાજરાજેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રી અને આઠમા મહાસંમેલન સાથે શિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અબતક નીમુલાકાતે આવેલા સમાજના આગેવાનો કેતન ભાઈ સંઘવી, પૂખરાજ ભાઈ લોયાર,પુનારામભાઈ ચૌધરી, સકારામભાઈ રબારી, એ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે. શિવરાત્રી ૧૫ફેબ્રુઆરીએ રાજરાજેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રી મહોત્સવ ઉજવાશે જેમાં રવિવાર સાંજે ૬વાગે મહાપ્રસાદ અને આઠ વાગે મહાશિવરાત્રીની ભજન સંધ્યા ના સંગાથે તમામ ૩૬ સમુદાયના મહાસંમેલન નું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમનો લાભ લેવા ભાવિકોને અનુરોધ કરવામાં આવ્યું છે.

# પં.દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિએ તેઓની પ્રતિમાને પૂષ્પાંજલી અર્પણ કરાય

## ભારત માતાના ગૌરવને પુન સ્થાપિત કરનાર મહામાનવને ભાવવંદના અર્પણ

**અબતક, રાજકોટ**




પંડીત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ ૧૧ ફેબ્રુ.એ રાજકોટ સિવીલ હોસ્પિટલ ખાતે આવેલ પંડીત દીનદયાલ ઉપાધ્યાય મેડીકલ કોલેજ કેમ્પસ કમ્પાઉન્ડમાં આવેલ ગુરુજીની પ્રતિમાએ પંડિત દીનદયાલ ઉપાધ્યાય વિચાર મંચ દ્વારા ભાવાંજલી અર્પણ કરવામાં આવી હતી.ગુરુજીએ જીવનની દરેક ક્ષણ ભારત માતાના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે વિતાવી છે. પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં હતી. પંડીત દીનદયાલ ઉપાધ્યાય વિચાર મંચના સંયોજક રાજુભાઈ ધ્રુવ, ભાવિકભાઈ અગ્રાવત, લલીતભાઈ પાલા, અમિતભાઈ, મોહિતભાઈ બકરાણીયા, પ્રતિકભાઈ ભેડા, પિયુષભાઈ પટેલ, અભિજીત ગઢવી, ધર્મરાજ જાડેજા, પારસ સોલંકી, પરેશભાઈ ભાનુશાલી, ધમભા જાડેજા, યાસુદણ ગઢવી, જયેશભાઈ આદરોજા જોડાયા હતા.

# અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સૌરાષ્ટ્રની પાંજરાપોળને પશુઓને ઠંડીથી બચવા ગ્રીન નેટની સહાય અપાય

**અબતક, રાજકોટ**

કડકડતી ઠંડી ભલભલાના હાડ ધ્રુજાવી દે છે. માણસ તો આવી હાજા ગગડાવતી ઠંડીથી બચવા માટે સગવડતાઓનો સહારો લઈને હૂંફ મેળવી લે છે પરંતુ અબોલ જીવોને તો આવી ઠંડીમાં ઠુંઠવાવા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી. એવી જ રીતે ગાયોની સેવા માટે ચાલતી વિવિધ પાંજરાપોળ અને ગૌશાળાઓમાં રહેલી ગાયોને પણ પુરતી સગવડતાના અભાવે ઠંડીમાં ઠરવું પડતું હોય છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા અર્હમ જીવદયા પ્રોજેક્ટ અંતર્ગત અબોલ જીવોને ઠંડીમાં રક્ષણ આપવાના ભાવ સાથે સૌરાષ્ટ્રની પાંજરાપોળ અને ગૌશાળામાં ગ્રીન નેટ (આડશ તરીકે ઉપયોગ કરવા માટે) પહોંચાડીને અબોલ જીવોને શાતા પહોંચાડવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં શ્રી એકતા ગ્રુપ ગૌશાળા - ગીર, શ્રી રામદેવજી ગૌશાળા - ગડુ, શ્રી દિવ ઉના દેલવાડા મહાજન પાંજરાપોળ, બોટાદ મહાજન પાંજરાપોળ, વેરાવળ મહાજન પાંજરાપોળ, જય સોમનાથ ગૌસેવા ટ્રસ્ટ - વેરાવળ, શ્રી બાલગોપાલ ગૌસેવા ટ્રસ્ટ-વેરાવળ, શ્રી વલ્લભ ગૌસેવા ટ્રસ્ટ-કોયલી, સિદ્ધાર્થ ગૌશાળા-માલિયાસણ, સદ્ભાવના પશુ આશ્રમ ગૌસેવા સારવાર આશ્રમ-ખોરાસા, શ્રી ગોપાલ ગૌશાળા-પિયાવા, શ્રી જીવદયા ગૌસેવા સમાજ ટ્રસ્ટ- લતીપરમાં ગ્રીન નેટ આપીને અબોલ જીવોને ઠંડી સામે રક્ષણ આપવા અર્હમ યુવા સેવા ગૃપ આગળ આવ્યું છે.

હજુ પણ ઘણી જરૂરિયાતમંદ અબોલ જીવોને સાચવતી સંસ્થાઓમાં આ સહાય પહોંચાડવાની કામગીરી સતત ચાલી રહી છે.

અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા અર્હમ જીવદયા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવેલા આ ઉમદા કાર્ય ખરેખર પુણ્યનું ભાથું બાંધવાનું કાર્ય છે.

# દશનામ ગોસ્વામી સમાજ દ્વારા કાલે જાજરમાન શિવ રથયાત્રા

## બપોરે ૨ કલાકે કોઠારિયા રોડ સ્થિત કમળેશ્વર મહાદેવ મંદિરથી યાત્રાનો આરંભ ચૌધરી હાઈસ્કુલમાં સમાપન બાદ મહાપ્રસાદ

**અબતક, રાજકોટ**

શહેરમાં મહાશિવરાત્રી ના પાવન પર્વ નિમિતે આવતીકાલે રવિવારના રોજ સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રાનું દશનામ ગોસ્વામી સમાજ રાજકોટ, શિવ રથયાત્રા સમિતિ દ્વારા સતત ૧૪માં વર્ષે ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ વખતેની શિવ રથયાત્રામાં મુખ્ય રથમાં નેપાળ સ્થિત ભગવાન પશુપતિનાથનું પ્રતીક રૂપ ૨ ફૂટ ઊંચું શિવલિંગ બિરાજમાન થશે. તેની સાથે ૧૨ જ્યોતિર્લિંગ ના ફ્લોટ્સ સામેલ રહેશે. સાથે અયોધ્યા શ્રી રામ મંદિર અને દ્વારકાધીશ મંદિરની ઝાંખી લોકો ને જોવા મળશે. પોરબંદર ની પ્રખ્યાત તલવાર રાસ મણિયારો ની મંડળી, જયપુરથી આવેલ અઘોરી રાસ મંડળી, થાનની રાસ મંડળી, સીદી બાદશાહ ધમાલ નૃત્ય, રાજકોટ ખેરડી સ્થિત વિખ્યાત ગોપાલ ગૌશાળા ની લોક રાસ મંડળીના ૨૫૦ ખેલૈયાઓ રમઝટ બોલાવશે. તેમજ હાથી, ૨૦ ઘોડા તેમજ બગીઓ, ૧૦૦૦ બાઈક અને ૩૦૦ કાર ભાગ લેશે. વિવિધ સામાજિક સંસ્થાઓના ધાર્મિક તેમજ દેશહિતને લગતા વિવિધ ફ્લોટ્સ અને સાંસ્કૃતિક ઝાંખીઓ નિહાળવાનો લ્હાવો રાજકોટની ધર્મપ્રિય જનતાને મળશે. સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રા કોઠારીયા રોડ સ્થિત શ્રી કમલેશ્વર મહાદેવ મંદિર થી બપોરે ૨ વાગ્યે પ્રસ્થાન થઈને, સોરઠિયાવાડી, ભક્તિનગર સર્કલ શ્રી ધારેશ્વર મંદિર, ગોંડલ રોડ, માલવીયા ચોક, યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમ, શ્રી જાગન્નાથ મંદિર, જિલ્લા પંચાયત ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, પંચનાથ મંદિર, સદર બજાર મેઈન રોડ, જુબિલી ચોકપરથી પસાર થશે અને હજારો શ્રદ્ધાળુઓ ભાગ લેશે. આ ઔલોકિક શિવ રથયાત્રા માં રુદ્રાભિષેક કરેલા રુદ્રાક્ષ ના પારાનું પ્રસાદ રૂપે વિતરણ કરવામાં આવશે. ચોધરી હાઈસ્કૂલ મેદાન ખાતે સનાતન હિન્દુ ધર્મ શિવ રથયાત્રાની મહા આરતી કરીને મહાપ્રસાદ બાદ સમાપન થશે. આ આયોજનનો હેતુ સનાતન હિંદુ ધર્મના પ્રચાર- પ્રસાર અને સનાતન ધર્મ પ્રત્યે લોક જાગૃતિ કેળવવાનો છે. આયોજક શિવ રથયાત્રા સમિતિએ શહેરવાસીઓ ને શાંતિપૂર્ણ અને ઉત્સાહ પૂર્વક યાત્રામાં જોડાવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# ઋષભદેવ સંઘમાં મુક્તિજી મહાસતીજીના દર્શન-વંદનનો મહા લાભ લેતા અગ્રણીઓ

**અબતક, રાજકોટ**

ગોંડલ સંપ્રદાયના 'જશ' પરિવારના ગુરૂભગવંત રાજેશમુનિજી મહારાજસાહેબના આજ્ઞાનુવર્તી પરમ પૂજ્ય ગુરુણીભગવંત કુસુમબાઈ મહાસતીજીના નવદીક્ષિત શિષ્યારત્ના મુક્તિજી મહાસતીજી ભગવંતે રાજગુરૂભગવંતના શ્રીમુખે ૧૩ ફેબ્રુઆરી, શુક્રવારના ૨૨માં ઉપવાસ તથા સંથારાના દિવસે પૂર્ણ સભાન અવસ્થામાં જાગૃતિપૂર્વક ચતુર્વિધ શ્રીસંઘની મંગલ ઉપસ્થિતિમાં આજીવન સંથારો અંગીકાર કરેલ છે. તા.૧૪ ફેબ્રુઆરીના રોજ સંથારાના ૨૩માં દિવસના પચ્ચકખાણ પૂજ્ય ગુરુભગવંતના શ્રીમુખેથી ગ્રહણ કરેલ છે.

રાજકોટ મુકામે ઋષભદેવ જૈન ઉપાશ્રયની પાવન પવિત્ર ભૂમિ ઉપર ૨૩ જાન્યુઆરીએ મુક્તાબેન બાલુભાઈ ખારા (ઉ.વ.૯૫)ની સંથારા સાધનાનો પ્રારંભ થયો અને સાગારી સંથારાના ૧૭માં ઉપવાસના દિવસે તા.૮ ફેબ્રુઆરીના રોજ જૈન ભાગવતી



દીક્ષા 'રાજગુરૂભગવંત'ના શ્રીમુખે અંગીકાર કરીને ગોંડલ ગચ્છના 'જશ' પરિવારના નવદીક્ષિત મુક્તિજી મહાસતીજી ભગવંત બનેલ.

અનેક શહેરોથી જુદા-જુદા ક્ષેત્રના અનેક અગ્રણીઓ તથા શ્રાવક-શ્રાવિકાજીઓ આજીવન અનશન સાધક મહાસતીજી ભગવંતના દર્શન-વંદન અને તપસ્યાની અનુમોદનાનો મહાન લાભ લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. આરાધકની દુષ્કર મહાઆરાધનાની અનુમોદના કરવાનો આ અત્યંત સોનેરી અવસર રહેલો છે. રાજકોટના ધારાસભ્ય દર્શિતાબેન શાહ તથા વિવિધ જૈન અગ્રણીઓ ઋષભદેવ સંઘમાં આરાધકની અનુમોદના કરવા પધારેલ અને પૂ.ગુરુભગવંત એવમ્ સંથારા સાધક મહાસતીજી ભગવંતના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી. સેંકડો શ્રાવક-શ્રાવિકાજીઓએ વધારેમાં વધારે વ્રત-નિયમ-તપ-ત્યાગ- પ્રતિજ્ઞા આદિ દ્વારા આરાધકની અનશન આરાધનાની અનુમોદના કરી ભાવવિભોર થઈ રહ્યા છે.

નવદીક્ષિત મહાસતીજી ભગવંત અતિ દુર્લભ માનવભવને સાર્થક કર્યાના અવિરત આનંદ અને પ્રસન્ન ચિત્તે પૂર્ણ સભાનતામાં આજીવન અનશન તપની અંતિમ આરાધનામાં રમણતા કરી રહ્યા છે.

આજીવન અનશનની અતિદુષ્કર મહાઆરાધનાની અનુમોદના તથા નવદીક્ષિત મહાસતીજી ભગવંતના દર્શનનો લાભ ઋષભદેવ ઉપાશ્રયે (૧-તિરૂપતિનગર, કેન્સર હોસ્પિટલ સામે, નિર્મલા રોડ પાસે, રાજકોટ) સવારે ૯.૦૦ થી ૧૨.૩૦ અને બપોરે ૩ થી ૫ થઈ શકશે.

ઉપરોક્ત યાદી શ્રી ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિદ્ધાંત સંરક્ષક સમિતિ-રાજકોટના સહપ્રમુખ પરેશભાઈ પટેલે (મો.૯૪૨૬૭ ૧૨૨૮૯) જણાવેલ છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમા ૨૩ બેઠકો માટે ૯૯ ઉમેદવારો વચ્ચે જંગ

## ૧૦૩ ઉમેદવારી પત્રો રજૂ થયા તે પૈકી બે ફોર્મ રદ અને બે ઉમેદવારી પાછી ખેંચી, છઠ્ઠી માર્ચે મતદાન

**અબતક,રાજકોટ**

આગામી તારીખ છઠ્ઠી માર્ચે યોજાનારી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીની કાર્યવાહીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ સમય બાદ ૨૩ બેઠકો માટે કુલ ૯૯ ઉમેદવારોમાં ૭૯ પુરુષ અને ૨૦ મહિલા ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. જેમાં 30 ટકા બેઠકો મહિલા અનામત છે. આ ચૂંટણીમાં રાજકોટમાં દિલીપ પટેલે ચોથી વખત ઉપરાંત વરિષ્ઠ ધારાશાસ્ત્રી સ્વ. અભય ભારદ્વાજના પુત્રી અમૃતા ભારદ્વાજ, સી. એચ. પટેલ, જીતેન્દ્ર પારેખ અને ભૂમિકા પટેલ વગેરે પાંચ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૨૫ સભ્યો પૈકી બે બેઠકો કો-ઓપ્ટ કરાતા બાકીની ૨૩ બેઠકો (પાંચ બેઠકો મહિલા અનામત)ની ચૂંટણી કાર્યવાહીમાં કુલ ૧૦૩ ઉમેદવારી પત્રો ભરાયા હતા, તેમાં ઉમેદવારી પત્રોની ચકાસણી, ફોર્મ પાછા ખેંચવાની વગેરે કાર્યવાહી બાદ છેલ્લે ૯૯ ઉમેદવારોમાં ૭૯ પુરુષો આને ૨૦ ઉમેદવારોનું આખરી ચિત્ર જાહેર થયું છે. આ વખતની ચૂંટણીને લઇ ૧૫૦ જેમાં મતદાનમથકો નક્કી આવ્યા છે, જ્યાં સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી મતદાન યોજાશે, મતદાન મથકો ખાતે પોલિંગ ઓફિસરોને સુપરવિઝન સહિતની જવાબદારી સોંપાશે.

### ચૂંટણીમાં ઝંપલાવનાર અગ્રણી વકીલો

(૧) જે.જે.પટેલ (૨) અનિલ. સી.કેલ્લા (૩) કરણસિંહ બી.વાઘેલા (૪) કિરીટ બારોટ(૫) દિલીપ પટેલ (૬) મનોજ અનડકટ (૭) ભરત ભગત (૮) વંદના ભટ્ટ(૯) વૈશાલી જાની (૧૦) પ્રીતિ જોષી(૧૧) શીતલ ઉપાધ્યાય સહિત ૯૯ વકીલોએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં સભ્યપદ મળવવા જંપલાવ્યું છે.

આ ચૂંટણીની વકીલ સમાજમાં પ્રતિનિધિત્વ અને સમાનતા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ચૂંટણી દ્વારા આગામી પાંચ વર્ષ માટે બીસીજીની નવી કમિટીની રચના કરવામાં આવશે. આ ચૂંટણીમાં ખાસ ધ્યાન ખેંચનારી બાબત એ છે કે 30 ટકા મહિલા ઉમેદવારો માટે અનામત જોગવાઈ અમલમાં મૂકવામાં આવી છે.

આ ચૂંટણીની ધ્યાન ખેંચનારી મહત્વની બાબત એ છે કે ૨૩ સભ્યો માટેની ચૂંટણીમાં પ્રથમ વખત ઓછામાં ઓછા પાંચ મહિલા ઉમેદવારોની પસંદગી ફરજિયાત કરવામાં આવશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા બે મહિલા ઉમેદવારોની કો-ઓપ્શન મારફતે નિમણૂક કરવામાં આવશે, જેથી કુલ ૨૫ સભ્યોની ટીમ તૈયાર થશે. જે માટે તારીખ છઠ્ઠી માર્ચ ૨૦૨૬ના રોજ મતદાન થશે.


### આણંદના સી.કે. પટેલની ઉમેદવારી વિદેશી નાગરિકતાને કારણે રદ


બીસીજીની ચૂંટણીની કાર્યવાહી દરમિયાન ૧૦૩ ઉમેદવારી પત્રોમાં બે ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા જ્યારે અન્ય બે ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચ્યા હતા. ગાંધીનગરના અજીતસિંહ ગોહિલનું ફોર્મ મુખ્ય ચૂંટણી અધિકારીએ અયોગ્ય ઠેરવ્યું હતું. જ્યારે બીજા એડવોકેટ આણંદના ચેલાભાઈ કરશનભાઈ પટેલ (સી.કે. પટેલ)ની ઉમેદવારી સામે તે વિદેશી નાગરિક હોવાનો મુદ્દો ઉઠાવી અન્ય ઉમેદવાર મનોહરસિંહ પરમારે આ હકીકત અન્ય વકીલ અગ્રણીઓના સમર્થન સાથે દિલ્હી સુધી લઈ જતા હાઈપાવર ઈલેક્શન કમિટીએ ચેલાભાઈ કરસનભાઈ (સી.કે.) પટેલે સ્વૈચ્છિક રીતે યુનાઈટેડ કિંગડમ ઓફ ગ્રેટ બ્રિટન અને નોર્થર્ન આયરલેન્ડની નાગરિકતા સ્વીકારી તથા મેળવી છે અને તેઓ હાલમાં ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા કાર્ડધારક છે. તેથી તેઓ વિદેશી નાગરિક ગણાય છે, તેથી કોઈપણ રાજ્ય બાર કાઉન્સિલના સભ્ય બનવા માટે લાયકાત ધરાવતા ન હોવાનું જણાવી તે બીસીજીની ચૂંટણીમાં ઉમેદવારી માટે અયોગ્ય ઠરતા હોવાનું જણાવ્યું હતું.

### રાજકોટના દિલીપ પટેલે ,વરિષ્ઠ ધારાશાસ્ત્રી સ્વ. અભય ભારદ્વાજના પુત્રી અમૃતા ભારદ્વાજ, સી. એચ. પટેલ, જીતેન્દ્ર પારેખ અને ભૂમિકા પટેલે ઉમેદવારી નોંધાવી

# નચિકેત એવોર્ડ માટે દેવાંશી જોશીની પસંદગી

## લેખક - પત્રકાર નગીનદાસ સંઘવીની સ્મૃતિનો આ એવોર્ડ પૂ.મોરારિબાપુના હસ્તે અપાશે





**અબતક, રાજકોટ**

સ્વ. નગીનભાઇ સંઘવીની સ્મૃતિમાં દર વર્ષે પત્રકારત્વ ક્ષેત્રે નોંધ પાત્ર પ્રદાન કરનારા પત્રકારને નચિકેત એવોર્ડ એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટે ડિજિટલ મીડીયા પ્રદાન કરનાર પત્રકારને 'નચિકેત એવોડ' એનાયત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટે ડિજિટલ મીડીયા પ્લેટફોર્મ 'જમાવટ' ના દેવાંશી જોશીની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. પૂ. મોરારીબાપુના હસ્તે અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહ તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪.૩૦ કલાકે કે.જી. ધોળકીયા સ્કુલઓડીટોરીયમ બાલાજી હોલ પાસે, મહાપૂજા ધામ ચોક ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ ખાતે યોજાશે.

ડિજિટલ મીડિયામાં પોતાની આગવી ઓળખ થકી દેવાંશી જોશી ગુજરાતભરમાં અત્યંત લોકપ્રિય છે. ગુજરાતી પત્રકારત્વમાં ડિજિટલ મીડીયાની શરુઆત તેમણે નાની વયે કરી અને ટુંકાગાળામાં જ સફળતા મેળવી છે. લુણાવાડા પાસે વડાગામમાં જન્મેલા દેવાંશીએ બી.એસ.સી. માઈક્રોબાયોલોજી કર્યા બાદ પત્રકારત્વ ક્ષેત્રે પ્રવેશતા પૂર્વે તેનો વિધિવત અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે ટીવી પત્રકારત્વમાં કારકિર્દીની શરુઆત કરી હતી. મોરબી ઝુલતા પુલ તૂટવાની દુર્ઘટના સમયે તેમને ગ્રાઉન્ડ રિપોર્ટ અને વિશ્લેષણ ખુબ જ વાયરલ થયા હતા.

સાંપ્રત વિષયોથી લઇ રાજકીય અને સામાજીક સમાચારો માટે તે એક મહત્વનું માધ્યમ બન્યું છે. યુ ટ્યુબ, ફેસ બુક અને ઈન્સ્ટ્રાગ્રામ જેવા વિવિધ સોશિયલ મીડીયા પ્લેટફોર્મ્સ ઉપર સારી ચાહના ધરાવે છે.

આ કાર્યક્રમમાં સ્વ. નગીનભાઇ સંઘવી વિશે અમદાવાદ સ્થિત પૂર્વ અધ્યાપક અને જાણીતા સમાજ શાસ્ત્રી ડો. ગૌરાંગ જાની વકતવ્ય આપશે. નચિકેતા એવોર્ડ સ્મૃતિ સમીતીમાં વરિષ્ઠ પત્રકાર ભરત ઘેલાણી અને જયંતિ ચાંદ્રાનો પણ સમાવેશ થયો છે.

# શહેરીજનોને મહાશિવરાત્રીના દિવ્ય પર્વની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## મહાશિવરાત્રીએ શિવતત્વ સાથે એકરૂપ થવાની રાત્રી



**અબતક, રાજકોટ**

રાજકોટ - વિધાનસભા ૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડએ આવતીકાલે તા.૧૫/૨, રવીવારના રોજ મહાશિવરાત્રીના પાવન પર્વની શહેરીજનોને ભક્તિસભર શુભેચ્છા આપતા જણાવ્યું છે કે મહાશિવરાત્રીએ ભારતમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાંથી એક છે. ત્યારે સ્વયંભુ ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં શંકરને સદાશિવ કહેવાય છે. શિવનું મંદિર શાસ્ત્રોક્ત દ્રષ્ટિએ જીવનમાં માનવદેહ અને મનનું પ્રતિક અને ભાવના બની રહે છે. હિન્દુ ભક્તો દ્વારા ખૂબ જ આસ્થા અને ઉત્સાહ સાથે આ દિવસે શિવજીની આરાધના કરવામા આવે છે. શિવજીને મહા માસની અંધારી ચૌદશ રાત્રિ અતિ પ્રિય છે. તેથી તેને મહાશિવરાત્રી કહેવાય છે.

મહા શિવરાત્રીએ શિવતત્વ સાથે એકરૂપ થવાની રાત્રી છે. આવતીકાલે સમગ્ર રાજકોટના શિવાલયો 'બમ બમ ભોલે'ના નાદથી ગુંજી ઉઠશે. શહેર શિવભક્તિના રંગાશે અને સત્યમ શિવમ સુંદરમના ત્રિગુણનો શહેરના ખમીરવંતા પ્રજાજનો સાક્ષાત્કાર કરે તેવી શુભકામના પાઠવતા સોમનાથ દાદા સૌના જીવનમાં આરોગ્ય, આનંદ અને પ્રગતિનો આશીર્વાદ વરસાવે તેવી કામના કરતા ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.

# સાંકળચંદ પટેલ યુનિ.માં સ્ટાર્ટઅપ ઉદ્યોગ સાહસિકતા અંગે તાલીમ સેમિનાર યોજાયો

## નિષ્ણાંત તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને બીઝનેશમેન બનવા આપ્યુ માર્ગદર્શન



**અબતક,રાજકોટ**

વિસનગરઃ સંકલચંદ પટેલ યુનિવર્સિટીનાં સંલગ્ન એસ. બી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા તારીખ ૯ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમ્યાન સ્ટાર્ટઅપ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતા વિષય પર વિદ્યાર્થી તાલીમ કાર્યક્રમનુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિક દૃષ્ટિકોણ વિકસાવવાનો, નવીન વિચારશક્તિ પ્રોત્સાહિત કરવાનો તથા સ્ટાર્ટઅપ સંબંધી વ્યવહારિક જ્ઞાન પ્રદાન કરવાનો હતો.

કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિષય નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વ્યાખ્યાન, પરસ્પર ચર્ચા સત્રો અને વ્યવહારિક તાલીમ સત્રો યોજાયા. જેમાં સ્ટાર્ટઅપ નીતિઓ, નવીનતા ઈકોસિસ્ટમ, અચીવમેન્ટ મોટિવેશન, બિઝનેસ પ્લાન તૈયાર કરવાની પ્રક્રિયા અને ઉદ્યોગસાહસિક તકો જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ચેરમેન પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી. એમ ઉદાણી, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, અને ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીજના ડીન ડો. જીતેન્દ્ર શર્મા સાહેબે શુભેચ્છા પાઠવી અને બીબીએ કોલેજના પ્રિન્સિપલ ડો. ચિરાગ રાઠોડ તથા આયોજન કરનાર સ્ટાફનો હૃદયથી આભાર વ્યક્ત કર્યું હતો..

કાર્યક્રમનું સફળ આયોજન ડો. પ્રદીપ કુમાર મિશ્રા અને મિતેશકુમાર ઠાકોર દ્વારા કરવામાં આવ્યું, જેમાં આયોજક સમિતિના સભ્યોનો સક્રિય સહયોગ રહ્યો.

# કલોરિન ગેસનું લીકેજ કેમ અટકાવવુ? કોર્પોરેશન દ્વારા યોજાયું ટ્રેનીંગ સેશન



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વોટર મેનેજમેન્ટ યુનિટ શાખા દ્વારા તાજેતરમાં વેસ્ટ ઝોન અંતર્ગત આવેલ ન્યારી ફિલ્ટર પ્લાન્ટ, રૈયાધાર ફિલ્ટર પ્લાન્ટ, ઘંટેશ્વર ફિલ્ટર પ્લાન્ટ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પમ્પિંગ સ્ટેશન, સોજીત્રા નગર પમ્પિંગ સ્ટેશન, મવડી પમ્પિંગ સ્ટેશન તથા વાવડી પમ્પિંગ સ્ટેશન ખાતેના સ્ટાફ માટે કલોરીન લીકેજ અટકાવવા બાબતનું વિશેષ ટ્રેનિંગ સેશન આયોજન કરવામાં આવ્યું હતું.

આ ટ્રેનિંગ સેશન દરમિયાન સ્ટાફને કલોરીન લીકેજ જેવી આકસ્મિક પરિસ્થિતિમાં સુરક્ષિત રીતે કામગીરી કરી શકાય તે માટે ઓક્સિજન બાટલા પહેરવાની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે કલોરીન લીકેજ નિયંત્રણ માટેની વિવિધ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં બ્લાઈન્ડ કલેમ્પ લગાવવાની પ્રક્રિયા તેમજ કલોરીન સેફટી કીટના યોગ્ય ઉપયોગ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરની પાણી પુરવઠા વ્યવસ્થામાં સલામતીના ઉચ્ચ ધોરણો જાળવી રાખવા માટે સતત તાલીમ અને સજ્જતા પર ભાર મુકવામાં આવી રહ્યો છે, જેથી કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં ત્વરિત અને અસરકારક પગલાં લઈ શકાય.

### વેલેન્ટાઇન ડેનાદિવસે

# નિધિ સ્કુલમાં પુલવામાના શહીદોને શ્રધ્ધાંજલી સાથે શિવ ભગવાનની આરાધના



**અબતક, રાજકોટ**

સમગ્ર વિશ્વના લોકો વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરી રહ્યો હોય, ત્યારે નિધિ સ્કૂલ દ્વારા ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯માં જમ્મુ કાશ્મીર નેશનલ હાઈવે ના પુલવામાં ગામ નજીક સીઆરપીએફના નિર્દોષ જવાનોને આતંકી કૃત્ય દ્વારા શહીદીને પામેલ હતા, તેઓને યાદ કરી વિદ્યાર્થી ભાઈ બહેનોએ આજ રોજ આ દિવસને બ્લેક ડે એટલે કે કાળો દિવસ તરીકે ઉજવણી કરી બધા વિદ્યાર્થી ભાઈ બહેનો કાળા રંગના ડ્રેસ કોડમાં આવેલ હતા અને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરેલ હતી,

તેમજ આવતીકાલ દેવોના દેવ મહાદેવનું મહાપર્વ મહાશિવરાત્રી હોય, આજ રોજ ભગવાન શિવની લિંગ નું સ્થાપન કરી તેનો જળાભિષેક કરી, દૂધ અને બિલવપત્ર ચડાવી ભગવાન શિવની વંદના સર્વે વિદ્યાર્થી ભાઈ બહેનોએ કરેલ હતી, તેમજ મહા આરતી કરેલ હતી, આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ સમગ્ર શિક્ષક ગણ જોડાયેલ હતો.

# મંગળવારે કંકણાકુતિ સુર્યગ્રહણ જોકે ભારતમાં જોવા નહીં મળે

## ૪.૩૧ કલાક ચાલનારા સૂર્યગ્રહણ પેસીફીક ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા ફીઝીમાં દેખાશે

**અબતક,રાજકોટ**

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં મંગળવાર તા. ૧૭ મી ફેબ્રુઆરીએ કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો-કરોડો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહણ દક્ષિણ આર્જેન્ટીના, ચિલી, દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકા, પેસિફિક, ફીઝીમાં જોવા મળવાનું છે. ભારત જન વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ગ્રહણની અવધિ ૦૪ કલાક ૩૧ મિનિટની છે.

સંવત ૨૦૮૨ મામસ કૃષ્ણપક્ષ અમાસને મંગળવાર તા. ૧૭ મી ફેબ્રુઆરી, ૨૦૨૬ કુંભરાશિ અને ઘનિષ્ઠા નક્ષત્રમાં થનારૂ કંકણાકૃતિ સૂર્યગ્રહણની અદ્દભુત ખગોળીય ઘટના બનવાની છે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ ગ્રહણનો અદ્દભુત નજારો આ ગ્રહણ ખંડગ્રાસ સ્વરૂપે દક્ષિણ આર્જેન્ટિના, ચિલી, દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકાના અમુક ભાગમાં ઉપરાંત પોર્ટ લુઈસ, સેન્ટ ડેનિસ, એમ્બોવોમ્બે, એન્ટાનાનારીયો, ટોમસિના, ફિયાનારન્ટસોઆ, મોરોન્ડાવા, મનકારા, અંતસિરાએ, મહાનોરોમાં પણ જોવા મળશે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૧૫ કલાક ૨૬ મિનિટ ૨૬ સેકન્ડ, ગ્રહણ સંમિલન : ૧૭ કલાક ૧૨ મિનિટ ૫૪ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૧૭ કલાક ૪૨ મિનિટ ૦૪ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૧૮ કલાક ૧૧ મિનિટ ૨૯ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૧૯ કલાક ૫૭ મિનિટ ૪૨ સેકન્ડ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૬૩, સંપૂર્ણ ગ્રહણ કાળ : ૦૪ કલાક ૩૧ મિનિટનો રહેશે. કંકણાકૃતિ ગ્રહણનો કુલ સમય ૦૨ મિનિટ ૨૦ સેકન્ડ અદ્દભુત જોવા મળશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ છતાં રાજયમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ ગામે ગામે આપશે.

# વિવેકાનંદ યુથ કલબ દ્વારા ધાબળા વિતરણ

**અબતક,રાજકોટ**

વિવેકાનંદ યુથ કલબ દ્વારા શિયાળાની કડકડતી હાડ થીજવી નાંખતી ઠંડીમાં જેમને ઉપર આભ નીચે ધરતી છે તેવા ખુલ્લા મેદાન ફૂટપાથ, દુકાનના ઓટા પર સૂતેલા કે બાંધકામ સાઈટ પર ઈંટ કે બેલાની આડશ બનાવીને ભગવાન ભરોસે નાના નાના ભૂલકાઓ સહિત સમાજના આપણા જરૂરતમંદ લોકોને ઠંડીમાં હૂંફ મળી રહે તે માટે રાતે અંતરિયાળ વિસ્તારમાં જઈને સેવાના રંગે રંગાયેલ સંસ્થાના કાર્યકર્તાઓએ નવસો ધાબળાનું વિતરણ કરવામાં આવેલ.વિતરણ કાર્યમાં દાતાઓ જયંતિલાલ એમ પટેલ, નાવ્યાબેન પટેલ, ધનશ્યામ ઠક્કર, રામજી શિયાણી, પંકજ માણેક, સાગર દોશી, મહેન્દ્ર ગાંધી, રમેશ ઠક્કર, નલિન તન્ના, માનસી છાપીયા, જનાર્દન આચાર્ય, આઈ વી.એમ.ફાઉન્ડેશન સહિતના નામી અનામી સ્વજનોનો સહયોગ સાંપડેલ

જનસેવાના ઉમદા કાર્યમાં સંસ્થાના અનુપમ દોશી, જીતુભાઈ ગાંધી, પંકજ રૂપારેલિયા, હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાની, હાર્દિક દોશી, રમેશ શિશાંગીયા વગેરે સહભાગી બનેલ.

# જાહેર ખબર ક્ષેત્રે સેવારત વાઈકિંગ એડવર્ટાઈઝીંગનો કાલે શિવરાત્રીએ ૨૨માં વર્ષમાં મંગલ પ્રવેશ

## જાહેરખબર-બિઝનેસ પ્રમોશન ક્ષેત્રે વાઈકિંગનો ૨૧ વર્ષની સફળ ગાથા

**અબતક,રાજકોટ**

મહાશિવરાત્રિના પવિત્ર પર્વે વાઈકિંગ એડવર્ટાઈઝીંગ એજન્સી, જન્મ દિવસ ઉજવી ૨૨ માં વર્ષમાં મંગલ પદાર્પણ કરી રહયા છીએ.

રાજકોટ શહેર સ્થિત છેલ્લા ૨૧ વર્ષથી જાહેરખબર અને બીઝનેસ પ્રમોશનના વ્યવસાયમાં વાઈકિંગ સૌરાષ્ટ્ર તથા સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. ગુજરાત ઉપરાંત દેશના અન્ય મિડીયામાં તેમજ વિદેશના અખબારોમાં કસ્ટમરની જાહેરાતોનું કામ શ્રેષ્ઠ ડીઝાઈન અને ઉતમ ક્રિએટીવીથી આર્ટ મટીરીયલ બનાવી દરેક કેમ્પેઈનનું કામ સમય બધ્ધ પુરા કરે છે.

વાઈકિંગ પ્રીન્ટ મિડીયામાં ન્યુઝ પેપર, મેગેઝીન ઉપરાંત રેડિયો, ટીવી ચેનલો, સિનેમાં સ્લાઈડ,હોર્ડીંગ, બ્રાન્ડીંગ પ્રમોશન તથા ડીઝીટલ તેમજ સોશિયલ મિડીયામાં દરેક પ્રકારની ધંધાકીય જાહેરખબરનીનું કામ ઉતમ સર્વીસ સપોર્ટ થકી દરેક કસ્ટમરના રીયલ ટાર્ગેટ ઓડિયન્સ સુધી પહોંચાડવાનું કામ કરીએ છીએ. વાઈકિંગ હોર્ડીંગ્સ રાજકોટ શહેરમાં તથા આસપાસના વિસ્તારમાં અને બહારગામના પ્રખ્યાત સ્થળોની આસપાસ લાગેલા છે.

વાઈકિંગના કલાયન્ટ લીસ્ટમાં મેડીકલ સર્વીસ, સરકારી તેમજ અર્ધ સરકારી સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ,ડ્રાય ફુડ ઉત્પાદકો, બિલ્ડર્સ, બિલ્ડીંગ મટીરીયલ્સ સપ્લાયર્સ, શૈક્ષણિક સંસ્થાઓ, ગારમેન્ટ્સ શોરૂમસ, લીગલ એડવાઈઝર્સ, બેન્કો, ફાયનાન્સીયલ સંસ્થાઓ, જવેલર્સ, ઓટો મોબાઈલ્સ શો-રૂમ, વગેરેનો સમાવેશ છે.

જાહેરખબર ઉપરાંત વાઈકિંગ કલાયન્ટ વતી પ્રેસ કોન્ફરન્સ, ઈવેન્ટ મેનેજમેન્ટ, ફેશન શો, એકિઝીબીશન, પ્રોપર્ટી શો વગેરેનું આયોજન વાઈકિંગ કરે છે. સંસ્થાની ટીમ દ્વારા ઉતમ કાર્યશૈલી દ્વારા દરેક કાર્યનું સંચાલન સફળતાથી કરવામાં આવે છે.

વાઈકિંગ રાજકોટ એડવર્ટાઝીંગ સર્કલ તથા રાજકોટ આઉટડોર એસોશિએશનના મેમ્બર છે. બ્લડ ડોનેશન કેમ્પ, મેડીકલ કેમ્પ, ધાર્મિક ઉત્સવો તથા અન્ય રાહત કેમ્પમાં નિયમિત સેવા આપે છે.

દરેક કસ્ટમરોના સહકાર અને સપોર્ટ થકી વાઈકિંગ વ્યવસાયમાં છેલ્લા ૨૧ વર્ષમાં ધારી સફળતા મેળવી છે અને તેથી જ વાઈકિંગ વિકસાવવા અમે રાજકોટમાં ટાગોર રોડ પર કોર્પોરેટ ઓફિસમાં સ્થળાંતર કરી ચુકી છે.

મહાશિવરાત્રિના પાવક પર્વે વાઈકિંગ વ્યવસાયમાં ૨૨માં વર્ષમાં પ્રવેશ કરે છે.

વાઈકિંગના દરેક વિજ્ઞાપન દાતાઓ, સામાજિક સંસ્થાઓ, મિત્રો તથા શુભેચ્છકોએ અમને ગત વર્ષ દરમ્યાન જે સાથ સહકાર આપ્યો છે તે બદલ વાઈકિંગ સર્વેના આભારી છીએ, અને ભવિષ્યમાં પણ વિશેષ સહકાર મળી રહે તેવી

અપેક્ષા સાથે વાઈકિંગ દરેક કસ્ટમરોને સમયસર ઉતમ સેવા પુરી પાડીશુ તેવી ખાતરી વ્યકત કરી છે.

# જસદણના શિવરાજપુર ગામે નજીવી બાબતે ખેલાયેલા ધીંગાણામાં પિતાની હત્યા: પુત્ર ગંભીર

## રસ્તામાં કાર ઉભી રાખવા બાબતે થયેલી બોલાચાલીના સમાધાન માટે એકઠા થયા ત્યારે હુમલો કર્યો, વાહન હેઠળ કચડવા પ્રયાસ, પાંચ સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

જસદણના શિવરાજપુર ગામે રસ્તામાં ગાડી ઉભી રાખવા જેવી બાબતે ખૂની ખેલાયો હતો. જેમાં પાંચ શખસોએ પિતા- પુત્ર પર હથિયારો વડે જીવલેણ કરતા પિતાનું મોત થયું હતું જયારે પુત્રની હાલત ગંભીર છે. આ અંગે પોલીસે હત્યા, હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

જાણવા મળતી વિગતો મુજબ,હાલ રાજકોટના ત્રંબા ગામે રહેતાં અને મૂળ ખાંડા હડમતીયા ગામના વતની શૈલેષભાઈ છગનભાઈ ઝાપડીયા (ઉ.વ.30) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સંજય નારણ મુંધવા, વિરમ રઘુ મુંધવા, વજા રઘુ મુંધવા, નારણ રાજા મુંધવા અને સાગર નથુ મુંધવાનુ નામ આપ્યું છે. ગઈ તા.૧૨ ના તેનો ભાઈ નિલેષ અને ગામના બાબુ છેલ્લુભાઈ ઝાપડીયા બન્ને ખાંડા હડમતીયા ગામની સીમમાં રસીકભાઈ ઝાપડીયાની વાડીએ લગ્ન પ્રસંગ હોય બુલેટ લઈને જતા હતા. રસ્તામાં ઉભા રહેલ જે દરમિયાન સંબંધી ભાવેશભાઈ ઝાપડીયા રોડ ઉપર કાર લઈને સામા મળતા તેની કાર ઉભી રાખતા પાછળ રિક્ષા આવીને ઉભી રહી હતી. રિક્ષા શિવરાજપુર ગામના સંજય મુંધવા ચલાવતો હોય જેને નિલેષભાઈ તથા સાથેના બાબુભાઈને મોટેથી બુમ પાડી રસ્તામાં ગાડી ઉભી નહીં રાખવા બાબતે સંજય ગાળો બોલવા લાગેલ જેથી ભાઈ તથા ભાબુભાઈ ત્યાંથી જતા રહ્યા હતા. ગઈકાલે ફરીયાદીનાં પિતાના ફોનમાં શિવરાજપુર ગામના વિરમ મુંધવાનો ફોન આવેલ કે, કાલે રાત્રીના તમારા દિકરાએ મારા કાકાના દિકરાને રસ્તામાં રોડ ઉપર કેમ ઉભો રાખેલ તેવુ કહી અપશબ્દો બોલી તમને બધાને જોઈ લઈશ તેવી ધમકી આપેલ બાદ ફરીથી પણ ધમકીના અને મારી નાખવાના ફોન આ વિરમ પિતાને કરતો હતો.જેથી પિતાએ ત્રણેય ભાઈઓને કહેલ કે, આપણે શીવરાજપુર ગામે સમાધાન માટે સાંજે જવુ છે, જેથી બન્ને ભાઈઓ રાજકોટથી હડમતીયા ગામે આવેલ બાદ પિતા તથા બન્ને ભાઈઓ સાથે શીવરાજપુર ગામે કાળી કશ ખાતે મામાના ઘરે આવેલ અને પિતાએ વિરમ સાથે ફોનમાં સમાધાન બાબતે મામા સાથે વાત કરેલ પરંતુ વિરમ ફોનમાં ગાળાગાળી કરી તમને બધાને જોઈ લઈશ તેવી ધમકી આપતો હોય મામાના ઘરેથી થોડે દુર રોડ ઉપર ઉભા હતા તે દરમ્યાન છોટા હાથી જેવુ વાહન ફુલ સ્પીડે જસદણ બાજુથી આવેલ અને બધા ઉભા હતા ત્યાં તેઓની ઉપર મારી નાખવાના ઈરાદે અમારી ઉપર ચડાવી દીધેલ હતું.જેથી બધા બચવા માટે રોડની સાઈડમાં દોડીને જતા રહેલ હતા જે વાહન શીવરાજપુર ગામનો સંજય મુંધવા ચલાવતો હતો જેથી તેની પાછળ દોડતા તે વાહન લઈને ત્યાંથી નાશી ગયેલ તે દરમિયાન વજા મુંધવા જે હાથમાં છરી લઈને દોડતો આવી મારા પિતા પર છરી વડે હુમલો કરી પેટમાં તેમજ છાતીના ભાગે છરીના ઘા મારતો હતો. જેથી નાનો ભાઈ નિલેષ પિતાને બચાવવા માટે વચ્ચે પડતા આ વજા મુંધવાએ તેને પણ પડખામાં છરીનો ઘા મારી દીધેલ હતો. જે દરમિયાન તેની સાથે નારણ મુંધવા તથા સાગર મુંધવા બન્ને હાથમાં કુંડલી વાળી લાકડી લઈ ઘસી આવી ફરીયાદી અને તેના ભાઈને ઘા ઝીંકી દેતાં હાથ તથા ખંભાના ભાગે લાગેલ હતી.દેકારો થતા આરોપીઓ ત્યાંથી નાશી છુટેલ હતા. ફરીયાદીનાં પિતા તથા ભાઈને છરી વાગવાથી ઈજા થતા રોડ ઉપર પડી ગયેલ હોય તેઓને તાત્કાલીક સારવાર માટે જસદણ સરકારી હોસ્પીટલે લાવેલ જયા તબીબે મોત થયાનું જણાવેલ તથા નાના ભાઈ નિલેષને છરીના ઘા થી ગંભીર ઈજા થઈ હોય પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડયો હતો.મૃતકના પરિવારના સભ્યોએ શંકા વ્યક્ત કરતા પોલીસે ચાર થી પાંચ શખ્સોની ધરપકડ કરી છે બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી પીઆઈ સિધ્ધરાજસિંહ ગોહિલ અને ટીમે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે

### સમાપક્ષે શિવરાજપુરનો આધેડને ઈજા પહોંચતા રાજકોટ સારવારમાં

જસદણના શિવરાજપુમાં મોડી રાતે ખૂની ખેલ ખેલાયો હતો. ખાંડા હડમતીયા ગામના પ્રૌઢની હત્યા અને પુત્રની હત્યાનો પ્રયાસ કરનાર આરોપી નારણ મૂંધવા પણ ગંભીર રીતે ઘાયલ થતાં સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. સીવીલ ચોકીના સ્ટાફના જણાવ્યા અનુસાર શિવરાજ પુર ગામના નારણભાઈ રાજાભાઈ મૂંધવા (ઉ.વ.૪૫) ને ગઈ રાતે અજાણ્યા શખ્સોએ ધારીયાના ઘા ઝીંકી દેતાં ગંભીર ઈજા પહોંચી હતી.

# લોટરી બજારમાં ફૂટ વેપારીને બે શખ્સોએ છરી-ધોકાથી માર માર્યો

## ઈભલા-ફિરિયા સહિતના આરોપીઓએ ૧૫ હજારના હફ્તા ન આપતા કર્યો જીવલેણ હુમલો

**અબતક રાજકોટ**

શહેરના લોટરી બજાર વિસ્તારમાં એમ.કે. ફ્રૂટ નામની દુકાન ધરાવતા વેપારી પર બે શખ્સોએ હફ્તાખોરીના મુદ્દે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ફ્રૂટના વેપારી પાસે ૧૫ હજાર રૂપિયાના હફ્તાની માંગણી કરી ઈભલા અને ફિરિયા નામના શખ્સોએ છરી અને ધોકા વડે માર મારતા વેપારીને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, બજરંગ વાડી શેરી નંબર-૭ માં રહેતા શબીર રફીકભાઈ શેખ (ઉં.વ. ૩૪) લોટરી બજારમાં ફ્રૂટની દુકાન ચલાવે છે. ગઈકાલે રાત્રે ૯:૩૦ વાગ્યાના આસપાસ તેઓ પોતાની દુકાને હતા, ત્યારે ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો અને ફિરિયો નામના શખ્સો ત્યાં ધસી આવ્યા હતા. આ શખ્સોએ શબીરભાઈ પાસે ૧૫,૦૦૦ રૂપિયાના હફ્તાની માંગણી કરી હતી. અગાઉ પણ આ શખ્સો અવારનવાર મફતમાં ફ્રૂટ લઈ જતા હોવાનું સામે આવ્યું છે. જોકે, ગઈકાલે વેપારીએ હપ્તો આપવાની અને મફત ફ્રૂટ આપવાની સ્પષ્ટ ના પાડી દેતા બંને શખ્સો ઉશ્કેરાયા હતા. સામાન્ય બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા ઈભલા અને ફિરિયાએ પોતાની સાથેના માણસોને બોલાવી શબીરભાઈ પર છરી અને ધોકા વડે માર માર્યો હતો. આ હુમલામાં શબીરભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને ભોગ બનનારનું નિવેદન નોંધી હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હુસેની ચોક નજીક પીસીબી સ્ટાફે દરોડો પાડી ઓટો રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી ઝડપી

## ૩૦૦ લીટર દારૂ સાથે ગોંડલના કરણ પરમારની ધરપકડ, રૂપિયા ૨.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો:એકની શોધખોળ

**અબતક,રાજકોટ**



શહેરના કોઠારીયા સોલવન્ટ ફાટકથી હુસેની ચોક નજીક પીસીબી સ્ટાફે દરોડો પાડી ઓટો રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી ઝડપી લઈ પોલીસે ૬૦ હજારની કિંમતનો ૩૦૦ લીટર દારૂ સાથે ગોંડલના કરણ પરમારને ઝડપી દારૂ અને ઓટો રીક્ષા મળી રૂપિયા ૨.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસી છૂટેલા ગોંડલના જય ઉર્ફે જયુ મકવાણાની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં દેશી અને વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા આપેલી સુચના ને પગલે પીસીબીના પીઆઈ એમ આર ગોંડલીયા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ગોંડલના વીંકે નગર માં રહેતો કરણ ગોવિંદ પરમાર નામનો શખ્સ જીજે ૩ ભર્ં ૪૬ ૪૫ નંબરમાં દેશી દારૂનો જથ્થો ભરીને કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ડીલીવરી કરવા આવ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા ને મળેલી બાતમીના આધારે પીએસઆઈ પીબી તાજીયા અને આર.કે જાડેજા સહિતના સ્ટાફે કોઠારીયા સોલવન્ટ નજીક હુસેની ચોક પાસે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની પુરપાટ ઝડપે આવતી ઓટો પરીક્ષાને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૬૦,૦૦૦ ની કિંમત નો ૩૦૦ લીટર દેશી દારૂ સાથે કરણ ગોવિંદ પરમારની ધરપકડ કરી રૂપિયા ૨.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી આ દારૂનો જથ્થો ગોંડલના ભગવત પરા માં રહેતો જય ઉર્ફે જયું રસિક મકવાણાએ મોકલ્યાનું ખુલતા બંને સામે ગુનો નોંધી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# લક્ષ્મીવાડીમાં યુવા એન્જિનિયરના હૃદયના ધબકારા અટકી ગયા

## ૪૦ વર્ષીય કિંજલકુમારનું ઘરે જ બેભાન થઈને હૃદય થંભી જતા મોત નીપજ્યું

**અબતક રાજકોટ**

શહેરમાં હાર્ટ એટેકના વધતા જતા કિસ્સાઓ વચ્ચે વધુ એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું છે. લક્ષ્મીવાડી શેરી નંબર-૭ માં રહેતા અને વ્યવસાએ સોફ્ટવેર એન્જિનિયર એવા ૪૦ વર્ષીય કિંજલકુમાર ધીરજલાલ મદાણી (સોની) નું આજે વહેલી સવારે હૃદયરોગના હુમલાને કારણે નિધન થતા પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વ્રજવિલા લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતા કિંજલકુમાર આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે અચાનક જ બેભાન થઈને ઢળી પડ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ, યુવાનનું મોત હાર્ટ એટેકને કારણે થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ સામે આવ્યું છે. મૃતક કિંજલકુમાર વ્યવસાએ સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત હતા.

તેઓ ત્રણ ભાઈઓમાં સૌથી નાના હતા અને તેમના અકાળે અવસાનથી સોની પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે. ઉલ્લેખનીય છે કે મૃતકને સંતાનમાં બે દીકરાઓ છે, જેમને પિતાની છત્રછાયા ગુમાવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

## (પહેલા પાનાનું ચાલું)

### રૂપિયો...

વર્ષ ૨૦૨૬-૨૭ માં કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને અંદાજે ૩૦ લાખ કરોડ રૂપિયાનું જંગી દેવું કરે તેવી શક્યતા છે. જેમાં કેન્દ્ર સરકાર ૧૭.૨ લાખ કરોડ રૂપિયાનું નવું દેવું કરશે, જે ૨૦૨૫-૨૬ ની સરખામણીમાં ૧૮% વધારે છે. જૂના દેવાની ચુકવણી કરવા માટે જ સરકારે નવું દેવું કરવું પડી રહ્યું છે. આ જંગી ઉધારને કારણે બજારમાં નાણાંની તંગી સર્જાઈ શકે છે અને વ્યાજદરો ઉપર જઈ શકે છે, જે આરબીઆઈની ઈચ્છા વિરુદ્ધ છે.

ભારતીય બજારમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન એફઆઈઆઈ એ કુલ ૬૪,૭૫૯ કરોડ રૂપિયા (૭.૨ અબજ ડોલર) પાછા ખેંચી લીધા છે. જેના કારણે રૂપિયા પર દબાણ વધ્યું છે. જો આરબીઆઈ રૂપિયાને બચાવવા ડોલર વેચે તો માર્કેટમાં લિક્વિડિટી ઘટી જાય અને વ્યાજદરો વધે, જે વિકાસદરને રૂંધી શકે છે. આ સંજોગોમાં આરબીઆઈ પાસે રૂપિયાને ધીરે-ધીરે નબળો પડવા દેવા સિવાય અન્ય કોઈ સરળ વિકલ્પ બચ્યો નથી.

સરકાર દ્વારા દેવું વધારવા પાછળનું એક મુખ્ય કારણ ટેક્સની આવકમાં થયેલો ઘટાડો છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેક્સ ગ્રોથ ૧૦.૮% રહેવાનો અંદાજ હતો, જે હવે ઘટીને ૭.૪% રહેવાની ધારણા છે. આ ધીમી વૃદ્ધિને ધ્યાનમાં રાખીને, ૨૦૨૬-૨૭ માટે ટેક્સ ગ્રોથનો અંદાજ ૮% રાખવામાં આવ્યો છે. આમ છતાં, સરકાર પોતાની રાજકોષીય ખાધ ને ૨૦૨૫-૨૬ ના જીડીપીના ૪.૩૬% થી ઘટાડીને ૨૦૨૬-૨૭ માં ૪.૩૧% સુધી લઈ જવા માંગે છે. આવક ઓછી હોવા છતાં ખર્ચને પહોંચી વળવા માટે સરકારે વધુ ઉધાર લેવું અનિવાર્ય બન્યું છે.

જ્યારે સરકાર બજારમાંથી જંગી નાણાં ઉપાડે છે, ત્યારે અન્ય લોકો (ખાનગી કંપનીઓ) માટે ભંડોળ ઓછું થઈ જાય છે, જેને અર્થશાસ્ત્રની ભાષામાં ''ક્રાઉડિંગ આઉટ'' કહેવાય છે. આના પરિણામે, આરબીઆઈ એ રેપો રેટ ઘટાડ્યા હોવા છતાં, સરકારી બોન્ડ યીલ્ડ (વળતરનો દર) મે ૨૦૨૫ થી સતત વધી રહ્યો છે. ૧૦ વર્ષના સરકારી બોન્ડ પરનું યીલ્ડ ડિસેમ્બરની શરૂઆતમાં ૬.૬% હતું, જે ફેબ્રુઆરી ૨૦૨૬ માં વધીને ૬.૭૭% થઈ ગયું છે. આ વધારો દર્શાવે છે કે બજાર સરકારના જંગી દેવાના કાર્યક્રમને કારણે ચિંતિત છે, જે છેવટે સામાન્ય લોનને મોંઘી બનાવી શકે છે.

રૂપિયાને ગગડતો અટકાવવા માટે આરબીઆઈ એ પોતાના ડોલરના ભંડોળનો ઉપયોગ કર્યો છે. જૂન ૨૦૨૫ માં ભારતનું વિદેશી મુદ્રા ભંડોળ ૫૯૫ અબજ ડોલર હતું, જે જાન્યુઆરી ૨૦૨૬ માં ઘટીને ૫૬૩ અબજ ડોલર થઈ ગયું છે. અહીં નોંધનીય છે કે ભારતનું ડોલર રિઝર્વ ચીનની જેમ ''કમાયેલું'' (વ્યાપાર સરપ્લસનું) નથી, પરંતુ વિદેશી રોકાણ અને દેવા દ્વારા એકઠું થયેલું છે. ભારત આયાત વધારે કરે છે અને નિકાસ ઓછી, તેથી આપણું ભંડોળ વિદેશી પ્રવાહ પર નિર્ભર છે. જો વિદેશી રોકાણકારો નાણાં પાછા ખેંચે તો આ ભંડોળ ઝડપથી ઘટી શકે છે, જે આરબીઆઈ માટે ચિંતાનો વિષય છે.

### એઆઈ...

એક મહત્વનો પ્રશ્ન એ પણ ઉભો થયો છે કે શું આ છટણી માત્ર એઆઈની ક્ષમતાને કારણે છે કે પછી તેની પાછળ 'એઆઈ-વોશિંગ' જવાબદાર છે? કેટલાક બજાર વિશ્લેષકો માને છે કે ટેક કંપનીઓ રોકાણકારોને ખુશ કરવા અને ખર્ચ ઘટાડવા માટે એઆઈ ના નામે છટણી કરી રહી છે. શેરબજારમાં હાલમાં એઆઈ આધારિત કંપનીઓનું મૂલ્ય વધી રહ્યું હોવાથી, ઘણી કંપનીઓ તેમના જૂના પ્રોજેક્ટ્સ અને ટીમને બંધ કરીને તે ભંડોળને એઆઈ વિકાસ તરફ વાળી રહી છે. આનો અર્થ એ છે કે કેટલીક નોકરીઓ સીધી એઆઈ દ્વારા રિપ્લેસ નથી થઈ રહી, પરંતુ કંપનીઓની બદલાતી વ્યુહરચના અને બજારના દબાણને કારણે જોખમમાં મુકાઈ છે. આ ટ્રેન્ડ દર્શાવે છે કે ટેકનોલોજીકલ બદલાવની સાથે કોર્પોરેટ રણનીતિ પણ કર્મચારીઓ માટે મોટો પડકાર બની રહી છે.

ભારતીય આઈટી ઉદ્યોગ માટે આ સમયગાળો અસ્તિત્વ ટકાવી રાખવાનો છે. અત્યાર સુધી ભારતનો આઈટી બિઝનેસ મુખ્યત્વે 'લેબર આર્બિટ્રેજ' (ઓછા ખર્ચે માનવ શ્રમ દ્વારા કામ) મોડેલ પર આધારિત હતો. જો એઆઈ કોડિંગ, ડિઝાઈનિંગ અને ટેસ્ટિંગ જેવા કામો નજીવા ખર્ચે અને ઝડપથી કરી શકશે, તો વિદેશી ક્લાયન્ટ્સ ભારતમાં કામ આઉટસોર્સ કરવાનું ઘટાડી શકે છે. જોકે, નિષ્ણાતો માને છે કે આ અંત નથી પરંતુ પરિવર્તન છે. માત્ર કોડ લખવો પૂરતો નથી; તેને કંપનીના જટિલ વારસા સાથે જોડવું, ડેટા સુરક્ષા જાળવવી અને નિયમોનું પાલન કરવું - આ કામો માટે માનવ કુશળતા અનિવાર્ય રહેશે. ભારતીય આઈટી કંપનીઓએ હવે માત્ર 'સર્વિસ પ્રોવાઈડર' રહેવાને બદલે 'એઆઈ ઓર્કેસ્ટ્રેટર્સ' તરીકે પોતાની ભૂમિકા નવેસરથી કંડારવી પડશે.

### અમેરિકા-યુરોપ...

બ્રિટન સાથેના સોદામાં પણ ભારતે સફળતા મેળવી છે, જ્યાં ત્યાં કામ કરતા ભારતીયોના સામાજિક સુરક્ષા ફંડની રકમ હવે ભારતમાં તેમના પીએફ ખાતામાં જમા થશે. મંત્રીએ આત્મનિર્ભર ભારતની મજબૂત છબી રજૂ કરતા જણાવ્યું કે ભારત આજે ૯૦૦ મિલિયન ડોલરની ઓટોમોબાઈલ આયાત સામે ૯ બિલિયન ડોલરની નિકાસ કરી રહ્યું છે. તેવી જ રીતે ખાદ્ય સામગ્રીની આયાત ૩૦ બિલિયન ડોલરથી ઓછી છે, જ્યારે તેની નિકાસ ૫૫ બિલિયન ડોલર સુધી પહોંચી છે. અંતમાં પિયુષ ગોયલે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન ડોલરથી વધુની અર્થવ્યવસ્થા બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે. ભારત હવે વિશ્વ સાથે સમાનતા અને આત્મવિશ્વાસના સ્તરે વેપાર કરી રહ્યું છે, જેનો સીધો લાભ દેશના ખેડૂતો, કારીગરો અને નાના ઉદ્યોગોને મળશે.

### પાકિસ્તાની ઝડપાયા...

છે. પોલીસને બાતમી મળી હતી કે કઠુઆના નાગરી વિસ્તારમાં ડ્રોન દ્વારા નશીલા પદાર્થો ફેંકવામાં આવ્યા છે. CCTV ફૂટેજ અને ટેકનિકલ તપાસને આધારે પોલીસે પહેલા પઠાણકોટના જતિન નામના યુવકને પકડ્યો અને ત્યારબાદ તેની પૂછપરછમાં કઠુઆના દાનિશ ડોગરાનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ બંને આરોપીઓ ઈન્ટરનેટ કોલિંગ દ્વારા પાકિસ્તાની ડ્રગ સ્મગલરોના સંપર્કમાં હતા. આ ડ્રગ્સ તેઓ સ્થાનિક યુવાનોને વેચીને પૈસા કમાવવાના હતા. પોલીસ હાલ આ આખા નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ કરી રહી છે. માત્ર ડ્રગ્સ પકડાયું તે મહત્વનું નથી, પણ પાકિસ્તાની હેન્ડલર્સ કેવી રીતે ડિજિટલ માધ્યમો અને ડ્રોનનો ઉપયોગ કરીને ભારતના યુવાનો સુધી નશો પહોંચાડે છે, તે આ ઘટનાનો મુખ્ય ભાગ છે.

## (ત્રીજા પાનાનું ચાલું)

### સેમ બહાદૂર...

વિશેષ મૂવી શો પણ યોજવામાં આવેલ. આ ફિલ્મ ભારતના પ્રખ્યાત સૈન્ય અધિકારી ફિલ્ડ માર્શલ સેમ માણકેશો ના જીવન પર આધારિત છે, જેઓએ ભારતીય સેનામાં અપ્રતિમ યોગદાન આપ્યું હતું. ફિલ્મ દ્વારા દેશપ્રેમ, શૌર્ય અને નેતૃત્વના ઉત્તમ મૂલ્યો અંગે પ્રેરણા પ્રાપ્ત થાય છે.

આ અવસરે મેયર નયનાબેન પેઢડિયા, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, કોર્પોરેટર મંજુબેન કુગશીયા, વિનોદભાઈ પેઢડીયા, ઘનશ્યામભાઈ કુગસિયા, રાજેન્દ્રભાઈ પંડ્યા, સિધ્ધરાજભાઈ જાડેજા, સહાયક કમિશનર વિપુલ ઘોણીયા, ચીફ લાઈબ્રેરીયન નરેન્દ્ર આરદેશણા, કાર્યકર્તા આર્યન ભાટિયા, સૌમ્ય મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બ્લેક ડે નિમિતે શહીદોને શ્રધ્ધાંજલિ આપવા બે મિનિટનું મૌન પાડેલ અને શહીદ સ્મારકને પુષ્પાંજલિ કરવામાં આવેલ અને ત્યારબાદ સામ બહાદુર મૂવી શો નિહાળવામાં આવ્યો. મહાનુભાવો સહિત ૧૮૦ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શહીદોની અપરંપાર બલિદાનને યાદ કરવો, યુવા પેઢીમાં દેશભક્તિની ભાવના મજબૂત બનાવવી તથા સમાજમાં રાષ્ટ્રપ્રેમનું સંદેશ પ્રસારિત કરવાનો છે.

### મારવાડી યુનિવર્સિટી...

યાદગાર બની રહી હતી. ઘણા વિદ્યાર્થીઓ માટે આ પ્રસંગ ભાવુક પણ હતો, કારણ કે તેઓ પોતાના પરિવારથી દૂર રહી અભ્યાસ પૂર્ણ કરી રહ્યા હતા. મિત્રો સાથેના સ્મરણિય ક્ષણો, પરંપરાગત વેશભૂષા અને વિવિધ દેશોના પ્રતિનિધિત્વે કાર્યક્રમને વધુ રંગીન બનાવ્યો હતો.

આ ભવ્ય સ્નાતક સમારોહે રાજકોટને વૈશ્વિક શિક્ષણ નકશા પર વિશેષ સ્થાન અપાવ્યું છે. મારવાડી યુનિવર્સિટીના આ પ્રયાસો ગુજરાત અને ભારત માટે ગૌરવની બાબત બની રહ્યા છે. વિદ્યાર્થીઓએ નવા સપનાઓ અને સંકલ્પ સાથે પોતાના જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી છે.

## (૧૧માં પાનાનું ચાલુ)

### પૂ.મોરારિબાપુ...

ચોપાઈઓના ગાન સાથે બાપુએ પોતાના દાદા અને ગુરુ પૂજ્ય ત્રિભુવનદાસબાપુ પાસેથી માનસ દીક્ષા ગ્રહણ કરી રામ ચરિત માનસના દોહા, સોરઠા અને ચોપાઈ ધીમે ધીમે પુ.મોરારિબાપુના સમગ્ર ચેતનતત્વમાં ઉતારતા ચાલ્યા અને પોતાના પૈત્રિક વતન મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પ્રથમ રામકથા એક વડલાની છાયામાં માત્ર બે શ્રોતાઓની સામે રજૂ કરી હવેએ પરોક્ષ રીતે કરોડો શ્રોતાઓ સુધી આ ગંગા પહોંચી ગઈ છે.

જીવનના ૬૮ વર્ષો જે ચેતનસમૃદ્ધિએ રામને સમર્પિત કર્યા હોય તેને શબ્દ પુષ્પમાં બાંધવાનો પ્રયાસ કરીએ તો તે શક્ય નથી. રામકથાનો રસ હવે જગતના ૭૦૦ કરોડ લોકો પૈકીના હિન્દી, ગુજરાતી જાણનારા લગભગ ૨૦૦ કરોડ લોકો સુધી વિસ્તર્યો છે, પહોંચ્યો છે. કદાચ જગતમાં આ પ્રકારની કોઈ કહાની પ્રવાહી રીતે અન્ય કોઈ ધર્મમાં પણ રજૂ થતી હોય અને આ ધારાઓને જીલવા માટે લાખો લોકો રોજ પીપાસુ બનીને ખોબો ધરીને ઉભા હોય તેવું સાંભળવા મળ્યું નથી! પણ પૂજ્ય બાપુની વાણીને ઝીલવા ઉત્તરથી દક્ષિણ તથા પૂર્વથી પશ્ચિમ ભારતના જ નહીં પરંતુ વિશ્વના ખૂણે ખૂણે આસ્થા ચેનલના માધ્યમથી હજારો લોકો આતુરતાથી પહેલા ટીવી અને હવે ઈન્ટરનેટમાં આંખ ઉઘાડીને બેઠાં છે.૯૭૨મી કથા બાપુએ પોતાની પરંપરાના ઈશ્વરીય તત્વ કૃષ્ણમ્ શરણમ્ સમર્પિત કરીને ૮૧માં વર્ષનો પ્રારંભ કર્યો છે. દુનિયાના છ ખંડો અને આકાશ, જળમાં સૌને રામકથાનું રસપાન કરાવવા માટે બાપુ માધ્યમ બની શક્યા છે. દુર્ગમ એવા અરણ્ય પ્રદેશો એવરેસ્ટ જેવી બર્ફીલી હિમાલયની પહાડીઓ કે જ્યાં માનસરોવર છે ત્યાં પણ પોથીજી લઈને બાપુનાં પગલાં પડ્યાં છે. બાપુએ શ્રદ્ધાને અંધશ્રદ્ધામાં બદલવા માટે કદી પ્રયત્ન નથી કર્યો. બાપુની કથાઓ અને તેની રસલ્હાણનો એક વખત ઘૂંટડો પી જનાર કાયમના બંધાણી બની જાય છે. ''આઈએ હનુમંત બિરાજીએ કથા કહું રઘુરાય'' આ ચોપાઈનું ગાન હનુમંત મહારાજને હંમેશા કથા મંડપમાં પધારવા માટે પૂરતું બની રહે છે. કોઈ ઘટના ૯૭૨ કથામાં આજે પણ એવી નથી બની કે જે કૃપણ કે કષ્ટદાયક હોય!

ચરૈવેતી ચરૈવેતીના મંત્ર માળાના મણકાઓની જેમ જ સાથે રાખીને બાપુનું પવિત્ર, પ્રવાહી જીવન સતત દોડતું, વિસ્તરતું અને વહેતું દેખાયું છે.પણ તે ક્યારેય હાંફ્યુ હોય તેવો પ્રસંગ સામે આવ્યો નથી.

પુ.બાપુ લાખો લોકોના જીવનને બદલવા કારણરૂપ બન્યા છે. તેમના અવતરણ દિવસે મનોરથ કરી વારંવાર વંદન કરીએ છીએ.

### ચિંતન શિબિર...

ગેરસમજ વિના છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માહિતી વિભાગની જવાબદારી છે.

સેવા એ જ સાધના, શબ્દની આરાધનાના મંત્ર સાથે યોજાયેલી આ શિબિરમાં શબ્દોની સચોટતા અને જવાબદારીપૂર્વક માહિતી પ્રસ્તુત કરવાની આવશ્યકતા પર ભાર મુકાયો હતો. માહિતી ખાતાની ભૂમિકા માત્ર પ્રચાર-પ્રસાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સરકાર અને જનતા વચ્ચે વિશ્વાસનો સેતુ બાંધવાની છે, તે બાબત પર વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.ટ્રેનર અને લાઈફ કોચ શ્રી દીપકભાઈ તેરૈયાએ પ્રેરક સંબોધન આપતા જણાવ્યું કે દૃષ્ટિકોણ બદલવાથી કાર્યમાં નવી ઊર્જા મેળવી શકાય છે. હેલ્થ, વેલ્થ, કરિયર અને સંબંધોમાં સંતુલન જાળવવાની જરૂરિયાત અંગે તેમણે માર્ગદર્શન આપ્યું હતું.

પેનલ ચર્ચામાં અગ્રણી મીડિયા પ્રતિનિધિઓએ માહિતી વિભાગ અને પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તેમજ ડિજિટલ મીડિયા વચ્ચે વધુ સંકલન જરૂરી હોવાનું જણાવ્યું હતું.

નર્મદા કાંઠે યોજાયેલી આ ચિંતન શિબિર માહિતી અધિકારીઓને નવી દિશા અને ઊર્જા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ગ્રેઈન એટીએમ...

આંગણવાડીઓની સ્થાપના થશે અને કિશોરીઓ તથા સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

જાહેર વિતરણ ક્ષેત્રે આ તમામ પહેલો દ્વારા ગુજરાત સરકાર 'ડિજિટલ ઈન્ડિયા'ના વિઝનને સાકાર કરી છેવાડાના માનવીને સશક્ત બનાવવાના પોતાના ઉદ્દેશ્યને ઉજાગર કરશે. આ પ્રસંગે જાહેર વિતરણ વ્યવસ્થા અને ગ્રાહકોની બાબતોના કેન્દ્ર સચિવ સંજીવ ચોપરા પણ ઉપસ્થિત રહેશે.

### સૌરાષ્ટ્ર - કચ્છના...

બઢતી આ સાથે જ ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી મેળવનાર અધિકારીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખાલી પડેલ જગ્યાઓ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. બઢતી બાદ સંબંધિત અધિકારીઓને નવી જગ્યાએ તાત્કાલિક હાજર થવા સૂચના આપવામાં આવી છે.

રાજકોટના નાયબ મામલતદાર ભાલોડી, આચાર્ય, જલ્પા બાલધા, સુવિધા ગોહેલ, હિરેન મકવાણા, નિશા લાખાણી, હીર વઝાણીને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જસદણના મામલતદાર અને રાજકોટ શહેર (પશ્ચિમ) મામલતદારની બદલી કરવામાં આવી છે. કોટડાસાંગાણીમાં છેલ્લા ઘણા સમયથી ખાલી પડેલી મામલતદારની જગ્યા ભરવામાં આવી છે તમામને તાત્કાલીક અસરથી ચાર્જ સંભાળી લેવા પણ તાકીદ કરવામાં આવી છે.

# સ્માર્ટ સિટીમાં લુખ્ખાગીરી: નાણાવટી ચોકમાં માલના પૈસા માંગનાર વેપારી પર હુમલો


## સોડા, પાણીની બોટલના પૈસા માંગનાર દુકાનદાર સાથે બે શખ્સોની દાદાગીરી સામે પોલીસ ફરિયાદ

**અબ તક રાજકોટ**

સ્માર્ટ સિટી શહેરમાં સરેઆમ લુખાગીરીના બનાવોમાં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ નાણાવટી ચોક પાસે આવેલ આવાસ યોજનાના સામે ખોડીયાર ચાની દુકાને પાણીની બોટલ અને સોડા ખરીદી ના પૈસા માંગનાર વેપારી પર બે શખ્સએ હુમલો કરી દુકાનમાં તોડફોડ કર્યા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આગે પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ બે યુનિવર્સિટી પોલીસ મથકમાં સુંદરમ સોસાયટી શેરી નંબર ૨ માધાપર ચોકડી પાસે રહેતા અને નાણાવટી ચોક પાસે આવેલ આવાસ યોજના કવાર્ટર સામે ખોડીયાર ચા ની દુકાન ધરાવતા સાગરભાઈ વલ્લભભાઈ પરમાર એ પોલીસમાં જેનીશ મહાજન અને સદ્દામ ઉર્ફે ભૂરો વિરુદ્ધ ફરિયાદ લખાવી હતી કે રાત્રે ૧૧:૦૦ વાગ્યાની અરસામાં પોતે નાણાવટી ચોક પાસે આવેલ ખોડીયાર ચાની દુકાને હતો ત્યારે તેની મહાજન અને સદા ઉર્ફે ભૂરો ફરિયાદીને દુકાને આવી ફરિયાદી પાસેથી સોડા અને પાણીની બોટલ લીધી હતી અને ફરિયાદીએ પૈસા માંગતા હા ભાઈ બંને શખ્સો ઝઘડો કરી ફરિયાદીને ગાળો આપી દુકાનમાં તોડફોડ કરી માર મારી ફરિયાદીને ધમકી આપી હતી કે અમે વસ્તુ લેવા આવીએ ત્યારે પૈસા માંગે છે તો તને જાનથી મારી નાખશું એવી ધમકી આપતા નોંધાયેલી ફરિયાદના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ વિક્રમસિંહ તપાસ હાથ ધરી છે

# દુ:ખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**વિસાવદર:** ચલાલા નિવાસી (હાલ જુનાગઢ) ઈશ્વરલાલ દામોદર પ્રસાદ મિશ્રા (ઉ.વ.૮૪) નું તા.૧૩/૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે તેઓ હરેશભાઈ તથા હેતલ બેનના પિતા, તુષારભાઈ પંડ્યા (ધોકડવા), સોનલબેન હરેશભાઈ મિશ્રા ના સસરા, તેઓનું બેસણું તા.૧૬/૨ના રોજ ચલાલા,મુકામે મહાદેવ પરા ખાતે સમય ૧૧ થી ૪ કલાકે અમારા નિવાસ્થાને તથા તા.૧૯/૨ ના રોજ મહોબતપરા ખાતે બપોરના ૧૧ થી સાંજના ૫ કલાકે રામજી મંદિર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગુર્જર સુતાર સ્વ. હીનાબેન સુધીરભાઈ અનુવાડીયા (ઉ.વ.૬૨) તે સ્વ. સુધીરભાઈના પત્ની, રીચા, મિતના માતા, સ્વ. કલ્યાણજી શામજી સુરેલીયા (ઇંદોર પેટર્ન) ની પુત્રી, સ્વ. પંકજભાઈ કલ્યાણજીભાઈ સુરેલીયા (શ્રી શકિત પેટર્ન), નીતીનભાઈ કે. સુરેલીયા, હર્ષાબેન જયવંતકુમાર પિલોજપરાના બહેનનું તા. ૧૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૪ ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન ૭/૧૦ ભકિતનગર સ્ટેશન પ્લોટ, વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે પહેલા માળે રાખવામાં આવ્યું છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે જ રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ભીખુભાઈ છગનભા સીસાંગીયા નું તા. ૧૩-૨ ના રોજ અવસાન થયેલ છે. તે પૂર્વ વાછરદાદા મઢના પુજારી તેમજ સ્વ. રસીકભાઈ છગનભાઈના મોટાભાઈ, પર્થાત, દયાળજીભાઈના મોટાભાઈ રાજેશભાઈ, સંજયભાઈના પિતા ગુંદાળાના બટુકભાઈ તથા જેન્તીભાઈ ગોંડલીયાના બનેવી થાય તેમનું બેસણું વાછરા દાદાનો મઢ ઉદયનગર-૧૧ રાજકોટ ખાતે તા. ૧૬-૨ સમય ૪ થી ૬ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજકોટના હવે પછીના મહિલા મેયર વોર્ડ નં.૨ કે ૬ ના કોર્પોરેટર જ હશે તે ફાઈનલ !!

## મેયર પદ માટે બીજા અઢી વર્ષની ટર્મ અનુસૂચિત જાતિના મહિલા નગરસેવિકા માટે અનામતઃ વોર્ડ નં.૨ અને ૬માં અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત બેઠક જાહેર કરવામાં આવી હોય આ બે પૈકી એક વોર્ડ આપશે રાજકોટને હવે પછીના મહિલા પ્રથમ નાગરિક

**અબતકલ રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની પાંચ વર્ષની મુદત આગામી ૧૧મી માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે. સંભવત એપ્રિલ માસના અંતમાં કે મેં માસના પ્રથમ પખવાડિયામાં ચૂંટણી યોજાઈ તેવી સંભાવના હાલ દેખાય રહી છે. રાજ્યની તમામ છ મહાપાલિકાઓના મેયર પદનું રોટેશન જાહેર કરી દેવામાં આવ્યું છે.રાજકોટમાં હવે પછી મેયર પદ માટેની પ્રથમ અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરીના પુરુષ કોર્પોરેટર માટે જ્યારે બીજી અઢી વર્ષની ટર્મ અનુસૂચિત જાતિના મહિલા કોર્પોરેટર માટે અનામત જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટના હવે પછીના મહિલા મેયર વોર્ડ નં. ૨ અથવા વોર્ડ નં. ૬ માંથી જ આવશે તે ફાઈનલ જેવું છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીમાં ૨૭% ઓબીસી અનામતની અમલવારી કરવામાં આવનાર છે.શહેરના તમામ વોર્ડમાં ચાર પૈકી ઓબીસી કેટેગરી માટે એક-એક બેઠક અનામત જાહેર કરવામાં આવી છે.એકમાત્ર વોર્ડ નં.૧૫ માં ઓબીસી સમાજ માટે બે બેઠકો અનામત જાહેર કરાય છે. મેયર રોટેશન પર નજર કરવામાં આવે તો નવી બોડીમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ મેયર પદ માટે જનરલ કેટેગરીના પુરુષ કોર્પોરેટર માટે અનામત જાહેર કરાય છે. જ્યારે બીજા અઢી વર્ષની ટર્મ અનુસૂચિત જાતિના મહિલા નગરસેવિકા માટે અનામત જાહેર કરાય છે. અનુસૂચિત જાતિ માટે કુલ પાંચ બેઠકો અનામત રાખવામાં આવી છે જે પૈકી બે બેઠકો અનુસૂચિત જાતિની મહિલાઓ માટે અને ત્રણ બેઠકો અનુસૂચિત જાતિના પુરુષ માટે અનામત રાખવામાં આવી છે. વોર્ડ નં.૨ માં પ્રથમ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત જાહેર કરાય છે. જ્યારે વોર્ડ નં. ૬ માં પ્રથમ બેઠક અનુસૂચિત જાતિની મહિલા માટે અનામત જાહેર કરવામાં આવી છે. આમ આ બે બેઠકો જ અનુસૂચિત જાતિની મહિલાઓ માટે અનામત રાખવામાં આવી હોય નવી બોડીની પાછલા અઢી વર્ષ માટે મેયર પદ અનુસૂચિત જાતિના મહિલા ઉમેદવાર માટે અનામત હોય વોર્ડ નં. ૨ કે વોર્ડ નં.૬ માંથી જ રાજકોટને હવે પછીના મહિલા મેયર મળે તેવું લાગી રહ્યું છે. પૂર્વ કેબિનેટ મંત્રી અને રાજકોટ ગ્રામ્યના વર્તમાન ધારાસભ્ય ભાનુબેન બાબરીયા હાલ વોર્ડ નં.૧ના નગરસેવિકા પણ છે. ચાલુ બોડીમાં એવું માનવામાં આવતું હતું કે મેયર પદ અનુસૂચિત જાતિના મહિલા કોર્પોરેટર માટે અનામત જાહેર કરવામાં આવશે જેને ધ્યાનમાં રાખી અગાઉ બે વાર ધારાસભ્ય તરીકે રહી ચૂકેલા ભાનુબેન બાબરીયાને ભાજપે કોર્પોરેશનની ચૂંટણી લડાવી હતી અને વોર્ડ નં.૧માંથી અનામત બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા હતા.પરંતુ રોટેશનમાં પ્રથમ અઢી વર્ષની ટર્મ ઓબીસી પુરુષ કેટેગરી માટે અને બીજા અઢી વર્ષની ટર્મ જનરલ કેટેગરીના મહિલા કોર્પોરેટર માટે અનામત જાહેર કરવામાં આવતા પક્ષનો આ દાવ ઊંધો પડ્યો હતો.

ધારાસભ્ય ભાનુબેન બાબરીયાને હવે ભાજપ કોર્પોરેશનની ચૂંટણી લડાવે તેવી શક્યતા ખૂબ જ ઓછી છે છતાં પણ જો પાછલી અઢી વર્ષના મેયર અનામતના સમીકરણોને ધ્યાનમાં રાખી કોઈ ચોક્કસ કારણોસર ભાનુબેનને ફરી કોર્પોરેશનની ટિકિટ આપવી પડે તો તેઓનો વોર્ડ બદલાશે તે ફાઈનલ છે. હાલ તેવો વોર્ડ નં. ૧નું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે પરંતુ હવે જો તેઓ કોર્પોરેશનની ચૂંટણી લડશે તો વોર્ડ નં.૨માંથી તેઓને ભાજપ મેદાનમાં ઉતારશે તેવું મનાઈ રહ્યું છે.

કોર્પોરેશનની વર્તમાન બોડીની મુદ્દત પૂર્ણ થવામાં આવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવાર પસંદગીની પ્રકિયા ટૂંક સમયમાં હાથ પર લેશે. શહેર ભાજપના સંગઠન માળખામાં હાઈ કમાન્ડ દ્વારા ‘‘નો રીપીટ‘‘ થીયરી અપનાવવામાં આવી હતી. જો કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં પક્ષ ટિકિટ ફાળવણીમાં ‘‘નો રિપીટ ‘‘થિયરી અપનાવશે તો ભાજપના વર્તમાન ૬૮ કોર્પોરેટરો પૈકી ૫૦થી વધુ સીટિંગ કોર્પોરેટરોની ટિકટ કાપી નાખવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી. સંગઠન માળખું નવું છે બીજી તરફ રાજ્ય સરકારના મંત્રીમંડળમાં અને પક્ષના સંગઠન માળખામાં રાજકોટને સ્થાન આપવામાં આવ્યું નથી. હવે જોવાનું એ રહ્યું કે હાઈ કમાન્ડ કોર્પોરેશન ચૂંટણીમાં ’નો રીપીટ‘‘ થિયરી અપનાવવાનું જોખમ ઉઠાવે છે કે કેમ? તમામ સમીકરણો હાલ જો અને તો વચ્ચે રમી રહ્યા છે.

**ધારાસભ્ય ભાનુબેન બાબરીયાને હવે કોર્પોરેશન લડાવાય તેવી શક્યતા નહીવત છતાં જો સમીકરણો મુજબ લડાવવા પડે તો વોર્ડ બદલાવી મેદાનમાં ઉતરશે**

# કોર્પોરેશનના બજેટથી રાજકોટ વિકાસની નવી ક્ષિતિજો સર કરશેઃ ભારે આવકાર

## બજેટને આવકારતા ધારાસભ્ય ઉદય કાનગડ, ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૨૦૨૬-૨૭ના વાર્ષિક અંદાજપત્રને આવકારતા વિધાનસભા ૬૮-રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમારએ જણાવ્યું છે કે શહેરની જનતાની આશા અને અપેક્ષા પૂર્ણ કરનારૂ તેમજ તમામ વર્ગની સુખાકારીમાં વધારો કરનારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ નું રૂ.૩૬૦૪.૯૦ કરોડનું બજેટ મંજુર કરવા બદલ મહાનગરપાલિકાના તમામ શાસકોને અભિનંદન પાઠવેલ હતા.

વૈશ્વિક નેતા અને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની વિકાસલક્ષી દિશા અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ શાસનશૈલી સાથે સંપૂર્ણ રીતે સુસંગત ભાજપ શાસિત રાજકોટ નગરપાલિકાના આ બજેટમાં રાજકોટ ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેકનોલોજી, પર્યાવરણ અને નાગરિક સુવિધાઓના નવા માઈલસ્ટોનને સ્પર્શસે.આ બજેટમાં પર્યાવરણ સંરક્ષણ સાથે વડીલો પ્રત્યે આદરની ભાવના-સંવેદનશીલ અને સંસ્કારસભર પહેલના ભાગરૂપે સિનિયર સિટીઝનના નામે વૃક્ષારોપણ માટે જોગવાઈ કરવામાં આવી છે.રાજકોટના ગૌરવ સમાજ રેસકોર્ષ વિસ્તાર વધુ આધુનિક, આકર્ષક અને નાગરિકો માટે ઉપયોગી બનશે રેસકોર્ષ સંકૂલનું બ્યુટીફીકેશન અને નવીનીકરણથી શહેરના સોંદર્યમાં વધારો થશે.મિલ્કત વેરા અને પાણી વેરા પર માફી યોજનાથી લાંબા સમયથી વેરા બાકી ધરાવતા નાગરિકોને મોટી રાહત મળશે. આ નિર્ણય મધ્યમ વર્ગ અને નાના વેપારીઓ માટે સંવેદનશીલ અને લોકહિતકારી છે.

આમ રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૨૬-૨૭ના બજેટમાં વિધાનસભા-૬૮ ના વિવિધ વિસ્તારોમાં રસ્તા, ડ્રેનેજ વ્યવસ્થા, પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, સ્વચ્છતા, આરોગ્ય અને શૈક્ષણિક, રમતગમત, કોમ્યુનીટી હોલની સુવિધાઓ સહિતના વિકાસ કાર્યો માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આ ફાળવણીથી વિસ્તારના નાગરિકોને આવશ્યક સુવિધાઓ વધુ સુલભ અને ગુણવતાસભર મળશે તેમજ વિસ્તારના સર્વાંગિ વિકાસને વેગ મળશે.

અંતમાં ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ઉપપ્રમુખ રમેશભાઈ પરમારએ જણાવેલ કે રાજકોટ શહેર જે ગતિએ પ્રગતિની હરણફાળ ભરી રહયુ છે તે સરાહનિય છે. શહેરની વસ્તી અને વિસ્તારો વધવાની સાથોસાથ પાયારૂપ ભૌતિક વિકાસ થતો રહયો છે આ માટે રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા જરૂરી તમામ આવશ્યક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાની સેવાઓ વધુ લોકભોગ્ય બને અને લોકો આવશ્યક સેવાઓ વધુ સરળતાથી મેળવી શકે તે માટે જરૂરી પગલાંઓ લેવામાં આવી રહયા છે. ત્યારે સને ૨૦૨૬-૨૭નું આ બજેટ રાજકોટ શહેરને વિકાસ પથ પર અવિરત આગળ ધપાવશે અને રાજકોટ વિકાસની નવી ક્ષિતીજો સર કરશે.

# ‘‘આવો અને તમારા બાળકની લાશ ઓળખી જાઓ’’ : બેંગલુરૂમાં વહેલી સવારે મોજ-મસ્તી કરવા નીકળેલા ૬ યુવાનોનું અકસ્માતમાં મોત

## એક માતાએ જ્યારે દીકરાને ફોન કર્યો, ત્યારે તેણે કહ્યું કે ‘‘બસ ૧૦ મિનિટમાં ઘરે આવું છું,’’ પણ એ ૧૦ મિનિટ ક્યારેય પૂરી ન થઈ



બેંગલુરુમાં એક હૃદય ચીરી નાખે તેવી ઘટના બની છે. પરીક્ષાની તૈયારીના બહાને ઘરમાં રહેલા ૬ કિશોરો વહેલી સવારે ઘરના સભ્યોની જાણ બહાર મોજ-મસ્તી કરવા નીકળ્યા હતા. પુરપાટ ઝડપે જતી તેમની ડ્સ્ટ કારનો અકસ્માત થયો અને તમામ ૬ મિત્રોના કરૂણ મોત નીપજ્યા. સવારે જ્યારે પોલીસે ફોન કરીને કહ્યું, ‘‘આવો અને તમારા બાળકની લાશ ઓળખી જાઓ,‘‘ ત્યારે માતા-પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બાળકોએ મોડી રાત્રે લોન્ગ ડ્રાઈવ પર જવાનો પ્લાન ઘરના લોકોથી છુપાવી રાખ્યો હતો. એક માતાએ જ્યારે દીકરાને ફોન કર્યો, ત્યારે તેણે કહ્યું કે ‘‘બસ ૧૦ મિનિટમાં ઘરે આવું છું,‘‘ પણ એ ૧૦ મિનિટ ક્યારેય પૂરી ન થઈ.

આ અકસ્માત એક મિત્રના પિતાની નવી જ ખરીદેલી કારમાં થયો હતો. તે છોકરો ગાડી ચલાવતા શીખ્યો હતો, પણ પિતા તેને ક્યારેય ડ્રાઈવિંગ સીટ પર બેસવા દેતા નહોતા. માતા-પિતાને લાગ્યું કે દીકરાઓ રૂમમાં ભણે છે, પણ તેઓ ચૂપચાપ મોતની સવારીએ નીકળી પડ્યા હતા. તે રાત્રે તે ચૂપચાપ ચાવી લઈને નીકળી ગયો હતો. એક છોકરાએ તેની બહેનને વહેલી સવારે હોસ્કોટેની પ્રખ્યાત બિરયાની ખાવા જવાની વાત કરી હતી, પણ તે નક્કી કરેલા સમય કરતા વહેલો નીકળી ગયો હતો. વિશ્વાસ અને સુરક્ષા વચ્ચેની આ ક્ષણિક ચૂક આખા પરિવારને ક્યારેય ન ભરાય તેવું દુઃખ આપી ગઈ.

# ટેકાના ભાવે ચણા અને રાઈની ખરીદીના સરકારના નિર્ણયને ભાજપ કિસાન મોરચાના વિજય કોરાટએ આપ્યો આવકાર

**અબતક રાજકોટ**

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચણા અને રાઈને ટેકાના ભાવે ખરીદી નિર્ણય ને ગુજરાત પરદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી વિજય કોરાટે આવકારી સરકારનો આભાર માન્યો હતો



શ્રી વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો થતી હોય છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થાય છે. રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાઈ જેવા પાકને ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ચણા માટે ટેકાના ભાવ ૫૮૭૫ પ્રતિ ક્વિન્ટલ (૧૧૭૫ પ્રતિ મણ) તથા રાઈ માટે ટેકાના ભાવ ૬૨૦૦ પ્રતિ ક્વિન્ટલ (૧૨૪૦ પ્રતિ મણ)ના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. જેના માટે તા.૧૩ ફેબ્રુઆરીથી ૦૫, માર્ચ ૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકાશે.

ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે મુખ્યમંત્રીશ ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા

# શિક્ષકો પાસે કુતરા ગણાવવાની કામગીરી કરાવવાના અહેવાલ પાયાવિહોણા

## શિક્ષણ વિભાગ દ્વારા અપાયો સત્તાવાર રદીયો

**અબતક, રાજકોટ**

રાજ્યના વિવિધ વર્તમાનપત્રો અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રસિદ્ધ થયેલા સમાચાર, જેમાં જણાવવામાં આવ્યું છે કે સરકાર હવે શિક્ષકો પાસે રખડતાં કૂતરાં પણ ગણાવશે. જે અનુસંધાને કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આ સમાચારો તદ્દન સત્યથી વેગળા અને પાયાવિહોણા છે.

શિક્ષણ વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર, સુપ્રીમ કોર્ટના તા.૦૭/૧૧/૨૦૨૫ના સુઓમોટોના આદેશ મુજબ, તમામ સાર્વજનિક સંસ્થાઓ અને કેમ્પસમાં શ્વાનોની સુરક્ષા અને વ્યવસ્થા અંગે સૂચનાઓ આપવામાં આવી છે.

જેથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૩/૦૨/૨૦૨૬ના પત્રથી સુપ્રિમ કોર્ટના આદેશોનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવાના હેતુસર શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, બસ સ્ટેશન અને અન્ય જાહેર કચેરીઓના કેમ્પસમાં રખડતા શ્વાનોનો સર્વે કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત શિક્ષણ વિભાગના તા.૧૧/૦૨/૨૦૨૬ના પત્ર મુજબ કમિશનર શાળાઓની કચેરીના તાબા હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, કચેરીઓ, કેમ્પસ વગેરે વિસ્તારોમાં આદેશ મુજબની કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં આ કામગીરી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો કે અન્ય કર્મચારીઓએ કરવાની રહેશે એવો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

આમ, રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખી અને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગને આ બાબતે સૂચના મળતા, અત્રેની કચેરીએ જાહેરહિતમાં જરૂરી સૂચનાઓ પ્રસિદ્ધ કરી છે. ઉક્ત તમામ બાબતો ધ્યાને લેતા ગુજરાત રાજ્યના જુદા જુદા વર્તમાનપત્રોની આવૃતિમાં આ અંગે પ્રસિધ્ધ થયેલ સમાચાર સત્યથી વેગળા છે, તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકાધીશ યુવા ગ્રુપ દ્વારા લોકડાયરાનું આયોજન

**અબતક,રાજકોટ**


દ્વારકાધીશ યુવા ગ્રુપ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલી અર્પવા તા.૧૪ ફેબ્રુઆરી શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે ત્રિકોણબાગ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું છે.

લોકડાયરામાં લોક ગાયક વાલભા ગઢવી, અષાઢી ગાયક ઉમેદ ગઢવી, લોક ગાયીકા મનીષા પ્રજાપતિ લોક ગાયક મિત રાવલ પોતાની કલા પીરસશે પુલવામાં એટેકમાં શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલી આપવાના કાર્યક્રમનાં આયોજનમાં કાનાભાઈ સાનિયા, બીપીનભાઈ મકવાણા, વિનયભાઈ ટાંક, નાગજીભાઈ બાંભવા, તેમજ મિલનભાઈ ટાંક જહેમત ઉઠાવી રહ્યા છે.

### વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા

# વેલેન્ટાઈન ડેનો ઉગ્ર વિરોધઃ લવ ગાર્ડનમાંથી પ્રેમી પંખીડાઓ ઉડી ગયા !







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

## વેલેન્ટાઈન ડેના વિરોધમાં અને હિંદુ સંસ્કૃતિ-પરંપરા પ્રત્યે જાગૃતિ લાવવા બહુમાળીભવન ચોક ખાતે સૂત્રોચાર પોકાર્યા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ સંસ્કૃતિ ભારતની પરંપરાગત સંસ્કૃતિ પર દિન પ્રતિદિન હાવી થઈ રહી છે. આજે વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવી રહી છે જે ભારતની મૂળભૂત સંસ્કૃતિ છે તદ્દન વિરોધી છે. વેલેન્ટાઈન ડેના વિરોધમાં આજે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા શહેરના રેસકોર્સ રીંગરોડ સ્થિત બહુમાળી ભવન ચોક ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. સૂત્રોચ્ચાર પોકારવામાં આવ્યા હતા.ત્યારબાદ કાર્યકરો રેસકોર્સમાં લવ ગાર્ડનમાં સૂત્રોચ્ચાર પોકારતા પોકારતા નીકળ્યા હતા. જેના પગલે અહીં પ્રેમાલાપ કરતા પ્રેમી પંખીડાઓમાં ભારે ભાગદોડ મચી જવા પામી હતી.

છેલ્લા ઘણા સમયથી ભારતના મુખ્ય તહેવારોની ઉજવણી પ્રત્યે યુવાધનમાં ઓછો ઉત્સાહ જોવા મળી રહ્યો છે જ્યારે પશ્ચિમની તહેવારોની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે જ્યારે પ્રેમના તહેવાર એવા વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ આજે આ પશ્ચિમ સંસ્કૃતિનો ઉગ્ર વિરોધ કર્યો હતો મોટી સંખ્યામાં કાર્યકરો બહુમાળી ચોક ખાતે ભેગા થયા હતા.અહીં વેલેન્ટાઈન ડેના વિરોધમાં સૂત્રોચ્ચાર પોકારવામાં આવ્યા હતા અને હિન્દુ સંસ્કૃતિ તથા પરંપરાને ઉજાગર કરવા માટે પણ કેટલાક સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યકરોનું ટોળું રેસકોર્સ સંકુલમાં લવ ગાર્ડન તરીકે ઓળખાતા બગીચામાં સૂત્રો પોકારતા પોકારતા નીકળ્યા હતા. જેના પગલે અહીં પ્રેમાલાપ કરી રહેલા પ્રેમી યુગલોમાં ભારે દોડધામ મચી જવા પામી હતી.કેટલાક યુવા અને યુવતી પોતાના સામાન છોડી ભાગી ગયા હતા.

# વસ્તી ગણતરી માટે કોર્પોરેશન પાસે જરૂરિયાત સામે માત્ર ૫૦ ટકા જ સ્ટાફ!

## ખાનગી શાળા કોલેજોના સ્ટાફને તાલીમ આપી ગણતરીમાં જોતરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વસ્તી ગણતરીની જવાબદારી કોર્પોરેશનની જ રહશે.ગણતરી માટે સ્ટાફની ફાળવણી કરવાની પ્રકિયા હાથ પર લેવામાં આવી છે.જેમાં ૫૦૦૦ કર્મચારીઓની જરૂરીયાત સામે માત્ર ૫૦ ટકા જ એટલે કે માંડ ૨૫૦૦નો સ્ટાફ મળી શકે તેમ છે.આ ઘટને પૂરી કરવા ખાનગી શાળા અને કોલેજના સ્ટાફને તાલીમ આપી વસ્તી ગણતરીની કામગીરીમાં ઉતારવાની વિચારણા ચાલી રહી છે

છેલ્લે વર્ષ ૨૦૧૧ માં વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી.હવે ૧૫ વર્ષના લાંબા અંતરાલ બાદ ૨૦ એપ્રિલથી આ વસતી ગણતરીનો પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.જેનો સામે અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.શહેરના ભૌગોલિક નકશામાં મોટા ફેરફારો આવ્યા છે.નવા ભળેલા વિસ્તારોને કારણે કામગીરીનું ભારણ વધ્યું છે. જેની સામે મોટો પ્રશ્ન સ્ટાફની અછતનો છે. જેને લઈ ખાનગી શાળાઓના સ્ટાફની મદદ લેવા સહિતના અન્ય પાસાઓ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવી રહ્યો છે. કોર્પોરેશનના અધિકારીના જણાવ્યા અનુસાર, આગામી વસ્તી ગણતરીની પ્રક્રિયા બે તબક્કામાં વિભાજિત કરાઈ છે. આ વખતે ગણતરીની પદ્ધતિમાં પેપરવર્કને બદલે સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં માત્ર હાઉસ લિસ્ટિંગ કરવામાં આવશે. આ પછી ફેબ્રુઆરી ૨૦૨૭માં વાસ્તવિક વસ્તી ગણતરી કરવામાં આવશે. જેમાં દરેક વ્યક્તિની વિગતવાર માહિતી જેવી કે, ઉંમર, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય અને અન્ય જાણકારી એકત્ર કરવામાં આવશે. ત્યારબાદ વસ્તી ગણતરીનું સાચું પરિણામ સામે આવશે. રાજકોટ મનપા દ્વારા કરવામાં આવેલા માઈક્રો પ્લાનિંગ મુજબ, જેમાં મહાનગરપાલિકાનો પોતાનો સ્ટાફ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સરકારી શાળાઓના શિક્ષકો અને આચાર્યોનો સમાવેશ થાય છે. આમ, જરૂરિયાત કરતા ૫૦ ટકા સ્ટાફ ઓછો હોવાને કારણે કામગીરી સમયસર પૂર્ણ થશે કે કેમ તે બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વસ્તી ગણતરી એ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની પ્રક્રિયા છે, જો સ્ટાફ ઓછો હોય તો એક કર્મચારી પર કામનું ભારણ વધે છે અને ડેટાની ચોકસાઈ પર પણ તેની અસર પડી શકે છે. આ સ્ટાફની ઘટ પૂરી કરવા માટે હવે મનપા તંત્ર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી છે.

મનપાનાં ચૂંટણી અધિકારી પ્રણય પંચાલના જણાવ્યા અનુસાર, ઘટતા ૨,૫૦૦ કર્મચારીઓની વ્યવસ્થા કરવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જેમાં શહેરમાં આવેલી ખાનગી શાળાઓના શિક્ષકો અને બિન-શૈક્ષણિક સ્ટાફને આ સરકારી કામગીરીમાં જોડવા માટે મંજૂરી મેળવવા પ્રક્રિયા ચાલી રહી છે. જો સરકાર તરફથી મંજૂરી મળશે, તો ખાનગી શાળાના સ્ટાફને જરૂરી તાલીમ આપીને મેદાનમાં ઉતારવામાં આવશે. આ સિવાય વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકો અને એલઆઈસી જેવી સંસ્થાઓના કર્મચારીઓની સેવાઓ લેવા માટે કલેકટર મારફત પત્રવ્યવહાર કરવામાં આવ્યો છે. સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કર્મચારીઓને પણ કામગીરીમાં સામેલ કરવા અંગે વિચારણા ચાલી રહી છે.

### વસ્તી ગણતરી અંતર્ગત

# ગુજરાતમાં ૨૦ એપ્રિલથી ૧૯મે સુધી ઘર યાદી-મકાનોની ગણતરી કરાશે

## ગણતરીદારો ઘેર-ઘેર સર્વે કરી સ્થિતિ, કુટુંબની અસ્કયામતો અને સુવિધાની માહિતી એકત્રીત કરશે

**અબતક,રાજકોટ**

વસતી ગણતરી અંતર્ગત ગુજરાતમાં આગામી ૨૦ એપ્રીલથી ૨૯મે સુધી ઘર યાદી અને મકાનની ગણતરી હાથ ધરવામા આવશે.

જનગણના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪ અને જનગણના નિયમો, ૧૯૯૦ના નિયમ ૩ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારે તાજેતરમાં રાજય માટે જનગણના અધિકારીઓની નિમણૂંક અંગે એક જાહેરનામું બહાર પાડેલ છે. આ નિમણૂંકિતઓ ૨૦૨૭ની જનગણનાના સફળ સંચાલન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

નિમણૂંક થયેલ દરેક જનગણના કર્મચારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ રાજ્યભરમાં જનગણના ઘરયાદીની કામગીરી સરળ, સમયસર અને સચોટ રીતે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તેમની ફરજો અત્યંત નિષ્ઠા, જવાબદારી અને સાવચેતીપૂર્વક બજાવે. સરકાર દ્વારા ગુજરાતના લોકોને પણ અપીલ છે કે તેઓ જનગણના અધિકારીઓને તેમનો સંપૂર્ણ સહયોગ આપે અને રાષ્ટ્રીય મહત્વની આ મહત્વપૂર્ણ કવાયતમાં સક્રિયપણે ભાગ લે, જે દેશમાં હાથ ધરવામાં આવતી સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કામગીરી છે.

જનગણના ૨૦૨૭ બે અલગ અલગ તબક્કામાં હાથ ધરવામાં આવશે. જેમાં

ઘરયાદી અને મકાનોની ગણતરી એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અને વસ્તીની ગણતરી ફેબ્રુઆરી ૨૦૨૭થી હાથ ધરાશે. ભારત સરકારના ૭ જાન્યુઆરીના ૨૦૨૬ના જાહેરનામાના સંદર્ભમાં, ગુજરાત સરકારે ઘરયાદી અને મકાનોની ગણતરીનો સમયગાળો ફરીથી સૂચિત કર્યો છે અને ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના જાહેરનામાં મુજબ રાજ્યમાં ક્ષેત્રીય કાર્ય ૨૦ એપ્રિલ થી ૧૯ મે ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે.

તાલીમ પામેલા ગણતરીદારો દરેક ઘરની મુલાકાત લઈને વ્યવસ્થિત અને ગુપ્ત રીતે જરૂરી માહિતી એકત્રિત કરશે.

આ તબક્કામાં વ્યાપક ઘર-ઘર સર્વેક્ષણ દ્વારા ઘરની સ્થિતિ, કુટુંબ પાસેની અસ્કયામતો અને સુવિધાઓ અંગેની માહિતી એકત્રિત કરવામાં આવશે.

ઘરયાદીની કામગીરી શરૂ થાય તે પહેલાં, સ્વ-ગણતરી પંદર દિવસ (૦૫ થી ૧૯ એપ્રિલ, ૨૦૨૬)ના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવશે, જે ઘરયાદીની ક્ષેત્રીય કામગીરી પહેલા તરત જ હાથ ધરવામાં આવશે.

આ સમયગાળા દરમિયાન, લોકોને ડિજિટલ રીતે પોતાની માહિતી સબમિટ કરવાની તક મળશે, જેનાથી સહભાગિતામાં સરળતા રહેશે અને ડેટાની ચોકસાઈમાં સુધારો થશે.

સરકાર પુનરોચ્ચાર કરે છે કે જનગણના દરમિયાન એકત્રિત કરવામાં આવેલી બધી માહિતી ચુસ્તપણે ગુપ્ત રાખવામાં આવશે અને જનગણના કાયદા હેઠળ ફરજિયાત રીતે આંકડાકીય હેતુઓ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે.

૨૦૨૭ ની જનગણના સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે ગુજરાતના દરેક રહેવાસીનો સહયોગ મહત્વપૂર્ણ છે. આ કવાયત દ્વારા જનરેટ થયેલ ડેટા રાજ્ય અને રાષ્ટ્રના ભાવિ વિકાસ માર્ગને આકાર આપવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# વડાપ્રધાન પોતે શ્રમજીવી પરિવારમાંથી આવે છે તેમને શ્રમિકોના હિતની નીતિ શીખવવાની ન હોય: મંત્રી ડો.મનસુખ માંડવિયા

## વડનગર રેલ્વે સ્ટેશન પર ચાની કીટલીએ પિતાને મદદરૂપ થઈ ઘડાઈ દેશના વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વની સંસદમાં વિપક્ષોને ડો.મનસુખભાઈ આપી ઓળખ

**અબતક, રાજકોટ**



વિશ્વ ની સૌથી મોટી લોકશાહી ભારત ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે ડો, આંબેડકર ને સન્માન આપવા બાબતે વિપક્ષોએ કરેલા નિવેદનો સામે આજે કેન્દ્રીય મંત્રી ડો, મનસુખભાઈ માંડવીયાએ જણાવ્યું હતું કે ડો,આંબેડકર સાહેબને માન સન્માન આપવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શીખવવાનું ન હોય કેમકે નરેન્દ્ર મોદી પોતે એક શ્રમિક અને સંઘર્ષ શીલ પરિવારમાં પુરુષાર્થ કરીને વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા છે. મનસુખભાઈ માંડવીયાએભાવુક થઈને જણાવ્યું હતું કે ડો, બાબા સાહેબ આંબેડકરને કેવી રીતે સન્માન આપવું જોઈએ તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખૂબ સારી રીતે જાણે ,છે કેમકે તે પોતે એક શ્રમિક પરિવાર માંથી આગળ આવ્યા છે ,આ હું જાણું છું કેમ કે હું પણ ગુજરાતી છું. હું જાણું છું કે એક ગરીબ પરિવાર માંથી આવેલ બાળક નરેન્દ્ર મોદી વડનગર રેલ્વે સ્ટેશન પર પોતાના પિતાની નાની એવી ચા ની કેટલી એ વહેલી સવારે પિતાને મદદ કરવા કેટલી એ જઈ ચા વેચવા વાળા પરિવારનો દીકરો આજે દેશના વડાપ્રધાન છે . એ કેટલાક લોકો ને હજમ થતું નથી.. મુશ્કેલી તો એ છે કે આવી વ્યક્તિ દેશના વડાપ્રધાન પદે સેવા કરી રહ્યા છે ત્યારે તેમને શ્રમિકોનું કલ્યાણ કેવી રીતે કરવું? તેમના હિતોની રખેવાળી કેમ કરવી? તે તેઓ (વિપક્ષ) શીખવશે કે શું? જે પોતાના ઘેરથી શીખીને આવ્યા હોય જેના સંસ્કારમાં જ તે હોય તેને શીખવવાનું ન હોય? તેમ જણાવી મનસુખભાઈ માંડવીયાએ અધ્યક્ષને સંબોધીને વિપક્ષ પર ભારે કટાક્ષ કર્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભાવનગરમાં ૫૦ ઈ-બસોનું ઈ-લોકાર્પણ

**અબતક, રાજકોટ**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામમાંથી રૂ ૫૪૫૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું ઉદ્દઘાટન કર્યું હતું. આ અવસરે તેમણે ઙખ ય-ઈીત જ્યૂફ યોજના અંતર્ગત ભાવનગર શહેર માટે ૫૦ અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપી હતી.

દેશના શહેરોમાં સ્વચ્છ, વિશ્વસનીય અને ટકાઉ જાહેર પરિવહન વ્યવસ્થા ઉભી કરવા માટે પીએમ ઈ-બસ સેવા યોજના મહત્વપૂર્ણ પહેલ માનવામાં આવે છે. પ્રારંભિક તબક્કામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના નાગપુર, ચંડીગઢ અને આસામના ગુવાહાટીમાં પણ ઈ-બસો ફાળવવામાં આવી છે.

રાજ્યમાં યોજનાના અમલીકરણ માટે ગુજરાત શહેરી વિકાસ મિશનને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની રાજ્ય નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે. આગામી સમયમાં ગુજરાતના ૮ શહેરોમાં કુલ ૭૫૦ ઈ-બસો દોડાવવાનું આયોજન છે.

ભાવનગર ગુજરાતનું પ્રથમ શહેર બન્યું છે જ્યાં આ યોજના હેઠળ ૫૦ ઈ-બસોનું લોકાર્પણ થયું છે. શહેરમાં કુલ ૧૦૦ બસો દોડશે, જેનાથી નાગરિકોને વધુ સુવિધાજનક પરિવહન મળશે. બસોમાં એરકન્ડિશન સુવિધા, દિવ્યાંગમિત્ર ડિઝાઈન અને સુરક્ષાની દ્રષ્ટિએ સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

આગામી સમયમાં વડોદરામાં ૨૫૦, રાજકોટમાં ૧૦૦, ભાવનગરમાં ૧૦૦, ગાંધીનગરમાં ૧૦૦, જામનગરમાં ૫૦, જુનાગઢમાં ૫૦, ગાંધીધામમાં ૮૦ અને નવસારીમાં ૨૦ ઈ-બસો શરૂ કરવામાં આવશે.

# શિવવંદના ટ્રસ્ટની કૈલાસ યાત્રિકોને સમયસર પરમીટ-વીઝા અને વય મર્યાદા ૭૫ વર્ષ કરવા માંગ

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત કેન્દ્ર સરકારને રજૂઆત; પાંચ વર્ષ યાત્રા બંધ રહેતા યાત્રિકોમાં રોષ

**અબતક, રાજકોટ**

કૈલાસ યાત્રા માટે દર વર્ષે રૂ. ૩ લાખથી વધુ ખર્ચ કરવા છતાં યાત્રિકોને સમયસર પરમીટ-વીઝા ન મળતા દેશભરમાં અસંતોષ વ્યાપ્યો છે. ૨૦૨૦થી ૨૦૨૪ સુધી સતત પાંચ વર્ષ યાત્રા બંધ રહી હતી. ૨૦૨૫માં યાત્રા શરૂ થયા બાદ પણ મોડા પરમીટ-વીઝાના કારણે યાત્રિકોને કાઠમંડુ પહોંચ્યા પછી ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાનું આયોજકો જણાવે છે.

શિવવંદના ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તથા ૩૦ વખત કૈલાસ યાત્રા કરનાર કો. યશવંત ગોસ્વામીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, પર્યટન મંત્રાલય તેમજ સાંસદોને લેખિત રજૂઆત કરી છે. સાથે જ ચાઈના ઈન્ડિયા પિલગ્રીમ સર્વિસ સેન્ટર (ઈઈડ્જઈ) અને ફોરેન એક્સચેન્જ સેન્ટર, ચાઈના (ઊત્ક્ષ્ઈઈ) સુધી મુદ્દો પહોંચાડવાની માંગ પણ કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવાયું છે કે યાત્રાની તારીખથી માત્ર ૫-૬ દિવસ પૂર્વે પરમીટ મળતા અને કેટલાક કિસ્સાઓમાં યાત્રાની તારીખ પછી વીઝા મળતા આયોજકો તથા યાત્રિકો પર આર્થિક અને માનસિક દબાણ સર્જાય છે. એક મહિના પૂર્વે અરજી કરવા છતાં પ્રક્રિયા અંતિમ ક્ષણે પૂર્ણ થતી હોવાથી સતત અનિશ્ચિતતા રહે છે.

આ ઉપરાંત, કોરોનાના કારણે પાંચ વર્ષ યાત્રા બંધ રહેતા અનેક યાત્રિકોની ઉંમર ૬૬થી વધીને ૭૦ વર્ષથી વધુ થઈ ગઈ છે. હાલની વય મર્યાદા કારણે તેઓ યાત્રાથી વંચિત રહે છે. તેથી વય મર્યાદા ૭૫ વર્ષ સુધી વધારવાની માંગ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.

ટ્રસ્ટના જણાવ્યા મુજબ, અગાઉ પણ યાત્રા સંબંધિત વિવિધ મુશ્કેલીઓ અંગે કરવામાં આવેલી રજૂઆતો પર હકારાત્મક પગલાં લેવાયા હતા. હવે યાત્રિકોને સમયસર પરમીટ-વીઝા મળે અને વય મર્યાદા વધારાય તેવી જોરદાર માંગ ઉઠી છે.

# વેરામાં વ્યાજમાફી સાથે બાકીદારોની ૧૯૮ મિલકતો સિલ

## ટેક્સ બ્રાન્ચ દ્વારા ૧૫૪૦ બાકીદારોને જપ્તી નોટિસ ફટકારી: રૂા.૧૦.૩૪ની વસૂલાત

**અબતક, રાજકોટ**

હાલ કોર્પોરેશનમાં બાકીવેરમાં વ્યાજ માફી યોજના ચાલી રહી છે.બીજી તરફ ત છેલ્લા એક સપ્તાહમાં બાકીદારોની ૧૯૮ મિલકત સીલ કરવામાં આવી છે. નોટિસ આપવા છતા વેરો ન ભરનાર ૧૫૪૦ આસામીઓને જપ્તીની નોટિસ ફટકારી છે.


૩૨૪૫ આસામીઓએ પાસેથી ૧૦.૩૪ કરોડની વસૂલાત થવા પામી હતી.

વ્યાજ માફી સાથે હાર્ડ રિકવરી ચાલુ ચાલુ છે.જેમા એક સપ્તાહમાં વોર્ડ નં.૨માં ૧, વોર્ડ નં.૩-૧૭, વોર્ડ નં.૭-૬૦૮ વોર્ડ નં.૧૩ - ૫૬, વોર્ડ નં.૧૭-૨૭, વોર્ડ નં.૧૪,૨૦ સહિત ૯૫ મિલકતો સીલ કરવામાં આવી હતી. ઈસ્ટઝોનમાં છ વોર્ડમાં ૨૪ મિલકત અને વેસ્ટ ઝોનમાં સૌથી વધુ ૧૦૩ સાથે કુલ ૧૯૮ મિલકતો સીલ કરવામાં આવી હતી. અગાઉ સીલ થયેલ મિલકતો પૈકી ૧૫૪૦ આસામીઓને જપ્તીની નોટિસ ફટકારવામાં આવી હતી. ૩૨૪૫ આસામીઓએ વેરો ભરપાઈ કર્યો હતો. જેમાં ચેક અને રોકડનો સમાવેશ થાય છે. છતાં સીલિંગથી બચવા ચેક આપવામાં આવેલ હોય અને અમુક કિસ્સામાં ચેર રીર્ટન થયા હોય તેવા આસામીઓ વિરૂધ્ધ ફરિયાદ કરવા સહિતના પગલા લેવામાં આવશે.

એક સપ્તાહમાં ૧૯૮ મિલકતો સીલ કર્યા બાદ આ ઝૂંબેશ આગામી ૩૧ માર્ચ સુધી ચાલુ રાખવામાં આવશે. તેમજ ૧ લાખથી વધુ વેરો બાકી હોય તેવા આસામીઓ વિરૂધ્ધ આ વર્ષ સીલિંગ કામગીરી ચાલુ રખાશે તેમ જાણવા મળેલ છે. વેરા વિભાગે બાકીદારોના લીસ્ટ બનાવવાનુ શરૂ કર્યુ છે. આગામી દિવસોમાં ૨૮૫૮ મિલકત ધારકોને જપ્તીની નોટિસ ફટકારવામાં આવશે. વેરા વિભાગે વધુમાં જણાવેલ કે, વેસ્ટઝોન અને સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ કોમર્શિયલ એકમો આવેલા છે અને જૂની મિલકતો પણ વધુ હોવાથી આ બંન્ને ઝોનમાં બાકીદારોની સંખ્યામાં પણ મોટો વધારો જોવા મળ્યો છે.

# ખાલિસ્તાની" પન્નુની હત્યાકાંડમાં નિખિલ ગુપ્તાએ "કાવતરૂ" કબૂલ્યું!!!

## વિકાસ યાદવે નામ આવતા સરકારે કહ્યું કે આ કોઈ સરકારી મિશન નહોતું, અધિકારીએ પોતાની રીતે કરેલું 'રોગ ઓપરેશન' હતું



અમેરિકામાં રહેતા ખાલિસ્તાની સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યા કરવાનું કાવતરું ઘડવાના કેસમાં મોટો વળાંક આવ્યો છે. અત્યાર સુધી પોતાની જાતને નિર્દોષ ગણાવતા ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાએ હવે અમેરિકાની કોર્ટમાં પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. નિખિલ ગુપ્તા પર આરોપ હતો કે તેણે પન્નુને મારવા માટે એક હિટમેન (સોપારી લેનાર) સાથે ૧ લાખ ડોલરની ડીલ કરી હતી. જોકે, તે હિટમેન ખરેખર અમેરિકાનો છૂપો એજન્ટ હતો. હવે ગુનો કબૂલવાને કારણે નિખિલ ગુપ્તા લાંબી ટ્રાયલ (કોર્ટ કેસ) થી બચી જશે, પણ તેને ૨૧ થી ૨૪ વર્ષની જેલની સજા થઈ શકે તેમ છે. આ કેસમાં વિકાસ યાદવ નામના પૂર્વ ભારતીય અધિકારીનું નામ જોડાયેલું છે. અમેરિકાનો દાવો છે કે વિકાસ યાદવે જ નિખિલને આ કામ સોંપ્યું હતું. જ્યારે ભારત સરકારનું કહેવું છે કે આ કોઈ સરકારી મિશન નહોતું, પણ કોઈ અધિકારીએ પોતાની રીતે કરેલું 'રોગ ઓપરેશન' (મનસ્વી કૃત્ય) હતું.

# ૧,૦૦૦ થી વધુ પાઈલટોની એકી સાથે ભરતી કરશે ઈન્ડિગો

## કંપનીમાં ટ્રેની ઓફિસરથી લઈને સિનિયર કેપ્ટન સુધીના તમામ હોદ્દાઓ માટે જગ્યાઓ બહાર પાડવામાં આવી છે

**અબતક દિલ્હી**



ભારતની સૌથી મોટી એરલાઈન કંપની, IndiGo, એક સાથે ૧,૦૦૦ થી વધુ પાઈલટની ભરતી કરવા જઈ રહી છે. આ ભારતીય વિમાન ક્ષેત્રની અત્યાર સુધીની સૌથી મોટી ભરતીઓમાંથી એક છે. કંપનીમાં ટ્રેની ઓફિસરથી લઈને સિનિયર કેપ્ટન સુધીના તમામ હોદ્દાઓ માટે જગ્યાઓ બહાર પાડવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, જો પાઈલટ પાસે એરબસ અ૩૨૦ ચલાવવાનો અનુભવ ન હોય, તો પણ કંપની તેમને નોકરી પર રાખવા તૈયાર છે.IndiGo તેની ઓપરેશનલ સિસ્ટમને મજબૂત કરવા માંગે છે.

DGCA ની તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની પાઈલટો પાસે વધુ કામ લેતી હતી અને તેમની પાસે પૂરતા 'બેકઅપ' પાઈલટ નહોતા. હવે કંપની ૧૫% જેટલા પાઈલટને 'સ્ટેન્ડબાય' (વધારાના) રાખશે જેથી ભવિષ્યમાં ફ્લાઈટ્સ રદ ન થાય અને મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે.

### ભરતી કેમ કરવી પડી?

ગયા વર્ષે ડિસેમ્બરમાં પાઈલટની અછતને કારણે કંપનીએ ૭ દિવસમાં ૫,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

સરકારએ પાઈલટના આરામ માટે નવા કડક નિયમો બનાવ્યા છે, જેના કારણે હવે એરલાઈન્સને પહેલા કરતા વધુ પાઈલટની જરૂર પડી રહી છે. IndiGo દર મહિને આશરે ૪ નવા વિમાનો પોતાના કાફલામાં ઉમેરે છે, જેની સામે પાઈલટની સંખ્યા ઓછી પડી રહી હતી.

# "ગિફ્ટ સિટી"ના ચેરમેન પદે ઉદય કોટક નિમાયા

## તેઓએ કોટક મહિન્દ્રા ગ્રુપને શૂન્યમાંથી બેન્કિંગ, વીમો અને સ્ટોક બ્રોકિંગ જેવા અનેક ક્ષેત્રોમાં ભારતની અગ્રણી કંપની બનાવી

**અબતક, રાજકોટ**



ગુજરાતના ડ્રીમ પ્રોજેક્ટ અને ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર, ગિફ્ટ સિટીને હવે એક નવું અને અનુભવી નેતૃત્વ મળ્યું છે. ભારતીય બેન્કિંગ ક્ષેત્રના માંધાતા અને કોટક મહિન્દ્રા બેન્કના સ્થાપક ઉદય કોટકની ગિફ્ટ સિટીના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારનો આ નિર્ણય ગિફ્ટ સિટીને વૈશ્વિક આર્થિક નકશા પર વધુ મજબૂત બનાવવાની દિશામાં એક માસ્ટરસ્ટ્રોક માનવામાં આવે છે.

તેમણે કોટક મહિન્દ્રા ગ્રુપને શૂન્યમાંથી બેન્કિંગ, વીમો અને સ્ટોક બ્રોકિંગ જેવા અનેક ક્ષેત્રોમાં ભારતની અગ્રણી કંપની બનાવી છે. ૨૦૧૭માં સેબી દ્વારા રચાયેલી કોર્પોરેટ ગવર્નન્સ કમિટીના તેઓ અધ્યક્ષ હતા, જેમાં તેમણે કંપનીઓના વહીવટમાં પારદર્શિતા લાવવા માટે મોટા સુધારા સૂચવ્યા હતા. તેમણે મુંબઈની જમનાલાલ બજાજ ઈન્સ્ટિટ્યૂટમાંથી મેનેજમેન્ટનો અભ્યાસ કરેલો છે.

# નળમાંથી પાણી ટપકવું, વસ્તુઓ વેર વિખેર અને તૂટેલો કાચ લક્ષ્મીને ઘરમાં આવતા રોકે છે



**અબતક, રાજકોટ**

ભારતીય સંસ્કૃતિમાં ઘરને માત્ર ચાર દીવાલોનું માળખું નહીં, પણ એક મંદિર માનવામાં આવે છે જ્યાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનો વાસ હોય છે. આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણા ઘરે લક્ષ્મીજીના આશીર્વાદ કાયમ રહે અને આર્થિક ઉન્નતિ થતી રહે. આ માટે આપણે રાત-દિવસ મહેનત કરીએ છીએ, પરંતુ ઘણીવાર અથાક પરિશ્રમ છતાં ઘરમાં પૈસા ટકતા નથી અથવા માનસિક અશાંતિનો અનુભવ થાય છે. વાસ્તુશાસ્ત્ર મુજબ, આ પાછળનું કારણ આપણા ઘરમાં રહેલી કેટલીક 'અદ્રશ્ય' નકારાત્મકતા હોઈ શકે છે.

## તૂટેલી વસ્તુઓ રાખવી

ઘરમાં રાખેલી દરેક વસ્તુ પોતાની ઉર્જા ધરાવે છે. તૂટેલી વસ્તુઓ નકારાત્મકતા લાવે છે.તૂટેલા અરીસા, બંધ પડેલી ઘડિયાળ કે સુકાયેલા છોડ ઘરમાં રાખવા. આવી વસ્તુઓનો તાત્કાલિક નિકાલ કરો અને ઘરમાં જીવંત લીલા છોડ લગાવો.

## વસ્તુઓ વેરવિખેર પડેલી રહેવી

ઘરમાં બિનજરૂરી સામાન ઉર્જાના પ્રવાહને રોકે છે, જેનાથી આર્થિક પ્રગતિ અટકે છે.જૂનું ફર્નિચર, પસ્તી કે વણવપરાયેલ સામાન ગમે ત્યાં ભરી રાખવો.નિયમિતપણે ઘરની સફાઈ કરો, તિજોરી અને કબાટને વ્યવસ્થિત રાખો અને ઘરને હવાઉજાસવાળું બનાવો

## પાણીનું ટપકવું

વાસ્તુશાસ્ત્રમાં પાણીને 'ધન'નું પ્રતીક માનવામાં આવે છે. રસોડા કે બાથરૂમના નળ ટપકતા હોય અથવા દીવાલોમાં ભેજ હોય. એવું માનવામાં આવે છે કે જે રીતે પાણી ટપકે છે, તેમ તમારું ધન પણ ધીમે ધીમે વહી જાય છે.નળ કે પાઈપમાં લીકેજ હોય તો તેને તરત જ ઠીક કરાવો.

## મુખ્ય દ્વારની અવગણના

ઘરનો મુખ્ય દરવાજો એ લક્ષ્મીજીના આગમનનો માર્ગ છે.દરવાજા પાસે ચપ્પલના ઢગલા, અંધારું હોવું અથવા દરવાજો ખોલતી વખતે અવાજ આવવો.મુખ્ય દ્વારને સજાવીને રાખો, ત્યાં પૂરતો પ્રકાશ રાખો અને તેને સ્વચ્છ રાખો.

## ખોટી દિશામાં રૂમની ગોઠવણી

ઘરના રૂમ જો ખોટી દિશામાં હોય તો તે પંચતત્વનું સંતુલન બગાડે છે.ઈશાન ખૂણા (ઉત્તર-પૂર્વ) માં રસોડું હોવું અશુભ મનાય છે, કારણ કે ત્યાં અગ્નિ અને જળ તત્વો વચ્ચે સંઘર્ષ થાય છે. તેમજ ઉત્તર દિશામાં માથું રાખીને સૂવાથી સ્વાસ્થ્ય અને ઊંઘ પર ખરાબ અસર પડે છે. હંમેશા દક્ષિણ કે પૂર્વ દિશામાં માથું રાખીને સૂવો અને રસોડું દક્ષિણ-પૂર્વ (અગ્નિ ખૂણા)માં બનાવો.

## ઈશાન ખૂણો (ઉત્તર-પૂર્વ) ભારે હોવો

આ ખૂણાને 'ઈશાન કોણ' કહેવાય છે, જે દેવી-દેવતાઓનું સ્થાન છે.આ ખૂણામાં ભારે કબાટ, સામાન કે કચરો રાખવો અથવા ત્યાં શૌચાલય હોવું.

ઈશાન ખૂણાને હંમેશા ખાલી, સાફ અને પ્રકાશિત રાખો. અહીં મંદિર બનાવવું સૌથી ઉત્તમ છે.

# બાગેશ્વરધામ સમૂહ લગ્ન મહોત્સવમાં ભાઈશ્રી રમેશભાઈ ઓઝાનું ધીરેન્દ્ર કૃષ્ણશાસ્ત્રી દ્વારા કરાયું સ્વાગત-સન્માન

### બાગેશ્વર ધામ સનાતન વૈદિક ગુરુકુળનું ભાઈશ્રી ની પ્રેરક ઉપસ્થિતિમાં થયો મંગલારંભ





**અબતક, રાજકોટ**


બુંદેલખંડ ના બાગેશ્વર ધામ માં સમૂહ લગ્ન મહોત્સવ અને સનાતન વૈદિક ગુરુકુળ ના પ્રારંભ ઉત્સવ નું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું. બુંદેલખંડ ની પાવન ભૂમિ પર બાગેશ્વર ધામમાં સમૂહ લગ્ન મહોત્સવ અંતર્ગત ગઈકાલે પ્રખર ભાગવત કથાકાર ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા એ ખાસ હાજરી આપી હતી આવશરે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી એ આત્મીય ભાવથી ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા નું સ્વાગત કર્યું હતું . બાગેશ્વર ધામમાં ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી દ્વારા નિર્મિત બાગેશ્વર ધામ સનાતન વૈદિક ગુરુકુળ રમેશભાઈ ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

રમેશભાઈ ઓઝા અને શાસ્ત્રી ધીરેન્દ્ર કૃષ્ણા શાસ્ત્રીય ધર્મ આધ્યાત્મિક અને સનાતન સંસ્કૃતિ અંગે વિશેષ પરામર્શ કર્યો હતો રમેશભાઈ ઓઝા એ જણાવ્યું હતું કે આજના આધુનિક યુગમાં વૈદિક પરંપરા અને સનાતન સંસ્કારોની જાળવણી કરવી એ મોટો ધર્મ છે તેમણે ધીરેન્દ્ર શાસ્ત્રી ના સનાતન અભિયાન ની સરાહના કરી તેઓના કાર્યને સફળતા મળે તેવી કામના કરી હતી.

### સત્ય, પ્રેમ, કરૂણાના ઉપાસક

# વિશ્વમાં રામનામ ગુંજતું કરનાર પૂ.મોરારિબાપુ શિવરાત્રિએ ૮૧ વર્ષમાં કરશે મંગલપ્રવેશ

### વિશ્વના કરોડો રામભક્તોના હૃદ્યમાં રામરસ ઘોળનાર બાપુને સમગ્ર વિશ્વમાંથી કોટી કોટી વંદન



**અબતક, રાજકોટ**

વિશ્વ પ્રસિધ્ધ રામાયણી સંત અને સમગ્ર વિશ્વમાં રામનાથ ગુંજતું કરનાર પૂ.મોરારિબાપુ શિવરાત્રિ મહાવદ ચૌદશના દિવસે ૮૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. બાપુના જન્મદિવસને લઈને લાખો ભક્તોમાં આનંદ છવાયો છે.

પૂ.મોરારિબાપુ મહાવદ ચૌદસ શિવરાત્રીના દિવસે ૮૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. 'શતમ્ જીવમ્ નહીં સવા શતમ્' તેમના કાર્યોથી સૌએ કહેવુ પડે! જીવનના સાત દાયકા સુધી રામનામના ગુંજારવને નસનસમાં ભરી દેનાર આ મહાચેતના અને પરમ વિભૂતિને કદાચ ભવિષ્યે લોકો એક ચમત્કારી મહાપુરૂષ તરીકે ઓળખશે!!

પૂ.મોરારિબાપુએ સ્વયંમ જન્મ વિશે જણાવેલ છે કે ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૬ મારી પાસપોર્ટમાં લખાયેલી જન્મ તારીખ છે. પરંતુ વાસ્તવમાં જન્મદિવસ એ શિવરાત્રી એટલે કે ૨ માર્ચ ૧૯૪૬ છે. શિવરાત્રીનો તે દિવસ હતો અને તેથી બાપુએ પોતાનો જન્મદિવસ ક્યારેય અંગ્રેજી કેલેન્ડર મુજબ પ્રસ્તુત કર્યો નથી. તેથી આપણે શિવરાત્રીને જ આગળ કરીને ચાલીએ, માનીએ. તે મહાવદ ચૌદસ સવંત ૨૦૦૨નો દિવસ હતો શનિવાર.તો આ રીતે બાપુનો જન્મ દિવસ મહાશિવરાત્રીથી ગણતા બાપુ હવે ૮૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. માત્ર ૧૪ વર્ષની ઉંમરે રામચરિત માનસની (અનુ. આઠમા પાને)

# પોઈચા ખાતે માહિતી ખાતાની બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ

### યોજનાકીય પ્રચાર-પ્રસારને વધુ અસરકારક બનાવવા રાજ્યભરના અધિકારીઓનું મનોમંથન



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા નર્મદા જિલ્લાના પવિત્ર તીર્થસ્થળ નીલકંઠધામ-પોઈચા ખાતે તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરી દરમિયાન બે દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ થયો હતો. રાજ્યભરના વર્ગ ૧ અને ૨ના માહિતી અધિકારીઓ આ શિબિરમાં ભાગ લઈ યોજનાઓના પ્રચાર-પ્રસારને વધુ અસરકારક બનાવવા ચર્ચા-વિચારણા કરી રહ્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની ચિંતન શિબિર બાદ વિવિધ વિભાગોની ચિંતન બેઠકો યોજાઈ રહી છે, જેના અનુસંધાને માહિતી ખાતાની આ શિબિર મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

શિબિરના પ્રારંભ પ્રસંગે માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણીએ જણાવ્યું કે ડિજિટલ યુગમાં માહિતીનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. સોશિયલ મીડિયા અને આધુનિક ટેકનોલોજીના સમયમાં સરકારી યોજનાઓ અને નિર્ણયો ચોક્કસ, વિશ્વસનીય અને (અનુ. આઠમા પાને)

# ડી. એચ. કોલેજમાં બજેટ ટોક કેમ્પસમાં વિદ્યાર્થીઓએ જાણ્યો વિકસિત ભારતનો આર્થિક માર્ગ



### સીએ હાર્દિક વ્યાસ અને પ્રોફ. ડો. સંજય પંડ્યાની ઉપસ્થિતિમાં અંદાજપત્ર- ૨૦૨૬નું વિશ્લેષણ

**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની ઉચ્ચ શિક્ષણ કચેરીના માર્ગદર્શન હેઠળ બજેટ ટોક કેમ્પસ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્રીય અંદાજપત્ર-૨૦૨૬ની સાનુકૂળ અસરો વિષયક ચર્ચાસત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ ગાન અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. નિષ્ણાત વક્તાઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તાઓ તરીકે રાજકોટના સીએ હાર્દિક વ્યાસ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડો. સંજય પંડયા ઉપસ્થિત રહ્યા હતા.

૧લી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સંસદમાં ભારતના કેન્દ્રીય નાણામંત્રી દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય અંદાજપત્ર-૨૦૨૬ અંગે બંને વક્તાઓએ વિસ્તૃત માહિતી આપી હતી.

સીએ હાર્દિક વ્યાસે અંદાજપત્રનું પ્રાથમિક જ્ઞાન સરળ ભાષામાં સમજાવતાં જણાવ્યું કે આ વર્ષનું બજેટ ભારતને ૨૦૩૦ સુધી વિશ્વના મજબૂત અર્થતંત્રોમાં ત્રીજા ક્રમે પહોંચાડવા અને ૨૦૪૭ સુધી વિકસિત દેશ બનાવવા માટે દિશાદર્શક છે. તેમણે જણાવ્યું કે વર્તમાન બજેટ અગાઉના વર્ષ કરતા આશરે ૧૫ ટકા વધુ કદનું છે. તેમણે સંરક્ષણ ક્ષેત્રમાં વધારેલી ફાળવણી, માળખાકીય વિકાસ માટે આશરે ૧૨.૫ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ અને મૂડી ખર્ચ પર મૂકાયેલા ભાર અંગે સમજણ આપી. સેમિકન્ડક્ટર ઉદ્યોગના વિકાસ માટે વધારેલ ખર્ચ દેશની આયાત નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ બનશે તેવું તેમણે જણાવ્યું.

આ ઉપરાંત ૧૫૦૦ કોલેજોમાં કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત પ્રયોગશાળાઓ સ્થાપવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ તથા ૩૬ પ્રકારની દવાઓ પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવાની જાહેરાત જેવી બાબતો પર તેમણે પ્રકાશ પાડ્યો હતો.



# બ્રહ્માકુમારી દ્વારા મહાશિવરાત્રી પર્વે અમરનાથના દર્શનનો લ્હાવો

### ત્રિદિવસીય મહોત્સવમાં અભિષેક, મહાઆરતી, વ્યસન મુકત મહાયજ્ઞ સહિતના કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સામાજીક, શૈક્ષણિક તથા આધ્યાત્મીક પ્રવૃતિ સાથે સંકળાયેલી છે. જે વર્તમાન સમયની માંગ અનુસાર વ્યસન મુકત જીવન, સકારાત્મક જીવન શૈલી, જીવન જીવવાની કળા, તનાવ મુકત જીવન આ લક્ષ સાથે જીવરાજ પાર્ક મેઈન રોડ નંબર-૩ અંબીકા ટાઉનશીપ રાજકોટ પબ્લીક સ્કુલ (આરપીએસ)ની બાજુના ગ્રાઉન્ડમાં રાખેલ છે.

બ્રહ્માકુમારીઝ શાસ્ત્રી નગર ધારા આયોજીત ત્રિદિવસીય શિવરાત્રી મહોત્સવમાં દ્વાદશ શીવલીંગ સાથે બર્ફિલા અમરનાથ ગુફા સહીત પહાડ ૫૦+૨૦+૧૫ નું વિશાળ આયોજન કરવામાં આવેલ છે. સાથે જીવન મુલ્ય પ્રદર્શની શીવ અભિષેક મહાઆરતી, વ્યસન મુકત મહાયજ્ઞ રાખેલ છે. તારીખ ૧૩/૨/૨૦૨૬ થી ૧૫/૨/૨૦૨૬ દરમ્યાન સવારે ૮ થી રાત્રે ૯ સુધી આયોજન કરવામાં આવેલ છે.

શીવરાત્રી વિશેષ સાંજે ૫ થી ૭ સંગીત સંધ્યા, કલ્ચરલ કાર્યક્રમ તથા બપોરે ૧૨ વાગ્યે ભાંગનો પ્રસાદ રાખેલ છે.

# સ્પોર્ટ્સ અબતક

રાજકીય સંકટો ટળ્યા ત્યાં કુદરતી સંકટ ઉભું થયું!!!

# કાલે ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચમાં વરસાદ ''વેરી'' બનશે?

**મેચ શરૂ થાય તે પહેલા વરસાદની શક્યતા માત્ર ૯ ટકાઃ કાલે સાંજે ૭ વાગ્યાથી ભારત-પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલા નિહાળવા ક્રિકેટ પ્રેમીઓ આતુર**

**ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધીમાં ૧૬ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ, ટીમ ઈન્ડિયાએ ૧૨ મેચ જયારે પાકિસ્તાને ફક્ત ત્રણ મેચ જીતી છે**



## ભારત વિરુદ્ધ પાકિસ્તાન હેડ ટુ હેડ રેકોર્ડ

ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારત અને પાકિસ્તાન ૧૬ વખત સામસામે આવ્યા છે, જેમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે રહ્યું છે.


ભારતે ૧૩ મેચ જીતી છે જ્યારે પાકિસ્તાને માત્ર ૩ મેચ જીતી છે. ચોક્કસપણે રેકોર્ડ શાનદાર છે, પરંતુ પાકિસ્તાન સામેની આગામી મેચમાં ભારત પર પણ દબાણ રહેશે. આ બંને દેશો માટે પ્રતિષ્ઠાની લડાઈ હોય છે, જેના પર આખી દુનિયાની નજર હોય છે.

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના બધા ચાહકો કાલે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રુપ એ મેચ રમાશે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટીમ ઈન્ડિયાએ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી બે મેચ રમી છે, જે બંનેમાં તેણે જીત મેળવી છે. આ દરમિયાન, પાકિસ્તાને નેધરલેન્ડ્સ સામે પોતાનો મુકાબલો ખૂબ જ ઓછા અંતરથી જીત્યો છે, ત્યારબાદ યુએસએ સામે પણ જીત મેળવી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જે પણ ટીમ જીતશે તે સુપર ૮ માટે ક્વોલિફાય થશે. આ મેચ પહેલા શ્રીલંકાના હવામાન વિભાગે કાલે કોલંબોમાં હવામાન અંગે મહત્વપૂર્ણ હવામાન ચેતવણી જારી કરી છે.

શ્રીલંકાના હવામાન વિભાગે એક ખાસ હવામાન બુલેટિન જારી કરીને ચેતવણી આપી છે કે ૧૫ ફેબ્રુઆરીની આસપાસ દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર ઓછા દબાણનો વિસ્તાર બનવાની સંભાવના છે. નેચરલ હેઝાર્ડ્સ અર્લી વોર્નિંગ સેન્ટરે ૧૩ ફેબ્રુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે એક નોટિસ જારી કરીને લોકોને ભવિષ્યની આગાહીઓ અને બુલેટિન પર ધ્યાન આપવા વિનંતી કરી છે. આ ચેતવણી ખેલાડીઓ અને ચાહકો માટે સારા સમાચાર માનવામાં આવતી નથી. હવામાન આગાહી કરનાર એક્યુવેધરએ પણ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં વરસાદની ૯૩ ટકા શક્યતાની આગાહી કરી છે.

ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન કોલંબોમાં હવામાન અંગે જે ભારતીય સમય મુજબ સાંજે ૭ વાગ્યે શરૂ થશે, એક્યુવેધર અહેવાલ આપે છે કે તે સમયે વરસાદની શક્યતા માત્ર ૯ ટકા રહેશે. જોકે, સાંજે ૬ વાગ્યે શક્યતા વધીને ૪૯ ટકા થઈ જશે, તેથી ટોસમાં વિલંબ ચોક્કસપણે થઈ શકે છે. જોકે આ સમય પછી વાદળો એકઠા થશે વરસાદનું જોખમ ઘટશે. જો આપણે આ સમય દરમિયાન તાપમાન વિશે વાત કરીએ તો તે ૨૮ થી ૨૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.




## તારિક સામે સાવચેતીપૂર્વક રમવા હરભજનની ટીમ ઈન્ડિયાને સલાહ



પૂર્વ ભારતીય ઓફ-સ્પિનર અને ૨૦૧૧ વર્લ્ડ કપ વિજેતા હરભજન સિંહ ભારત વિરુદ્ધ પાકિસ્તાનની મેચને લઈને મહત્વની સલાહ આપી છે. આ મેચ કોલંબોમાં કાલે રમાનાર છે, જેમાં ભારતીય ટીમનું નેતૃત્વ સૂર્યકુમાર યાદવ કરી રહ્યા છે.હરભજને કહ્યું કે, ભારત મેચ જીતશે પણ પાકિસ્તાન પાસે એક સ્પિનર છે ઉસમાન તારિક, તે ખૂબ સારો સ્પિનર છે, તેથી તેને સામે સાવચેતીપૂર્વક રમવું પડશે.તેમણે વધુમાં ઉમેર્યું કે ભારતીય ટીમ ખૂબ જ સારી અને સંતુલિત છે.

આપણે આશા રાખીએ છીએ કે ટીમ પોતાની જૂની રીતે રમશે અને કોઈ પ્રેશર વગર, આત્મવિશ્વાસ સાથે અને વિજયનું ઝંડો ફરકાવશે.

## કપિલદેવ-ધોની વાળી સુર્યકુમાર કરી શકશે?

ટી૨૦ વર્લ્ડકપમાં શુક્રવારે કોલંબો ખાતે ઝિમ્બાબ્વેની ટીમ મેજર અપસેટ સર્જીને આ વર્લ્ડકપ જીતવાના દાવેદાર પૈકીના એક એવા ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. ઝિમ્બાબ્વેએ આ રીતે ઓસ્ટ્રેલિયાને વર્લ્ડકપ જેવી મેજર ઈવેન્ટમાં ત્રીજીવાર હરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઝિમ્બાબ્વે જ્યારે પણ ઓસ્ટ્રેલિયાને હરાવીને અપસેટ સર્જે છે, તે ઈવેન્ટમાં ભારત ચેમ્પિયન બને છે. આ વખતે પણ ભારતને ટાઈટલનું દાવેદાર માનવામાં આવે છે. અગાઉ ૨૦૦૭ના સૌપ્રથમ ટી૨૦ વર્લ્ડકપમાં પહેલી જ મેચમાં ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને ૧૩ રનથી હરાવ્યું હતું. તે વખતે મહેન્દ્રસિંહ ધોનીની ટીમ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ચેમ્પિયન બની હતી. આ અગાઉ ૧૯૮૩ની નવમી જૂને ઈંગ્લેન્ડના ટ્રેન્ટબ્રિજ ખાતે રમાયેલી મેચમાં પણ ઓસ્ટ્રેલિયા સામે ઝિમ્બાબ્વેનો વિજય થયો હતો. ઝિમ્બાબ્વેની વન ડે કારકિર્દીની તે સૌ પ્રથમ મેચ હતી. અંતે ૨૫મી જૂને કપિલ દેવની ટીમે વેસ્ટ ઈન્ડિઝની ધુરંધર ટીમને હરાવીને વર્લ્ડકપ જીત્યો હતો.

## ભારત-પાકિસ્તાન મેચમાં એડ રેટ્સમાં ૨૫%નો ઉછાળો!


ક્રિકેટના સૌથી મોટા રાઈવલરી મેચ તરીકે ઓળખાતા ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ હંમેશા અભૂતપૂર્વ ઉત્સાહ અને વ્યાપારી તકો લાવે છે. કાલના મેચ માટે ૧૦ સેકન્ડના ટીવી એડ સ્લોટના દર હવે ₹૩૦ થી ₹૪૦ લાખ સુધી પહોંચી ગયા છે. સામાન્ય રીતે મોટા વર્લ્ડ કપ મેચોમાં આ દર ₹૨૦ થી ₹૨૫ લાખની આસપાસ રહેતા હોય છે. એટલે કે, છેલ્લી ઘડીએ ઉપલબ્ધ એડ સ્લોટ્સના દરમાં ઓછામાં ઓછા ૨૦% થી ૨૫%નો ઉછાળો આવ્યો છે.


સિનિયર સ્પોર્ટ્સ એનાલિસ્ટ અને કોમેન્ટેટર નીરજ ઝા કહે છે કે, લાસ્ટ મિનિટ ઈન્વેન્ટરીના દરમાં ૨૦-૨૫%નો જમ્પ આવ્યો છે. આ મેચના દરેક સેકન્ડનું એડ સ્લોટ લેવાઈ જશે. તેઓ અંદાજ મૂકે છે કે બ્રોડકાસ્ટર જીઓસ્ટાર આખા ટુર્નામેન્ટમાંથી લગભગ ₹૨,૦૦૦ કરોડની એડ રેવન્યુ કમાઈ શકે છે.

## ઝિમ્બાબ્વે સામે હાર બાદ ઓસ્ટ્રેલિયન કેપ્ટને પીચનો વાંક કાઢ્યો!

મેચ પછી પીચની સ્થિતિ (સ્લો અને લો બાઉન્સર)ને લઈને ચર્ચા થઈ રહી છે. ઘણા લોકો માને છે કે આવી પીચ પર ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને મુશ્કેલી પડી. જોકે, ઓસ્ટ્રેલિયન બેટ્સમેન મેટ રેન્શોએ પોસ્ટ-મેચ પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ કહ્યું કે પીચને હારનું કારણ નથી ગણી શકાય. તેમણે કહ્યું કે ક્રિકેટમાં વિવિધ પીચ પર એડજસ્ટ કરવું પડે છે. સબ-કોન્ટિનેન્ટની ટીમો ઓસ્ટ્રેલિયા આવે ત્યારે બાઉન્સ અને પેસ વિશે ફરિયાદ નથી કરતી, તો અમારે પણ આવું જ કરવું જોઈએ.સ્ટેન્ડ-ઈન કેપ્ટન ટ્રેવિસ હેડે પણ કહ્યું કે ટીમે પોતાને પ્રેશરમાં મૂકી દીધી અને પાવરપ્લેમાં વિકેટ્સ ગુમાવી. તેમણે પીચને સીધી રીતે બ્લેમ ન કરી, પરંતુ ટીમના પર્ફોર્મન્સ પર ભાર મૂક્યો.હારથી ઓસ્ટ્રેલિયાની સુપર-૮માં પહોંચવાની આશા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયો છે. ઝિમ્બાબ્વે માટે આ ઐતિહાસિક જીત છે, જેણે ટુર્નામેન્ટમાં રોમાંચ વધારી દીધો છે! ક્રિકેટમાં કંઈ પણ શક્ય છે

## ટીમ ઈન્ડિયા માટે વરૂણ અને પાકિસ્તાન માટે તારિક એક્સ ફેક્ટર સાબિત થશે





ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચમાં વરુણ ચક્રવર્તી અને ઉસ્માન તારિક પર ચાહકો અને નિષ્ણાતોની નજર ટકેલી છે.વરુણ ચક્રવર્તી ભારતના મુખ્ય સ્પિનર છે, જેઓ ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં વર્લ્ડ નંબર-૧ બોલર તરીકે જાણીતા છે. તેણે છેલ્લા આઈપીએલ પોતાની બોલિંગમાં ફેરફાર કર્યા છે. સાઈડસ્પિનથી ઓવરસ્પિન તરફ વધુ ધ્યાન આપ્યું છે અને એન્ગલ્સ પર ફોકસ કર્યું છે. તેની બોલિંગ સ્પીડ સરેરાશ ૯. કિમિ પ્રતિકલાક આસપાસ રહે છે, જે અન્ય સ્પિનર્સ કરતાં ઝડપી છે.

આ પીચ પર તેની લંબાઈ અને એન્ગલ્સ બેટ્સમેનને મુશ્કેલીમાં મૂકી શકે છે,બીજી તરફ, ઉસ્માન તારિક પાકિસ્તાનનો એક્સ-ફેક્ટર મિસ્ટરી ઓફ-સ્પિનર છે. તેની બોલિંગ એક્શન અનોખી છે તેમાં એક ખાસ પોઝ છે, જે બેટ્સમેનને અચરજમાં મૂકે છે. આ એક્શનને લઈને વિવાદ પણ થયો છે, પરંતુ નિષ્ણાતો જેમ કે એરોન ફિન્ચ કહે છે કે જો આર્મ હોરિઝોન્ટલથી ઉપર હોય તો તે લીગલ છે. ઉસ્માને પાકિસ્તાન સુપર લીગમાં બે વખત સસ્પેક્ટ એક્શન માટે રિપોર્ટ થયા હતા, પરંતુ હવે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ધમાલ મચાવી રહ્યો છે.

## હાર્દિકની એક સલાહ અને ઈશાન કિશનની ધમાકેદાર વાપસી



ભારતીય ક્રિકેટ ટીમના બે મહત્વના ખેલાડીઓ હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન વચ્ચેની ભાઈચારાની અને પ્રેરણાદાયી વાતચીત તાજેતરમાં ચર્ચામાં આવી છે. વર્લ્ડ કપ ૨૦૨૬માં નમીબિયા સામેની મેચમાં ઈશાન કિશનની ધમાકેદાર ઈનિંગ (૨૪ બોલમાં ૬૧ રન) બાદ ડ્રેસિંગ રૂમમાં તેમણે હાર્દિક પંડ્યાની આપેલી સલાહ વિશે ખુલાસો કર્યો હતો, જેણે તેમની કરિયરને નવું જીવન આપ્યું.

૨૦૨૪માં બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર થયા બાદ ઈશાન કિશન માટે સમય મુશ્કેલ હતો. રેડ-બોલ અને ઘરેલુ ક્રિકેટમાં કમિટમેન્ટના અભાવના કારણે આ નિર્ણય લેવાયો હતો. આ સમયે હાર્દિક પંડ્યાએ તેમને ખૂબ સપોર્ટ કર્યો અને એક શાનદાર સલાહ આપી, જેના કારણે ઈશાને પોતાનું ફોકસ ફરીથી મેળવ્યું.ઈશાન કિશને જણાવ્યું કે, હું સામાન્ય રીતે ચૂપ રહેવાનો વ્યક્તિ નથી, પણ હાર્દિક ભાઈ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, તને નકારાત્મક વિચારોમાં જવું છે કે નહીં, એ તારા હાથમાં છે. કોઈને ફરિયાદ કરવી કે નેગેટિવ થવું એ તારું કામ નથી. જે તારા હાથમાં છે એ કર એટલે ક્રિકેટ રમવું, રન બનાવવા અને જે પણ ટુર્નામેન્ટમાં તક મળે તેમાં સારું પર્ફોર્મ કરવું.

આ સલાહે ઈશાનને માનસિક રીતે મજબૂત બનાવ્યા અને તેઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પર્ફોર્મન્સ કરીને પાછા આવ્યા.

## ક્રિકેટમાં જબરદસ્ત સફળતા પછી વૈભવ હવે ભણતરમાં સફળ થશે?

**ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરી દેશભરમાં લોકપ્રિય થયેલા વૈભવ સૂર્યવંશી મંગળવારથી શરૂ થઈ રહેલી સીબીએસઈ બોર્ડ પરીક્ષા આપશે**



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશી સમાચારમાં છે. પરંતુ આ વખતે, કારણ છગ્ગો કે સદી નથી, પરંતુ તેનો અભ્યાસ છે.આઈપીએલની ૨૦૨૫ ની હરાજીમાં સૌથી નાની ઉંમરનો ખેલાડી બનીને ઈતિહાસ રચનાર વૈભવ હવે સીબીએસઈ ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષા આપશે.

રમત પ્રત્યેના તેના સમર્પણ અને સતત ક્રિકેટ મેચોને કારણે, વૈભવ શાળામાં જઈ શક્યો ન હતો, જેના કારણે હાજરી ઓછી હતી. જોકે,સીબીએસઈએ તેને પરીક્ષામાં બેસવાની મંજૂરી આપી.બિહારના સમસ્તીપુર જિલ્લાના રહેવાસી વૈભવ સૂર્યવંશી માટે આ એક પડકારજનક સમય છે. તાલીમ અને મેચોની સાથે, તેને હવે બોર્ડ પરીક્ષાઓના દબાણનો સામનો કરવો પડશે. વૈભવનું સીબીએસઈ બોર્ડ પરીક્ષાનું પ્રવેશપત્ર બહાર પાડવામાં આવ્યું છે, અને તેના પરીક્ષા કેન્દ્રની માહિતી પણ જાહેર કરવામાં આવી છે. આ સમાચાર રમતગમત અને અભ્યાસને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહેલા તમામ યુવા ખેલાડીઓ માટે એક ઉદાહરણ તરીકે સેવા આપે છે. વૈભવના ચાહકો ક્રિકેટના મેદાનમાં અને પરીક્ષાના મેદાનમાં પણ તેના પરિણામોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.વૈભવ સૂર્યવંશીએ માત્ર ૧૩-૧૪ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મંચ પર પોતાની છાપ છોડી દીધી હતી. હવે, તે તેની શૈક્ષણિક સફર શરૂ કરી રહ્યો છે.

## ટી-૨૦ વર્લ્ડકપઃ ઓમનને ૯૬ રને હરાવી આયરલેન્ડે પ્રથમ જીત મેળવી

**અબતક, રાજકોટ**



ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં આજે ગ્રુપ બીની મેચમાં આયર્લેન્ડે ઓમાનને ૯૬ રને હરાવીને ટુર્નામેન્ટમાં પોતાની પ્રથમ જીત નોંધાવી છે. આ મેચ કોલંબોના સિનેહલીઝ સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ પર રમાઈ હતી.

ઓમાને ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય લીધો હતો. આયર્લેન્ડના કેપ્ટન પોલ સ્ટર્લિંગ ઈજાના કારણે બહાર હતા, તેથી લોર્કન ટકરે કેપ્ટન્સી સંભાળી હતી. આયર્લેન્ડની શરૂઆત ખરાબ રહી અને તેઓ પાવરપ્લેમાં જ ૩ વિકેટ ગુમાવી બેઠા હતા. ટીમ ૭.૩ ઓવરમાં ૬૪/૪ના સ્કોર પર હતી.

પરંતુ ત્યારબાદ લોર્કન ટકરે શાનદાર ઈનિંગ રમીને અણનમ ૯૪ રન (૫૧ બોલ) બનાવ્યા. તેમણે સ્થિરતા આપી અને છેલ્લા ઓવરોમાં આક્રમક બેટિંગ કરી. ગેરેથ ડેલાનીએ ૫૬ રનનું યોગદાન આપ્યું. જ્યારે જ્યોર્જ ડોકરેલે છેલ્લા ૯ બોલમાં ૩૫ રન (૩ સિક્સ સાથે) ફટકારીને ટીમનો સ્કોર ૨૩૫/૫ સુધી પહોંચાડ્યો. આ ટુર્નામેન્ટમાં આ સૌથી મોટો સ્કોર હતો.

જવાબમાં ઓમાનને ૨૩૬ રનનો વિશાળ ટાર્ગેટ મળ્યો. ઓમાનની શરૂઆતમાં કેપ્ટન જતિંદર સિંહ સહિત વિકેટો ઝડપથી પડી. આમિર કલીમે અડધી સદી (૫૦ રન) ફટકારીને થોડી લડત આપી, પરંતુ તે પણ બરી મેકકાર્થીની બોલ પર આઉટ થયા. ત્યારબાદ ઓમાનની બેટિંગ લાઈન-અપ સંપૂર્ણપણે તૂટી પડી. ટીમ માત્ર ૧૩૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ (કેટલીક અપડેટમાં ૧૩.૩ ઓવરમાં ૧૧૨/૫ જેવા સ્કોર પછી કોલેપ્સ થયો).

# અકસ્માતમાં વીજ કર્મચારીનું મોત નિપજવાના બનાવમાં રૂ.૭૫ લાખનું વળતર મંજુર

## નીકાવા સબ-ડીવીઝન કચેરીએ ફરજ પર જતા હતા ત્યારે બાઇકને છોટા હાથી વાહને ઠોકર મારતા જૂનિયર આસીસ્ટન્ટનું મોત નીપજ્યું હતું

**અબતક,રાજકોટ**

કાલાવડ તાલુકાના નીકાવા ખાતે પીજીવીસીએલમાં જૂનીયર આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા યુવકનું અકસ્માત મૃત્યનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂા.૭૫ લાખનું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે.વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાનાં રાણીંગપ રહેતા અને પીજીવીસીએલમાં કાલાવડ તાલુકાનાં નીકાવા ગામે સબ-ડીવીઝન કચેરીમા જુનીયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા મહેશભાઈ ખોડાભાઈ સોરાણીતા.૧૬/૦૫/૨૦૨૨નાં રોજ બાઇક ચલાવીને નીકાવા ખાતે ફરજ ઉપર જતાં હતાં ત્યારે રાજકોટ - કાલાવડ હાઈવે રોડ ઉપર નીકાવા ગામ પાસે પહોંચતાં પાછળથી આવતા છોટા હાથીનાં ચાલકે મોટર સાયકલ હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ગંભીર ઈજાથી મહેશભાઈ સોરાણીનું મૃત્યુ નીપજ્યું હતું. જે અંગે ગુજરનારનાં વારસદારોએ રાજકોટ વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ અને વિવેક ગઢવી દ્વારા રાજકોટ ટીબ્યુનલમાં કલેઈમ કેસ દાખલ કરવામાં આવેલ.

ગુજ. મહેશભાઈ સોરાણી કે નીકાવા સબ-ડીવીઝન કચેરીમાં પીજીવીસીએલમાં નોકરી લાગ્યાને બીજા જ વર્ષમાં અકસ્માતે મૃત્યુ થયુ હતું. તેઓ પીજીવીસીલ નિયમો અને પરિપત્ર મુજબ પાંચ વર્ષનાં ફીકસ-પેમાં નોકરી કરતાં હતાં અને તેમનાં પરીવારમાં પત્ની, સગીર પુત્રી અને માતા-પિતાનું ભરણપોષણ કરતાં. ગુજરનારનું મૃત્યુ થતાં તેમનાં વારસદારોને વધુ વળતર મળે તે માટે તેમનાં એડવોકેટ દ્વારા ગુજરનારની આવક અને ભવિષ્યમાં મળવાપાત્ર ભથ્થાઓ સાબિત કરવા પીજીવીસીએલ, નીકાવાનાં નાયબ ઈજનેરને તપાસવામાં આવેલ ગુજરનાર હાલમાં પગાર પેટે ફીકસ-પે મુજબની રકમ મેળવતા હતા પરંતુ જો અકસ્માતમાં ગુજરનારનું મૃત્યુ થયેલ ન હોત તો તેઓ પાંચ વર્ષ બાદ હાલનાં પગાર કરતા વધુ પગાર મળવાપાત્ર ઘાત અને તેથી ગુજરનારની અકસ્માત તારીખની આવકને બદલે પાંચ-વર્ષ બાદ કાયમી થાત તે આવક ધ્યાનમાં લેવી જોઈએ અને તેના સમર્થનમાં સુપ્રિમ કોર્ટેનાં ચુકાદાઓ રજુ કરેલા જજમેન્ટ અને અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રીબ્યુનલે દ્વારા ગુજ. મહેશભાઈ સોરાણીનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂા.૭૫ લાખનાં વળતરની રકમ માત્ર સાડા ત્રણ વર્ષનાં ટૂંકા ગાળામાં મંજુર કરવામાં આવેલો છે.અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસ્ટન્ટ તરીકે, દિનેશ ડી. ગોહેલ જતીન પી. ગોહેલ તથા જયેશ મકવાણા વગેરે રોકાયેલ હતાં.



એડવોકેટ રવિન્દ્ર ગોહેલ — એડવોકેટ વિવેક ગઢવી

# મોચીનગરમાં બીમારીથી કંટાળી નિવૃત્ત એએસઆઈનો આપઘાત

## ૬૫ વર્ષીય વૃદ્ધએ બારીમાં નાઈલોનની દોરી વડે ગળાફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું



**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલી મોચીનગર-૬માં રહેતા એક નિવૃત્ત પોલીસ કર્મચારીએ વહેલી સવારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોચીનગર-૬, શેરી નંબર ૫માં રહેતા ઈકબાલભાઈ આમદભાઈ સુમરા (ઉં ૬૫)એ આજે વહેલી સવારના સમયે પોતાના ઘરે બારીમાં નાઈલોનની દોરી વડે ગળાફાંસો ખાઇ લીધો હતો. ઘટનાની જાણ થતા પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક ઈકબાલભાઇ પોલીસ વિભાગમાં અર્જઈ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયા હતા. તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં વચેટ હતા અને સંતાનમાં તેમને એક પુત્ર તથા ત્રણ પુત્રીઓ છે. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, ઈકબાલભાઇ છેલ્લા કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતા હતા, જેના કારણે તેમણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું અનુમાન છે. હાલ પોલીસે આ અંગે ગુનો નોંધી આપઘાતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

# એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કૂલ રીબડા ખાતે ‘ઈન્ટર હાઉસ ક્રિકેટ ટૂર્નામેન્ટ’નો પ્રારંભ

**અબતક, રાજકોટ**

SGVP ઈન્ટરનેશનલ સ્કૂલ અને SGVP સૂર્યા નેશનલ સ્પોટ્ર્સ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ખેલ પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે ભવ્ય ‘ઈન્ટર હાઉસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫-૨૬’ આયોજન કરવામાં આવ્યું છે. ૧૨ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાનાર આ ક્રિકેટ ઉત્સવમાં ધોરણ ૫, ૬, ૭ તેમજ ધોરણ ૮, ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા બતાવશે. આ ટુર્નામેન્ટમાં શાળાના ચાર મુખ્ય હાઉસ - ભક્તિ, જ્ઞાન, કર્મ અને ધર્મ વચ્ચે ચેમ્પિયન બનવા માટે ખરાખરીનો જંગ જામશે. ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે રીબડા ગુરુકુલના સંચાલક ધર્મવત્સલદાસજી સ્વામી સાથે પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, હરિનંદનદાસજી સ્વામી અને ઋષિકેશદાસજી સ્વામી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પૂજ્ય સંતોના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિજેતા ટીમને એનાયત થનારી ઝળહળતી ટ્રોફીનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય સંતોએ મેદાન પર પધારી પ્રતીકાત્મક રીતે રમતનો પ્રારંભ કરાવી ખેલાડીઓને આશીર્વાદિત કર્યા હતા. પૂજ્ય ધર્મવત્સલદાસજી સ્વામીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, ‘‘રમતગમત એ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, ધૈર્ય અને ટીમવર્કની ભાવના કેળવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. મેદાન પરની ખેલદિલી વિદ્યાર્થીઓને જીવનના દરેક પડકાર સામે અડગ રહી લડતા શીખવે છે.‘‘



આ પ્રસંગે શાળાના પ્રિન્સિપાલ જીજ્ઞેશ સર અને સ્પોટ્ર્સ વિભાગના હેડ પ્રેમ સર પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ જીજ્ઞેશ સરે તમામ વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ રીતે અને ખેલદિલીથી રમવા પ્રોત્સાહિત કર્યા હતા.

# શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની તબિયત સ્થિર: સ્ટેન્ટ મૂકાયું

## અમદાવાદમાં ગઈકાલે ચાલુ કાર્યક્રમે હળવો હાર્ટ એટેક આવ્યો હતો

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાનો ગઈકાલે રાત્રે અમદાવાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમમાં અચાનક તબિયત લથડી હતી. તેઓને તાત્કાલીક યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. હળવો હાર્ટ એટેક આવ્યો હતો. હૃદયની વેનમાં બ્લોકેજ આવતા એક સ્ટેન્ટ મૂકવામાં આવ્યું હતું. હાલ તેઓની તબિયત સારી અને સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.



રાજય સરકારના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અમદાવાદમાં એક જાહેર કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે સામેલ થયા હતા. ચાલુ કાર્યક્રમે તેઓની તબિયત લથડી હતી. તેઓને યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રૂટીન ચેક અપ બાદ એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. જેમાં બ્લોકેજનું નિદાન થતાં એક સ્ટેન્ટ મૂકવામાં આવ્યું હતું. હાલ તેઓની તબિયત સ્થીર છે. આગામી સોમવારથી વિધાનસભામાં આગામી સોમવારથી બજેટ સત્રનો આરંભ થઇ રહ્યો છે. નાદુરસ્તી તબિયતના કારણે બજેટ સત્રમાં હાજરી આપી શકે તેવી શકયતા ઓછી છે.

# ભાજપના કાર્યકરે મહિલા મોરચાના પૂર્વ પ્રમુખના વખાણના પુલ બાંધતા વિવાદ

## દેવિકા રાવલની સોશિયલ મીડિયા પરની પોસ્ટ બની ચર્ચાનો વિષય



**અબતક, રાજકોટ**

ભાજપના કાર્યકર દેવિકાબેન રાવલે શહેર ભાજપ મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ કિરણબેન માકડિયાના વખાણના પુલ બાંધતા થોડો વિવાદ થયો છે.કારણે કે પક્ષની પ્રણાલી મુજબ નવ હોદેદારને આવકારમાં આવતા હોય છે નહીં કે જૂનાના ગુણગાન ગાવાના.

દેવિકાબેન રાવલે સોશિયલ મીડિયા પર પૂર્વ પ્રમુખ કિરણબેન માકડિયાના વખાણ કરતા એવો ઉલ્લેખ કર્યો છે કે મહિલા મોરચાના પ્રમુખ તરીકેનો આપનો યશસ્વી કાર્યકાળ પૂર્ણ થવા બદલ આપને હાર્દિક શુભકામનાઓ અને અભિનંદન પાઠવું છું.

વ્યક્તિગત રીતે હું આપના કામથી અને કાર્યશૈલીથી ખૂબ જ પ્રભાવિત થઈ છું. આપના સક્ષમ નેતૃત્વ હેઠળ સંગઠનમાં જે ઉર્જાનો સંચાર થયો છે તે ખરેખર પ્રશંસનીય છે. આપની રાજકીય સૂઝબૂઝ અને કાર્યકર્તાઓને સાથે રાખીને ચાલવાની શૈલીએ મહિલા મોરચાને એક નવી ઊંચાઈ પર પહોંચાડ્યો છે. છેવાડાની મહિલાઓ સુધી પક્ષની ધારણા અને વિચારધારા પહોંચાડવા માટે આપે કરેલું જનસંપર્કનું કાર્ય અને સંગઠનાત્મક ફેરફારો ખૂબ જ સરાહનીય છે.

મહિલા સશક્તિકરણ માટેના આપના નવતર પ્રયોગો અને પાયાના સ્તરે કરેલી કામગીરી પક્ષના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આપનો આ કાર્યકાળ માત્ર જવાબદારી પૂરતો મર્યાદિત ન રહેતા, આવનારી પેઢીની મહિલા નેતાઓ માટે એક પથદર્શક બની રહેશે.

# ભાજપ દ્વારા મહાકાલેશ્વર મંદિરે શિવ રથયાત્રાનું કરાશે સ્વાગત

## રાજકોટ શિવમય: ભોળાનાથના રંગે રંગાયા: ભારે ઉત્સાહ

**અબતક, રાજકોટ**


રાજકોટમાં શિવરાત્રીનો ધર્મમય માહોલ જામ્યો છે. ભાવિકો ભગવાન ભોળાનાથના રંગે રંગાયા છે. કાલે શિવરાત્રીએ નીકળનારી શિવ રથયાત્રાનું ભાજપ પરિવાર દ્વારા ભાવભેર સ્વાગત કરવામાં આવશે.

આવતીકાલે મહાશિવરાત્રીના પર્વે ભગવાન ભોળાનાથ શિવની રથયાત્રાનુંભકિતભાવ પૂર્ણ રીતે સ્વાગત અભિવાદન સાથે પૂજન અને અર્ચન કરવા માટે રાજકોટ શહેર ભાજપની ટીમ ઉપસ્થિત રહી આ શિવ રથયાત્રાનું માલવીયાચોક ખાતે આવેલ મહાકાલેશ્વર મહાદેવ મંદિર પાસે કાલે સાંજે ૫.૦૦ કલાકે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ શિવ રથયાત્રા સ્વાગત કાર્યક્રમમાં ભાજપના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ અનુરોધ કર્યો છે.

# વિરાણી હાઈસ્કૂલમાં પુલવામાના શહીદોને શ્રધ્ધા સુમન અર્પણ

**અબતક, રાજકોટ**

રાજકોટની વિરાણી હાઈસ્કૂલ રાજકોટમાં ૧૪ મી ફેબ્રુઆરી ૨૦૧૯ માં પુલવામા અટેકમાં શહિદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ શહીદ થયેલ જવાનોના



આત્માની શાંતિ માટે પ્રાથેના કરીને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધા સુમન અપેણ કર્યા હતા. તેમજ વિધાર્થીઓ દ્વારા રાષ્ટ્ર ગાન સાથે વંદેમાતરમના નારા લગાવી રાષ્ટ્ર ભકિતના રંગે રંગાઈને દેશ સેવામાં જોડાવાનું વચન આપ્યું હતું તેમ શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડિયાની યાદીમાં જણાવ્યું છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૭૯૮ | ૪૧૬ | ૮૨૪ |
| પપૈયા | ૩૮ | ૮૩ | ૧૪૧ |
| બટેટા | ૫૦૪૦ | ૯૪ | ૨૦૫ |
| ડુંગળી સુકી | ૧૩૯૮ | ૮૦ | ૨૯૧ |
| ટમેટા | ૧૦૩૧ | ૧૦૭ | ૨૧૧ |
| સુરણ | ૯ | ૮૧૩ | ૧૦૨૧ |
| કોથમરી | ૪૦૨ | ૧૫૧ | ૨૧૬ |
| સકરીયા | ૨૫૯ | ૪૧૯ | ૭૧૧ |
| મુળા | ૬૦ | ૩૧૮ | ૫૧૨ |
| રીંગણા | ૪૭૧ | ૪૫૯ | ૭૯૦ |
| કોબીજ | ૪૫૧ | ૮૧ | ૧૧૮ |
| ફલાવર | ૩૯૩ | ૨૧૭ | ૩૭૯ |
| ભીંડો | ૧૯૪ | ૭૧૪ | ૧૦૧૭ |
| ગુવાર | ૧૯૦ | ૧૦૭૭ | ૧૯૨૫ |
| ચોળાસીંગ | ૮૪ | ૮૪૨ | ૧૨૪૮ |
| વાલોળ | ૧૨૬ | ૫૦૩ | ૬૧૧ |
| ટીંડોળા | ૪૦ | ૪૩૮ | ૧૦૧૨ |
| દુધી | ૩૩૧ | ૨૦૭ | ૩૨૪ |
| કારેલા | ૩૩૨ | ૬૨૬ | ૮૩૯ |
| સરગવો | ૬૫ | ૬૦૯ | ૧૧૮૭ |
| તુરીયા | ૩૪ | ૫૯૮ | ૧૦૧૬ |
| પરવર | ૧૬ | ૧૬૧૫ | ૧૯૯૦ |
| કાકડી | ૩૧૬ | ૨૧૬ | ૩૪૯ |
| ગાજર | ૩૩૮ | ૨૯૭ | ૪૨૬ |
| વટાણા | ૨૯૪ | ૩૨૮ | ૪૧૦ |
| તુવેરસીંગ | ૧૦૫ | ૪૦૮ | ૬૧૫ |
| ગલકા | ૧૭૦ | ૭૦૩ | ૯૯૬ |
| બીટ | ૨૯૧ | ૯૬ | ૧૭૮ |
| મેથી | ૩૨૫ | ૧૪૭ | ૨૧૧ |
| વાલ | ૫૪ | ૫૧૧ | ૬૯૯ |
| ડુંગળી લીલી | ૩૧૮ | ૨૧૭ | ૩૨૮ |
| આદુ | ૨૮૧ | ૧૦૨૧ | ૧૨૧૪ |
| ચણા લીલા | ૨૯૧ | ૧૦૮ | ૨૫૨ |
| મરચા લીલા | ૧૨૨૨ | ૪૧૨ | ૬૨૪ |
| હળદર લીલી | ૨૭ | ૪૦૮ | ૭૨૩ |
| લસણ લીલું | ૩૯ | ૫૧૨ | ૮૩૬ |
| મકાઈ લીલી | ૫૬૭ | ૧૭૨ | ૩૧૧ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૩૮૦ | ૧૫૯૪ |
| ઘઉં લોકવન | ૮૦ | ૪૬૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૧૧૨૦ | ૪૬૬ | ૬૪૫ |
| જુવાર સફેદ | ૨૭૫ | ૯૮૫ | ૧૨૪૧ |
| બાજરી | ૭૨ | ૨૦૦ | ૪૮૦ |
| તુવેર | ૨૧૦૦ | ૧૦૪૨ | ૧૫૬૯ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૯૨૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૬૦ | ૧૦૨૫ | ૧૮૩૦ |
| અડદ | ૧૮૦ | ૯૫૦ | ૧૭૪૧ |
| મગ | ૧૨૦ | ૯૦૦ | ૧૯૨૬ |
| વાલ દેશી | ૫૪ | ૯૫૦ | ૧૨૬૮ |
| ચોળી | ૨૦ | ૫૫૦ | ૧૦૮૪ |
| વટાણા | ૫૮૦ | ૭૫૦ | ૧૩૨૦ |
| કળથી | ૨૫ | ૩૬૦ | ૩૬૦ |
| રાજમા | ૧૨૦ | ૮૦૦ | ૧૮૧૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૩૭૫ | ૧૫૬૭ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૪૦૦ | ૧૫૬૦ |
| તલી | ૬૦૦ | ૧૪૫૦ | ૨૦૪૦ |
| એરંડા | ૩૯૦ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| અજમો | ૮ | ૧૫૦૦ | ૨૮૭૦ |
| સુવા | ૩ | ૧૦૦૦ | ૧૪૬૨ |
| સોયાબીન | ૩૦૦ | ૧૦૦૦ | ૧૦૯૧ |
| સીંગફાડા | ૫૦૦ | ૧૦૭૦ | ૧૭૮૪ |
| કાળા તલ | ૧૦૦ | ૩૧૦૦ | ૪૪૭૬ |
| લસણ | ૫૬૦ | ૯૭૦ | ૧૪૫૦ |
| ધાણા | ૪૦૦ | ૧૫૦૦ | ૨૦૪૦ |
| મરચા સુકા | ૧૦૨ | ૩૦૫૦ | ૪૯૭૫ |
| ધાણી | ૧૮૦૦ | ૧૬૦૦ | ૨૨૧૧ |
| વરીયાળી | ૮ | ૮૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૮૦૦ | ૩૩૦૦ | ૪૪૭૦ |
| રાય | ૭૦૦ | ૧૦૧૦ | ૧૩૨૦ |
| મેથી | ૪૦૦ | ૯૪૦ | ૧૨૬૮ |
| ઈસબગુલ | ૨ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| રાયડો | ૯૦૦ | ૮૮૦ | ૧૨૩૦ |

# મહા શિવરાત્રી મેળામાં ભોળાનાથ-સાધુ સંતોના દર્શનથી ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા થયા ધન્ય

## ભવનાથ મેળાની દિવ્યતા માણી જગદીશભાઈએ દેવતણખી ધામામાં માથુ ટેકવ્યું



**અબતક, રાજકોટ**

જગદીશભાઈ વિશ્વકર્મા ૧૩ ભાજપા પ્રદેશ અધ્યક્ષ ફેબ્રુઆરીના જુનાગઢ પ્રવાસ દરમિયાન મહાશિવરાત્રીના પાવન અવસરે જુનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં આયોજીત ભવનાથ મહાદેવના મેળામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પવિત્ર અવસરે તેઓએ વિવિધ અખાડાના સંતો-મહંતોની મુલાકાત કરીને આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. જુનાગઢના ખુણે ખુણે ગુંજતા હર હર મહાદેવના નાદ અને સાધુ-સંતોની દિવ્ય ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ અલૌકિક ઉર્જાથી સભર બન્યું હતું. જગદીશભાઈ વિશ્વકર્માએ સમસ્ત લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અન્નક્ષેત્રની મુલાકાત લીધી હતી તેમજ તેઓ સ્વયંસેવકો સાથે સેવામાં સહભાગી થયા હતા.

જગદીશભાઈ વિશ્વકર્માએ આસ્થા, શ્રદધા, આધ્યાત્મિકતા અને દિવ્યતાના સંગમ દેવતણખી ધામ, મજેવડીની મુલાકાત કરી દેવતણખી દાદાના સાનિધ્યમાં ભકિતમય ક્ષણો વિતાવી હતી. તેઓએ દાદા દેવતણખી અને આઇ લિરલબાઈની ચેતન સમાધિના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જામનગરમાં મેગા કૃષિ આઉટરીચ કેમ્પ યોજાયો

**અબતક, જામનગર:** જામનગર: સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પ્રાદેશિક કાર્યાલય જામનગર ખાતે મેગા એગ્રીકલ્ચર આઉટરીચ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ખેડૂતોને સમયસર અને સુલભ નાણાકીય સહાય પૂરી પાડવા અને કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા પ્રત્યે બેંકની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.આ પ્રસંગે સેન્ટ્રલ ઓફિસ મુંબઈના જનરલ મેનેજર સોહેલ અહેમદ, ઝોનલ ઓફિસ અમદાવાદના આસિસ્ટન્ટ જનરલ મેનેજર અજય કૌલ અને રાજ કિશોર, ડીઆરએચ, પ્રાદેશિક કાર્યાલય જામનગર સહિત બેંકના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને શાખા વડાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને કૃષિ લોન મંજૂરી પત્રો અને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિબિરમાં વિસ્તારના ખેડૂતો અને હિસ્સેદારોનો ઉત્સાહપૂર્ણ સહયોગ જોવા મળ્યો હતો. શિબિર દરમિયાન કૃષિ લોન યોજનાઓ હેઠળ કુલ રૂ.૭૯ કરોડની રકમ મંજૂર અને વિતરિત કરવામાં આવી હતી. જે પ્રદેશ માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

# ઉમિયા પરિવારના ડો.જયેશ વાછાણીનો જન્મ દિવસ



આજે ૧૪ ફેબ્રુઆરીએ અને કાલે મહાશિવરાત્રીએ તીથી મુજબ ઉમિયા પરિવારના પ્રો.ડો. જયેશ સુભાષ વાછાણીનો જન્મદિવસ છે. બેસ્ટ સેલર પુસ્તક આઈ લવ મીના લેખક અને પોડકાસ્ટ ઉમા ટોકસના હોસ્ટ એવા જયેશભાઈએ આજે ૪૬ વર્ષ પુરા કરી ૪૭માં વર્ષમાં પ્રવેશ કર્યો. કોલેજમાં પ્રોફેસર તેમજ શ્રીજી અને પ્રમુખ બિલ્ડર્સમાં પાર્ટનર તરીકે તેઓ કાર્યરત છે.કવોલિટી સર્કલના સેવાકીય કાર્યોમાં પણ તેઓ ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે સક્રિય છે. તેમના સગાસ્નેહી, મિત્રવર્તુળ તરફથી એમને જન્મદિવસની શુભકામનાઓ મળી રહી છે.

# “ગ્રેઈન એટીએમ”: માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધી અનાજ મળશે

## જાહેર વિતરણ વ્યવસ્થામાં સબસીડી અંતર્ગત લાભાર્થીઓના ડિજિટલ વોલેટમાં ટોકન મળશેઃ જેનાથી માલ ખરીદી શકાશે

**અબતક, રાજકોટ**


ગરીબોના હકનું અનાજ બારોબાર પગ કરી જતુ અટકશે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો આવતીકાલે શુભારંભ કરવામાં આવશે.

ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થાને સંપૂર્ણપણે ડિજિટલ અને પારદર્શક બનાવવા માટે અનેક લોકકલ્યાણકારી પ્રકલ્પોનો શુભારંભ કરવામાં આવશે. કાલે રવિવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ વિવિધ નવતર પ્રકલ્પોનો પ્રારંભ થશે.

સીબીડીસી આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા તેમજ ૧ કિ.ગ્રા પેકિંગમાં કઠોળ વિતરણ યોજના, ’સુપોષિત ગરુડેશ્વર તાલુકો’ અભિયાન તથા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવા વિવિધ પ્રકલ્પોનો મહાનુભાવોના હસ્તે પ્રારંભ થશે. વધુમાં, ગ્રાહકોના હિતોના રક્ષણ અને પારદર્શિતા વધારવા માટે Care Rating અને કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવશે, જેના દ્વારા રાજ્યમાં ’કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ’ અને વિવાદોના ઝડપી નિરાકરણ માટેની નવી વ્યવસ્થા અમલમાં આવશે.

સીબીડીસી આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા, “ ભારતીય રિઝર્વ બેંક દ્વારા અધિકૃત સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સીનો ઉપયોગ કરી જાહેર વિતરણ વ્યવસ્થામાં સબસિડી ટ્રાન્સફર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

પંજાબ નેશનલ બેંક દ્વારા વિકસિત આ સિસ્ટમાં



આધાર બેઝડ પ્રણાલીથી લાભાર્થીને તેમના ડિજિટલ વોલેટમાં ટોકન મળશે, જેમાં વસ્તુનું નામ, વજન અને કિંમતની જાણકારી હશે. સ્માર્ટફોન ધારકો કયુઆર કોડથી અને ફીચર ફોન ધારકો ઓટીપી દ્વારા અત્યાધુનિક પધ્ધતિથી અનાજ મેળવી શકશે.

આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ શહેરનો સાબરમતી ઝોન, સુરત, આણંદ અને વલસાડના ૨૬,૩૩૩ પરિવારોને આવરી લેવાયા છે.

રાજ્યના એનએફસીએ પરિવારોને પ્રોટીનયુક્ત આહાર પૂરો પાડવા માટે હવેથી તુવેરદાળ અને ચણાનું વિતરણ છૂટકને બદલે ૧ કિલોના સ્ટાન્ડર્ડ સીલ પેકિંગમાં કરાશે. જેનાથી શુધ્ધતા અને ગુણવત્તા જળવાઈ રહેશે.

બેંક એટીએમની જેમ જ ૨૪ કલાક અનાજ ઉપલબ્ધ કરાવવા માટે સાબરમતી ઝોન, અમદાવાદ ખાતે ’ગ્રેઈન એટીએમ’ શરૂ કરાશે.

માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધીનું અનાજ મેળવી શકાશે, જેનાથી વિતરણ વ્યવસ્થામાં સચોટતા અને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો પ્રસ્થાપિત થશે.

ગ્રાહક સુરક્ષા અને પારદર્શિતા માટે એમઓયુ થશે

ગ્રાહક હિતોના રક્ષણ માટે બે મહત્વના કરાર થશે.

જેમાં કેર રેટીંગ અને સાથે મળીને કંપનીઓના રેટિંગ માટે ’કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ’ તૈયાર કરાશે.

ખાદ્ય સુરક્ષાથી પોષણ સુરક્ષા તરફ ડગલું માંડતા, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા લિમિટેડના સીએસઆર ફંડમાંથી રૂ.૧.૬૫ કરોડના ખર્ચે નર્મદાના ગરુડેશ્વર તાલુકાને કુપોષણ મુક્ત કરવાનું અભિયાન શરૂ કરાશે.

આ પ્રોજેક્ટ હેઠળ બે મોડેલ (અનુ. આઠમા પાને)

**તુવેરદાળ અને ચણા લુઝ આપવાના બદલેએક કિલોના સ્ટાંડર્ડ સીલ પેકમાં મળશેઃ કાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સીબીડીસી આધારીત વિતરણ વ્યવસ્થાનો આરંભ**

# વિધાનસભાના બજેટ સત્રનો સોમવારથી આરંભઃ ૨૫ માર્ચ સુધી ચાલશે

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહમાં સંબોધન કરશેઃ બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ અંદાજપત્ર રજૂ કરશે

### સીએમ અને ડે. સીએમ હસ્તકના વિભાગોને લગતા જવાબો અન્ય મંત્રી આપશે

**વિધાનસભાના બજેટ સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વતી કયાં મંત્રીઓ જવાબ આપશે તે નક્કી કરી લેવામાં આવ્યું છે. સીએમ હસ્તકના વિભાગોનાં જવાબ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, અર્જુનભાઈ મોઢવાડિયા, ઈશ્વરસિંહ પટેલ અને સંજયભાઈ મહિડા જવાબ આપશે. જયારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના પ્રશ્નોના જવાબ મંત્રી કમલેશભાઈ પટેલ, પ્રવિણભાઈ માળી, કૌશિકભાઈ વેકરીયા અને જયરામભાઈ ગામીત આપશે.**

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં આગામી સોમવારથી બજેટ સત્રનો આરંભ થશે. જે ૨૫મી માર્ચ સુધી ચાલશે. બજેટ સત્રના આરંભ બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ગૃહમાં સંબોધન કરશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બુધવારે વર્ષ-૨૦૨૬/૨૦૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે.

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ.અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ.વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ.બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાનનો શોક ઠરાવ પ્રસાર કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવશે.

વિવિધ વિધેયકો મેજ પર મૂકવાની કામગીરી પૂર્ણ થયા બાદ ઉપાધ્યક્ષની ચૂંટણી યોજવામાં આવશે. જેમાં ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોરે આ સભાગૃહના સભ્ય શૈલેષ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે જયારે જીતુભાઈ વાઘાણી એવો ઠરાવ કરશે કે આ સભાગૃહના સભ્ય પૂર્ણેશ મોદીને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. કામકાજ સલાહકાર સમિતિના અગિયારમાં અહેવાલની રજૂઆત કરાશે.

નાણામંત્રી દ્વારા તા.૧૮મી ફેબ્રુઆરીના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે. વધારાના ખર્ચના પત્રકોઃ અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ના પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.

આ સત્ર તા.૧૬ થી તા.૨૫/૦૩ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે. જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે.

વિધાનસભાના કામકાજની વહેંચણી કરવામાં આવી છે.



રાજ્યપાલના સંબોધન પર ચર્ચાઃ ૩ બેઠકો, સરકારી કામકાજ અને વિધેયકોઃ ૪ બેઠકો, નાણાકીય કામકાજઃ કુલ ૧૮ બેઠકો રહેશે. જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માંગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે. બિનસરકારી કામકાજઃ ૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે. પ્રશ્નોત્તરી અને ટેકનોલોજીનો ઉપયોગ આ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોનું કામકાજ હાથ ધરવામાં આવશે. જેના માટે અધ્યક્ષ દ્વારા મંત્રીઓના પાંચ જૂથોની રચના કરવામાં આવી છે અને તારાંકિત પ્રશ્નોની સૂચના માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સભ્યોની સુવિધા માટે પ્રશ્નોની સૂચના ઓનલાઈન અથવા ઓફલાઈન એમ બંને માધ્યમથી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પૂર્ણેશ મોદી ચૂંટાઈ આવશે

**કોંગ્રેસ શૈલેષ પરમારને ફોર્મ ભરાવ્યું હોય પૂર્ણેશ મોદીની બિન હરિફ વરણી નહી થાય**

**ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ભાજપના ધારાસભ્ય અને પુર્વ મંત્રી પૂર્ણેશભાઈ મોદી ચૂંટાય આવશે કોંગ્રેસ શૈલેષભાઈ પરમારને ઉપાધ્યક્ષની ચૂંટણી માટે ફોર્મ ભરાવ્યું હોય પૂર્ણેશભાઈની બિન હરિફ વરણી થશે નહી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોર વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શૈલેષભાઈ પરમારની નિયુકતી કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરશે જેની સામે કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી ગૃહના ઉપાધ્યક્ષ તરીકે પુર્ણેશભાઈ મોદીના નામનો પ્રસ્તાવ મૂકશે. ભાજપ પાસે તોતીંગ બહુમતી હોય પૂર્ણેશ મોદી વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવશે.**

# સૌરાષ્ટ્ર - કચ્છના ૧૫ મામલતદારોની બદલીઃ ૪૨ ના. મામલતદારોના પ્રમોશન

## જસદણ, રાજકોટ (વેસ્ટ)ખંભાળીયા, ભાણવડ, અમરેલી (રૂરલ), રાણાવાવ, ચુડા, મુળી, બોટાદ, થાન, તાલાલા, ગીર સોમનાથ અને હળવદના મામલતદારની બદલી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છના ૧૫ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જયારે ૪૨ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયાના મામલતદાર સુરેશ દેસાઈની, સાવરકુંડલામાં, ભાણવડના મામલતદાર વાય.પી.ગઢવીની ખંભાળીયામાં, અમરેલી (રૂરલ) ના વિક્રમ વરૂની ભાણવડ ખાતે, રાણાવાવના જીતેન્દ્ર ડાભીની જુનાગઢમાં, પોરબંદરના ઈલેકશન મામલતદાર એચ.એન. પરમારની રાણાવાવમાં ચુડાના એસ.સી. બેન્જામીનની ગાંધીનગરમાં, બોટાદના મુકેશકુમારની અમદાવાદમાં, થાનના નીલેશકુમાર પટેલની પાટણમાં, તાલાલાના સી.જી. ચુડાસમાની અમરેલીમાં, ગીર સોમનાથના સંજયકુમાર બારિયાની વેરાવળ (રૂરલ) ખાતે, જસદણના આઈ.જી. ઝાલાની પોરબંદર ખાતે, સુરેન્દ્રનગરના ચીટનીસ મયંકકુમાર દવેની મોરબી ખાતે રાજકોટ (વેસ્ટ)ના મામલતદાર અજીતકુમાર જોશીની જુનાગઢમાં જાુડા ખાતે મુળીના પારૂલબેન શાહની મોરબી ખાતે અને મોરબી જિલ્લાના હળવદના મામલતદાર અલકેશકુમાર ભટ્ટની

જેસરના મામલતદાર તરીકે બદલી કરાય છે. જયારે જે ૧૬૫ નાયબ મામલતદારને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. તેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૨ નાયબ મામલતદારોનો સમાવેશ થાય છે.

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ૩૭ મામલતદારોની બદલી કરવામાં આવી છે જયારે ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવી છે.

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફારો કરતાં રાજ્યભરમાં ૩૭ મામલતદારોની બદલીના આદેશ જાહેર કર્યા છે. સાથે જ ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. આ અંગે સચિવાલય, ગાંધીનગરથી સત્તાવાર આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.માહિતી અનુસાર, બદલાતા વહીવટી જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં કામગીરી વધુ અસરકારક બને તે હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા મામલતદારોને અન્ય તાલુકા તથા જિલ્લામાં બદલી આપવામાં આવી છે. ખાસ કરીને વહીવટી કામગીરી, આપત્તિ વ્યવસ્થાપન, ચૂંટણી શાખા અને અર્બન ડેવલપમેન્ટ સંબંધિત કચેરીઓમાં પણ નિયુક્તિઓ કરવામાં આવી છે.૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે (અનુ. આઠમા પાને)





